૨૦૪ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 159 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 July 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૭ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતે પહેલી વાર એજબૅસ્ટનનો ગઢ જીત્યોઃ ઈંગ્લૅન્ડને ૩૩૬ રનથી કચડ્યું

## ▶ બર્મિંગમમાં ૫૮ વર્ષે વિજય મેળવનારી પ્રથમ એશિયન ટીમ

## ▶ આકાશ દીપની ૯૯ રનમાં છ વિકેટ, મૅચમાં કુલ ૧૦ વિકેટ

એજબૅસ્ટનઃ ભારતે શુભમન ગિલની નવી કૅપ્ટન્સીમાં બર્મિંગમના એજબૅસ્ટનમાં પહેલી વાર ટેસ્ટમાં વિજય મેળવીને બ્રિટિશરોનું નાક કાપી નાખ્યું છે. ભારત આ સ્થળે ૫૮મે વર્ષે પ્રથમ વાર જીત મેળવી છે. બેન સ્ટૉક્સની ટીમ ૬૦૮ રનના તોતિંગ લક્ષ્યાંક સામે ૨૭૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં ભારતનો ૩૩૬ રનના વિક્રમજનક માર્જિનથી વિજય થયો હતો. જસપ્રીત બુમરાહના સ્થાને રમાડવામાં આવેલો આકાશ દીપ આ જીતનો સુપરસ્ટાર હતો. તેણે બીજા દાવમાં ૯૯ રનમાં છ વિકેટ લીધી હતી. પ્રથમ દાવની ચાર વિકેટ ગણતાં તેણે મૅચમાં કુલ ૧૦ વિકેટની વિરલ સિદ્ધિ મેળવી હતી. સુકાની ગિલ (૨૬૯ રન અને ૧૬૧ રન)નું પણ આ જીતમાં સૌથી મોટું યોગદાન હતું.

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે ૯૩ વર્ષથી ટેસ્ટ-ક્રિકેટ રમાય છે અને આ વખતની મૅચમાં જે કુલ ૧,૬૯૨ રન થયા એ આ બે દેશ વચ્ચેની પ્રત્યેક ટેસ્ટ-મૅચમાં થયેલા કુલ રનના રેકૉર્ડમાં હાઇએસ્ટ છે.

વિદેશી ધરતી પર રનના માર્જિનની ગણતરીએ ભારતની આ સર્વશ્રેષ્ઠ જીત છે.

આકાશ દીપ ઇંગ્લૅન્ડમાં એક ટેસ્ટમાં ૧૦ વિકેટ લેનાર (૩૯ વર્ષ પછીનો) બીજો ભારતીય બોલર બન્યો છે. તેણે ચેતન શર્માની બરાબરી કરી છે. ચેતન શર્માએ ૧૯૮૬માં એજબૅસ્ટનની જ ટેસ્ટમાં ૧૮૮ રનમાં કુલ ૧૦ વિકેટ લીધી હતી. આકાશે ૧૦ વિકેટ ૧૮૭ રનમાં મેળવી છે.

એજબૅસ્ટનમાં ભારત આ પહેલાં જે આઠ ટેસ્ટ રમ્યું હતું એમાંથી સાતમાં હાર્યું હતું અને એક ટેસ્ટ ડ્રૉ થઈ હતી. જોકે

(જુઓ પાનું ૨) ▶▶



**આકાશનો ‘દસ કા દમ’:** પેસ બોલર આકાશ દીપે ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટ લીધી હતી. તેણે પ્રથમ દાવની ચાર વિકેટ બાદ રવિવારે બીજા દાવમાં પાંચમી વિકેટ લીધી ત્યારે બૉલ બતાવીને અભિવાદન ઝીલ્યું હતું અને મૅચની અંતિમ વિકેટ પણ લઈને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. (એપી/પીટીઆઇ)

# તાપીથી ભાવનગર સુધી અષાઢી માહોલઃ ૧૭૬ તાલુકામાં વરસાદ, શેત્રુંજી ડેમ ઓવરફ્લો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદની આગાહીને પગલે રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ પડ્યો હતો. છઠ્ઠી જુલાઇના રોજ મેઘરાજાએ દક્ષિણ ગુજરાતને મેઘરાજાએ ધમરોળ્યું હતું. સાંજે છ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૭૬ તાલુકામાં વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ તાપીના ડોલવણમાં ૬.૧૦ ઇંચ વરસાદ પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે તાપી જિલ્લામાં આ વર્ષે ચોમાસાના પ્રારંભે જ સારા પ્રમાણમાં વરસાદ પડ્યો હતો. આ વર્ષે જૂન મહિનામાં પડેલા ધોધમાર વરસાદે છેલ્લાં દસ વર્ષનો રેકર્ડ તોડી નાખ્યો હતો અને સીઝનની શરૂઆતમાં જ લગભગ ૩૭ ટકા વરસાદ વરસી ગયો છે.

સ્ટેટ ઇમરજન્સી સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર ૬ જુલાઇના રોજ સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૭૬ તાલુકામાં વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ તાપીના ડોલવણમાં ૬.૧૦ ઇંચ વરસાદ પડ્યો હતો, જ્યારે સુરતના બારડોલીમાં ૪.૯૨ ઇંચ, ડાંગના સુબીરમાં ૪.૮૦ ઇંચ, સુરતના પલસાણામાં ૪.૪૫ ઇંચ, ભાવનગરના વલ્લભીપુરમાં ૪.૦૯ ઇંચ, તાપીના વ્યારામાં ૩.૬૬ ઇંચ, નવસારીના વાંસદામાં ૩.૫૪ ઇંચ તેમ જ તાપીના સોનગઢમાં ૩.૦૭ ઇંચ વરસાદ પડ્યો હતો.

તે ઉપરાંત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ અને સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ જિલ્લામાં વરસાદ પડ્યો હતો. ભાવનગર, વાલોડ, વઘઇ, સુરત શહેર, નવસારી, શિહોર, ચિખલી, બાબરા, ગઢડા, મહુવા, ઘોઘા, મેઘરજ, ગણદેવી સહિત રાજ્યના ૨૨ તાલુકામાં બે ઇંચથી વધુ ત્રણ ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે આવેલો સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ ફરી એકવાર ૧૦૦ ટકા ભરાઈને છલકાઈ ગયો હતો. ડેમ ભરાઈ જતાં, પાણીના નિયમન માટે તેના ૫૯ દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા.

આ દરમિયાન અમદાવાદમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. દિવસે અમુક વિસ્તારોમાં ઝરમર વરસાદ બાદ સાંજે શહેરમાં વરસાદ શરૂ થયો હતો. શહેરમાં ચાર કલાકમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો અને શહેરના પૂર્વ વિસ્તારમાં બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. પૂર્વ વિસ્તારમાં આ સામાન્ય વરસાદમાં જ પાણી ભરાયા હતા.■

# ભારત-આર્જેન્ટિના સંરક્ષણ, ખનિજ, ઔષધ, ઊર્જા ક્ષેત્રે સહકાર વધારશે

બ્યુએનોસ એરિસઃ ભારત અને આર્જેન્ટિનાએ સંરક્ષણ, ખનિજ, ઔષધ, ઊર્જા, રમત, ખાણકામ (ખનન)ના ક્ષેત્રે દ્વિપક્ષી સહકાર વધારવા માટે રવિવારે સંમતિ સાધી હતી.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને આર્જેન્ટિના વચ્ચેના દ્વિપક્ષી સંબંધ નવી ઊંચાઇએ પહોંચવાની આશા વ્યક્ત કરી હતી.

મોદીએ આર્જેન્ટિનાના પ્રમુખ જેવિયર મિલેઇની સાથે વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓ દ્વારા નિર્દોષ લોકોની કરાયેલી હત્યા વખતે આર્જેન્ટિનાએ ભારતને અને તેની ત્રાસવાદ-વિરોધી કાર્યવાહીને ટેકો આપ્યો હતો અને મોદીએ તે બદલ તેના પ્રમુખનો આભાર માન્યો હતો.

મોદીએ આર્જેન્ટિનાના પ્રમુખ સાથેની મંત્રણા બાદ

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીને આર્જેન્ટિનાની રાજધાનીની ‘ચાવી’ આપી સન્માન કરાયું

બ્યુએનોસ એરિસઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આર્જેન્ટિનાની રાજધાની બ્યુએનોસ એરિસની ‘ચાવી’ આપીને તેમનું સન્માન કરાયું હતું. મોદીને વિશ્વાસ અને મિત્રતાના પ્રતીકરૂપ આ ચાવી બ્યુએનોસ એરિસ શહેરની સરકાર (વહીવટીતંત્ર)ના વડા જ્યોર્જ મેક્રીએ આપી હતી.

ભારતના વડા પ્રધાન આર્જેન્ટિનાની રાજધાનીના બે દિવસના પ્રવાસે આવ્યા હતા. તેઓ શુક્રવારે દક્ષિણ અમેરિકાના આ રાષ્ટ્રની મુલાકાતે આવી પહોંચ્યા હતા. મોદી હાલમાં પાંચ દેશના પ્રવાસે છે અને તેમાં આર્જેન્ટિના ચોથો દેશ છે. (એજન્સી)■

# ઈલૉન મસ્કે અમેરિકામાં નવો રાજકીય પક્ષ રચ્યો

ન્યૂ યોર્કઃ અમેરિકાના ટૅક્નોલૉજી ક્ષેત્રના અબજોપતિ ઉદ્યોગપતિ ઇલૉન મસ્કે નવો રાજકીય પક્ષ રચવાની જાહેરાત કરી હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેના સંબંધ બગડ્યા તે પછી ઇલૉન મસ્કે સોશિયલ મીડિયા ‘એક્સ’ પર સંબંધિત જાહેરાત કરતા જણાવ્યું હતું કે મેં દેશમાંની બે રાજકીય પક્ષની સિસ્ટમને પડકારવા માટે ‘અમેરિકા પાર્ટી’ નામના ત્રીજા પક્ષની રચના કરી છે. મેં અમેરિકાની જનતાને ‘સ્વતંત્રતા’ ખરા અર્થમાં પાછી અપાવવા માટે આ નવો પક્ષ રચ્યો છે.

આમ છતાં, ઇલૉન મસ્કે પોતાના રાજકીય પક્ષની નોંધણી ક્યાં કરાવી છે? તેની માહિતી શરૂઆતમાં નહોતી આપી. અમેરિકામાં નવો રાજકીય પક્ષ રચવા તેની ચૂંટણી પંચ (ફેડરલ ઇલેક્શન કમિશન) પાસે નોંધણી કરાવવી જરૂરી છે.

ઇલૉન મસ્કે અમેરિકાના પ્રમુખપદની ૨૦૨૪ની ચૂંટણીમાં ડોનલ્ડ ટ્રમ્પને સૌથી મોટું વ્યક્તિગત દાન આપ્યું હતું, પરંતુ ટ્રમ્પે તાજેતરમાં ઘડેલા ‘બિગ બ્યૂટિફૂલ ટૅક્સ’ના કાયદાનો તેમણે જોરદાર વિરોધ કર્યો

(જુઓ પાનું ૨) ▶▶

# હિમાચલ પ્રદેશમાં ફરી મેઘતાંડવનો ભયઃ ત્રણ જિલ્લામાં રેડ ઍલર્ટ

શિમલા : હિમાચલ પ્રદેશના ત્રણ જિલ્લા કાંગરા, મંડી અને સિરમૌરમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન ખાતાએ આગાહી કરતા આ ત્રણેય જિલ્લાના વહીવટીતંત્રને સાબદું કરવામાં આવ્યું છે. હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન સુખવિન્દર સિંહ સુકુએ શનિવારે કહ્યું હતું કે રાજ્ય સરકાર કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ છે. અમે તૈયાર છીએ એવો સંદેશો તેમણે આપ્યો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર (એસઈઓસી)ના જણાવ્યા પ્રમાણે વરસાદને લીધે અત્યાર સુધી ૫૬૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જોકે મુખ્ય પ્રધાને કહ્યુ હતું કે હજી માહિતી ભેગી કરવામાં આવી રહી હોવાથી આ નુકસાનનો આંકડો ૭૦૦ કરોડ રૂપિયાની નજીક હોઈ શકે.

સ્થાનિક હવામાન કચેરીએ કાંગરા, મંડી અને સિરમૌરમાં અતિ ભારેથી ભયંકર ભારે વરસાદની આગાહી કરી છે. બીજા સાત જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આમાં કિન્નોર અને લાહૌલ અને સ્પિટીના આદિવાસી જિલ્લા અપવાદ છે. મંડી જિલ્લાના પાધર વિસ્તારના શિલભજાની ગામના સ્વાદ નાલામાં વાદળ ફાટવાને પગલે લિન્ક રોડ અને નાના પૂલ તણાઈ ગયા છે. જોકે કોઈ જાનહાનિ થઈ નથી.

૨૦ જૂને ચોમાસું બેઠું ત્યાર બાદ રાજ્યમાં ૭૪ મરણ નોંધાયા છે. આમાં ૪૭ મરણ વાદળા ફાટવા,

(જુઓ પાનું ૨) ▶▶

# દેશના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ આઠ મહિનાથી સત્તાવાર બંગલો ખાલી નથી કરતા

## સુપ્રીમ કોર્ટે ચંદ્રચૂડ સામે પગલાં લેવા પત્ર લખ્યો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે એક અસામાન્ય પગલું લઇને કેન્દ્રને અહીંના કૃષ્ણ મેનન માર્ગ પર આવેલું દેશના મુખ્ય ન્યાયાધીશનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરાવવા વિનંતિ કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે દેશના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ આ ઘર તેમની મુદત પૂરી થઇ ગઇ હોવા છતાં અંદાજે આઠ મહિનાથી ખાલી નથી કરતા.

સર્વોચ્ચ અદાલતના વહીવટીતંત્રે રહેઠાણ અને શહેરી બાબતોને લગતા મંત્રાલયને આ સંબંધમાં વિનંતિ કરતો પત્ર પહેલી જુલાઇએ લખ્યો હતો.

તેણે પત્રમાં લખ્યું હતું કે દેશના મુખ્ય ન્યાયાધીશ માટેનો કૃષ્ણ મેનન માર્ગ પરનો પાંચમા નંબરનો સત્તાવાર બંગલો ખાલી કરાવીને તે સર્વોચ્ચ અદાલતને પાછો સોંપવો જોઇએ. હાલમાં આ ઘરમાં ચંદ્રચૂડ રહે છે.

સર્વોચ્ચ અદાલતના વહીવટીતંત્રે રહેઠાણ અને શહેરી બાબતોને લગતા મંત્રાલયના સચિવને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે નિવૃત્ત ચંદ્રચૂડ પાસેથી

(જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકાના ટૅક્સાસના પૂરમાં મૃત્યુઆંક ૫૧નો થયોઃ હજી ૨૭ છોકરી લાપતા



**પૂરઃ** અમેરિકાના ટૅક્સાસમાં આવેલા પૂરે વેરેલો વિનાશ. ટૅક્સાસમાં આવેલા પૂરમાં ઓછામાં ઓછા ૫૧ લોકો માર્યાં ગયાં હતાં અને આશરે ૨૭ છોકરી લાપતા થઇ હતી. આ કુદરતી આફતનો મરણાંક ઘણો વધવાની ભીતિ છે.

કેરવિલે (અમેરિકા): મધ્ય ટૅક્સાસમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૫૧ જણે જાન ગુમાવ્યો હતો અને અન્ય ૨૭ છોકરી ગુમ થઇ છે. મરણાંક ઘણો જ વધવાની ભીતિ છે.

કેર કાઉન્ટીના પૂરમાં ૧૫ બાળક સહિત ઓછામાં ઓછા ૪૩ જણ માર્યા ગયા હતા. તેની આસપાસના કેટલાક પરગણામાં પણ જાનમાલને ભારે હાનિ થઇ હતી.

કેર કાઉન્ટીમાં કેમ્પના સ્થળે આવેલા પૂરમાં અનેક બાળકો તણાઇ ગયાં હતાં. ગુઆડાલુપે નદીમાં માત્ર ૪૫ મિનિટમાં જળસ્તર ૨૬ ફૂટ (આઠ મીટર) જેટલું વધી ગયું હતું અને પૂરમાં અનેક ઘર તેમ જ વાહનો તણાઇ ગયાં હતાં.

સેન એન્ટોનિયો અને તેની આસપાસ નવેસરથી પૂર આવવાની ચેતવણી અપાઇ હતી.

ગુમ થયેલા લોકોને શોધવા માટે હેલિકૉપ્ટરો, હોડીઓ અને ડ્રોન્સની મદદ લેવાઇ રહી છે.

પૂરના પાણી અનેક રસ્તા પર ફરી વળ્યાં છે અને ઘણાં વૃક્ષો પડી ગયાં છે.

મધ્ય ટૅક્સાસના ગુઆડાલુપે નદીની

(જુઓ પાનું ૨) ▶▶

# વિશ્વ યુદ્ધ ગમે ત્યારે થઇ શકે છેઃ ગડકરી

નાગપુરઃ કેન્દ્રના પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે દુનિયામાં રશિયા - યુક્રેન અને ઇઝરાયલ - ઇરાન વચ્ચેની લડાઇ ગમે ત્યારે વિશ્વ યુદ્ધનું સ્વરૂપ ધારણ કરી શકે છે.

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો માટેના મંત્રાલયના કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે દુનિયામાં વિવિધ દેશો વચ્ચે સંકલન, એખલાસ અને પ્રેમનો અભાવ વધી રહ્યો છે. અનેક નાના-મોટા દેશો એકબીજા સાથે લડી રહ્યા છે.

નીતિન ગડકરીએ ‘બિયૉન્ડ બોર્ડર્સ’ નામના પુસ્તકના વિમોચનના કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે બુદ્ધની ભૂમિ ભારત વિશ્વને

(જુઓ પાનું ૨) ▶▶

# બંકરમાંથી બહાર નીકળ્યા ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનેઈ

## ઈઝરાયલ યુદ્ધ બાદ પ્રથમવાર જાહેરમાં જોવા મળ્યા

તહેરાન : ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈ શનિવારે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ પછી પહેલી વાર જાહેરમાં દેખાયા હતા. તેમણે એક શોક સમારોહમાં હાજરી આપી હતી. યુદ્ધ દરમિયાન ખામેનેઈની ગેરહાજરીથી જાણ થતી હતી કે ઈરાની નેતા બંકરમાં છૂપાયેલા હતા. ઈરાનમાં શનિવારે સરકારી ટીવીએ તેમને સૂત્રોચ્ચાર કરતી ભીડ સામે દર્શાવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. અમેરિકાએ ઈરાનમાં ત્રણ મુખ્ય પરમાણુ મથકો પર બૉમ્બમારો કર્યા પછી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ૮૬ વર્ષીય ખામેનેઈને ચેતવણી આપી હતી કે અમેરિકા જાણે છે કે તે ક્યાં છે, પરંતુ તેમને મારવાની કોઈ યોજના નથી. ઓછામાં ઓછું હમણાં તો નહીં.

ખામેનેઈએ ૨૬ જૂને યુદ્ધવિરામ શરૂ

(જુઓ પાનું ૨) ▶▶

# કર્ણાટકના શિવમોગામાં દેવતાઓની મૂર્તિઓની તોડફોડથી તણાવ

શિવમોગાઃ કર્ણાટકના શિવમોગાના રાગ્ગીગુડ્ડા વિસ્તારના બાંગરપ્પા લેઆઉટ વિસ્તારમાં અજાણ્યા બદમાશો દ્વારા ગણેશ અને નાગાની મૂર્તિઓની તોડફોડ કરવામાં આવ્યા બાદ તણાવ ફેલાયો હતો. આ માહિતી પોલીસ સૂત્રોએ આપી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાગા મૂર્તિ રસ્તાની બાજુમાં આવેલા નાળામાં પડી ગઇ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના જિલ્લા મુખ્યાલય શહેર શિવમોગાના

(જુઓ પાનું ૨) ▶▶

# હિઝબુલ્લાના વડા સામે સરહદપાર ડ્રગ્સ દાણચોરી કેસમાં તહોમતનામું

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરની સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈએ)એ અહીંના માદકદ્રવ્ય-આતંકવાદ કેસમાં હિજબુલ મૂજાહીદ્દીનના પાકિસ્તાનસ્થિત વડા સૈયદ મોહમ્મદ યુસુફ શાહ ઉર્ફે સૈયદ સલાહુદ્દીન સહિત ૧૧ આરોપી સામે તહોમતનામું નોંધાવ્યું છે.

અધિકારીઓએ માહિતી આપી હતી કે આ કેસ એસઆઈએએ જમ્મુમાં ૨૦૨૨માં નોંધાવ્યો હતો. એજન્સીના પ્રવકતાએ કહ્યું હતું કે તપાસમાં ઘટસ્ફોટ થયો હતો કે આતંકવાદીના સાગરીત અને કુરિયરની સુઆયોજિત નેટવર્ક કેફીદ્રવ્યોની દાણચોરી કરીને અને આતંકવાદી પ્રવૃત્તિ માટે ભંડોળ ઊભું કરીને પ્રતિબંધિત સંગઠનને મદદ કરે છે.

આરોપનામામાં મધ્ય કાશ્મીરના બડગામના સિબુઘ ગામના રહેવાસી સલાહુદ્દીન ઉપરાંત હિજબુલના બીજા આતંકવાદી અને બડગામના ખાન સાહિબ વિસ્તારના બશરત અહમદ ભટનું નામ છે.

પાકિસ્તાનના રાવલપિંડીમાંથી સંચાલન કરે છે. આરોપનામામાં રાજોરીના ખાલિદ હુસૈન, પૂંચના મોહમ્મદ શોકિત, બડગમના જાવિદ અહમદ રાથેર. શ્રીનગરના આસીફ રેહમાન રેશી અને હરપ્રિત સિંહ, ચૈન સિંહ, જમ્મુના શહીલ કુમાર અને સમદીપક સિંહનાં નામો છે.

એસઆઈએએ કહ્યું હતું કે તપાસમાં માલૂમ પડ્યું હતું કે આખું કૌભાંડ પદ્ધતિસર મોડસ ઓપરેન્ડીથી કરાય છે. માદકદ્રવ્યો

(જુઓ પાનું ૨) ▶▶

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપના લાભાર્થે ચિરાગ નીતીશનો ખેલ બગાડી શકે

**બિહારમાં** વિધાનસભાની ચૂંટણી આડે ગણીને મહિના બચ્યા છે ત્યારે જ કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને દાવ કરી નાખ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારમાં મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (એલજેપી-રામવિલાસ)ના મુખિયા ચિરાગ પાસવાને એલાન કર્યું છે કે, બિહાર વિધાનસભાની તમામ ૨૪૩ બેઠક પર પોતાની પાર્ટી ઉમેદવાર ઊભા રાખશે. બિહારની રાજધાની પટણામાં રવિવારે નવ સંકલ્પ મહાસભાને સંબોધન કરતાં ચિરાગે એલાન કર્યું કે, બિહારના હિતમાં પોતે બધી બેઠકો પર ઉમેદવારો ઊભા રાખશે. બિહારમાં હમણાં મગધ હોસ્પિટલના માલિક ગોપાલ ખેમકાની હત્યાનો મુદ્દો ગાજી રહ્યો છે. ચિરાગે આ મુદ્દે પોતાની જ સરકારની ઝાટકણી પણ કાઢી.

બિહારમાં અત્યારે એનડીએની સરકાર છે કે જેમાં ભાજપ અને જેડીયુ સિવાય ચિરાગની એલજેપી, જીતનરામ માંઝીની હમ સહિતના પક્ષો ભાગીદાર છે. આ બધા પક્ષો એક થઈને ચૂંટણી લડશે એવું સૌએ માની લીધેલું ત્યાં જ ચિરાગે ધડાકો કરી દીધો. ચિરાગના ધડાકાથી ભાજપ અને જેડીયુ ચિંતામાં પડી ગયા છે એવા દાવા થઈ રહ્યા છે પણ વાસ્તવમાં ચિરાગની જાહેરાત પાછળ ભાજપ હોવાની પૂરી શક્યતા છે.

ચિરાગ પાસવાન ભાજપના લાભાર્થે આ પ્રકારનાં નાટકો કરવા માટે જાણીતા છે. વિધાનસભા કે લોકસભાની ચૂંટણી આવે ત્યારે વધારે બેઠકો માગવા માટે માથું ઊંચકવાનો દાવ બધા રાજકીય પક્ષો અજમાવતા હોય છે. ચિરાગ પણ એ જ નાટકો કરી રહ્યો છે એવું ઘણાંને લાગે છે પણ ચિરાગનો ઈરાદો વધારે બેઠકો મેળવવાનો નહીં પણ નીતીશને કરદ પ્રમાણે વેતરવામાં ભાજપની મદદ કરવાનો છે.

ચિરાગ પાસવાને બિહારની ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણી વખતે પણ આ ખેલ કર્યો હતો અને એનડીએથી અલગ થઈને ચૂંટણી પણ લડ્યા હતા. એ વખતે રામવિલાસ પાસવાન જીવતા હતા પણ રામવિલાસે દીકરા ચિરાગને એલજેપીનો પ્રમુખ બનાવી દીધો હતો. પાસવાન પરવારી ગયા હતા ને તબિયત ખરાબ હોવાથી લાંબા સમયથી સક્રિય નહોતા. છેલ્લા કેટલાક દિવસોથી તે હોસ્પિટલમાં હોવાથી લોક જનશક્તિ પાર્ટી તેમના દીકરા ચિરાગ પાસવાનને સોંપી દીધી હતી.

ચિરાગે બહુ પહેલાંથી નીતીશ કુમાર સામે મોરચો માંડી દીધેલો તેથી નીતીશ વિરોધી નિવેદનો કર્યા કરતા હતા. ચૂંટણીના લગભગ મહિના પહેલાં જ રામવિલાસ પાસવાનની હાજરીમાં લોક જનશક્તિ પાર્ટી (એલજેપી)એ નીતિશ કુમારની જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) સામે લડવાનું એલાન કરેલું. ચિરાગે એ વખતે કહેલું કે, પોતાને ભાજપ સામે વાંધો નથી અને પોતે નરેન્દ્ર મોદીના હનુમાન છે પણ નીતીશ કુમારના કુશાસનને ફગાવી દેવા માગે છે તેથી નીતીશની સામે ચૂંટણી લડશે.

આ જાહેરાતના ત્રણ દિવસમાં જ રામવિલાસ પાસવાનનું નિધન થતાં બિહારની ચૂંટણીનાં સમીકરણ બદલાઈ જશે ને ચિરાગ પાસવાનને પિતાના મોતની સહાનુભૂતિનો લાભ મળશે એવી વાતો ચાલી હતી. ચિરાગ પણ આ વાતોમાં આવી ગયેલો તેથી મચક ના આપી અને ધરાર ચૂંટણી લડ્યો તેમાં એલજેપી સાવ ધોવાઈ ગયેલી. એલજેપીને ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક નહોતી મળી. એ વખતે નીતીશની જેડીયુને માત્ર ૪૩ બેઠકો મળેલી તેથી ચિરાગે નીતીશનો ખેલ બગાડ્યો એવી વાતો કરીને ચિરાગના સમર્થકોએ સંતોષ માનવો પડેલો પણ આ સંતોષ વાંઝિયો હતો. કારણ એ કે, ૪૩ બેઠક છતાં મુખ્ય પ્રધાન તો નીતીશ જ બન્યા હતા ને છેલ્લાં પાંચ વર્ષથી મુખ્ય પ્રધાનપદે છે. ટૂંકમાં ચિરાગ નીતિશનું કશું બગાડી શક્યા નહોતા.

ચિરાગ અત્યારે ફરી નીતીશનો ખેલ બગાડવા મેદાનમાં આવ્યા હોય એવું બની શકે. બિહારમાં ભાજપ નીતિશને કોરાણે મૂકીને પોતાની સરકાર રચવા માગે છે પણ મહાખેલાડી નીતીશ ફાવવા નથી દેતા ને ભાજપને પણ સ્પષ્ટ બહુમતી માટે જરૂરી બેઠકો મળતી નથી. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠક છે અને છેલ્લી ચૂંટણીમાં ભાજપ ૧૨૧ અને જેડીયુ ૧૨૨ બેઠક પર ચૂંટણી લડ્યા હતા. આ વખતે પણ મોટા ભાગે આ પ્રકારની જ ગોઠવણ થશે. છેલ્લી ચૂંટણીમાં ભાજપે વીઆઈપી પાર્ટીને પોતાના ક્વોટામાંથી ને નીતિશે માંઝીની પોતાના ક્વોટામાંથી બેઠકો આપેલી. ભાજપ પછી વીઆઈપી પાર્ટીને ગળી ગયો તેમાં મુકેશ સાહની નવરા થઈ ગયા પણ માંઝી હજુ અડીખમ છે તેથી ભાજપે તેમને પણ બેઠકો આપવી પડશે.

અત્યારે જે ગોઠવણ છે તેમાં ભાજપ પોતાની તાકાત પર સ્પષ્ટ બહુમતી ના મેળવી શકે કેમ કે બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠકમાંથી સ્પષ્ટ બહુમતી માટે ૧૨૨ બેઠક જોઈએ ને ભાજપ ૧૨૨ બેઠક પર તો લડતો પણ નથી. ભાજપ જોર કરીને ૯૦ કે ૧૦૦ બેઠક પણ જીત શકે કેમ કે ભાજપ પાસે સવર્ણોની ૧૫ ટકાની મજબૂત મતબેંક છે. સવર્ણોમાં ભૂમિહાર છ ટકા, બ્રાહ્મણો પાંચ ટકા, રાજપૂતો ત્રણ ટકા અને કાયસ્થ એક ટકા છે.

ભૂમિહારો ગુજરાતના પટેલો જેવી જ્ઞાતિ છે. એક જમાનામાં આ મતબેંક કૉંગ્રેસની હતી પણ ભાજપે રામમંદિરનો નાદ જગાવ્યો પછી સવર્ણો સાગમટે ભાજપ ભણી વળ્યા છે. બીજા પક્ષો તૂટીને ત્રણ થઈ ગયા પણ આ મતબેંકના કાંગરા સુધ્ધાં નથી ખેરવી શક્યા. . બિહારમાં સવર્ણોનું રક્ષણ કરવા માટે રણવીર સેના બનેલી. આ રણવીર સેના ભાજપની તરફેણમાં છે. નીતીશે સવર્ણોને પોતાની તરફ વાળવા બહુ ઉધામા કરેલા પણ આ મતબેંક ભાજપને વફાદાર છે. ભાજપને સવર્ણોની મતબેંક ઉપરાંત જેડીયુના મતદારો પણ મત આપશે કેમ કે ભાજપે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનો દાવ ખેલીને ઓબીસીને ખુશ કર્યા છે.

આ બધાં કારણોસર ભાજપ સારી બેઠકો જીતી જાય છતાં એકલા હાથે સ્પષ્ટ બહુમતી જેટલી બેઠકો ના થાય એટલે તેમણે ચિરાગ પાસવાનને મેદાનમાં ઉતાર્યાનું મનાય છે. ભાજપ ૯૦ બેઠકો જીતે તો સરકાર રચવા તેને બીજા ૩૨ સભ્યનો ટેકો જોઈએ અને ૧૦૦ બેઠક જીતે તો ૨૨ બેઠક જોઈએ. ભાજપને લાગે છે કે, ચિરાગ પાસવાન આ ૨૦-૩૦ બેઠકો જીતી લાવી શકે તેમ છે કેમ કે ચિરાગ પાસે મોટી દલિત મતબેંક છે.

બિહારમાં દલિતોની વસતી ૧૬ ટકા છે. નીતીશે ચાલાકી બતાવીને દલિતોમાં મહાદલિતનો ફાંટો પડાવી દીધો પછી પાસવાન અને દુસાધ બે જ જ્ઞાતિ દલિતમાં રહી ગઈ છે. અલબત્ત તેમની વસતી છ ટકાની આસપાસ છે. ચિરાગ પાસવાન માટે છ ટકા મતોના જોરે ૨૦ બેઠક જીતી શકે છે ને બધી બેઠક પર ઉમેદવારો ઊભા રાખીને નીતીશનો ખેલ પણ બગાડી શકે છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ પ્રારંભ, સોમવાર, તા. ૭-૭-૨૦૨૫,વામન પૂજા

- ભારતીય દિનાંક ૧૬, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૧૧ સુધી, પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૧-૧૮
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૮ મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૮ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭,
- 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુકલ - દ્વાદશી. વામન પૂજા, ગુરુ પૂર્વોદય, વિંછુડો. સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુમાં વાહન અશ્વ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ-ચંદ્રદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, પરદેશગમનનું પસ્તાનું, મુંડન કરાવવું નહિ, પ્રયાણ શુભ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવ વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન-વેપાર ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સ્થાવર લેવડદેવડ, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ ધીરગંભીર, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા, ચંદ્ર-બુધ ત્રિકોણ વિચારો ફર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૮), બુધ આશ્લેષા પ્રવેશ. ચંદ્ર-જયેષ્ઠા યુતિ, ગુરુનો પૂર્વમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## ઉત્તર પ્રદેશમાં ધર્મપરિવર્તન કરાવતી ગૅંગના માસ્ટરમાઈન્ડની ધરપકડ

લખનઊઃ ઉત્તર પ્રદેશ પોલીસની એન્ટી ટેરરિસ્ટ સ્ક્વૉડે ધર્મ પરિવર્તન કરાવતી ગેંગના કથિત માસ્ટરમાઇન્ડને તેના સહયોગી સાથે ધરપકડ કરી હતી. શનિવારે એક સત્તાવાર નિવેદનમાં પોલીસે કહ્યું હતું કે જલાલુદ્દીન ઉર્ફે છાંગુર બાબા અને સહ-આરોપી નીતુ ઉર્ફે નસરીન બલરામપુર જિલ્લાના મધપુરના રહેવાસી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જલાલુદ્દીન સામે કોર્ટે બિન-જામીનપાત્ર વોરંટ જાહેર કર્યું હતું, જ્યારે પોલીસે તેની ધરપકડ માટે ૫૦,૦૦૦ રૂપિયાનું રોકડ ઇનામ જાહેર કર્યું હતું. બંનેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમના રિમાન્ડ મેળવ્યા બાદ લખનઊ જિલ્લા જેલમાં મોકલવામાં આવ્યા હતા.

લખનઊના ગોમતીનગરના એક પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા અને ઉત્તર પ્રદેશ ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૧ની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા આ કેસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આરોપીએ હિન્દુ અને બિન-મુસ્લિમ સમુદાયોના વ્યક્તિઓને ઇસ્લામમાં પરિવર્તન કરવા માટે સંગઠિત રીતે કાર્ય કર્યું હતું.

નિવેદનમાં જણાવાયું છે કે, ''ગરીબ, લાચાર મજૂરો, નબળા વર્ગો અને વિધવા મહિલાઓને લાલચ, નાણાકીય સહાય, લગ્નનાં વચનો અથવા ધાકધમકીથી ધર્મ પરિવર્તન કરવા માટે મજબૂર કરતો હતો. અન્ય બે આરોપીઓ નવીન ઉર્ફે જમાલુદ્દીન અને જલાલુદ્દીનના પુત્ર મહેબૂબની આઠ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. બંને બલરામપુરના રહેવાસી છે અને હાલમાં લખનઊ જિલ્લા જેલમાં બંધ છે.

## દલાઈ લામાએ ઉજવ્યો પોતાનો ૯૦મો જન્મદિવસ, વિશ્વભરના અનેક નેતાઓએ પાઠવી શુભેચ્છાઓ

ધર્મશાલાઃ હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં દલાઇ લામા મંદિર 'ત્સુગ્લાગખાંગ'ના મુખ્ય પ્રાંગણમાં રવિવારે સવારે ભારે વરસાદ છતાં ૧૪મા દલાઈ લામાના ૯૦મા જન્મદિવસની ઉજવણી કરવા માટે હજારોની સંખ્યામાં લોકો ઊમટી પડ્યા છે. આ વિશાળ ઉત્સવ છેલ્લા કેટલાક દિવસોથી શરૂ થયેલી એવી અટકળો વચ્ચે ઉજવવામાં આવ્યો હતો જેમાં કહેવામાં આવી રહ્યું છે કે દલાઈ લામાની સંસ્થાને સમાપ્ત કરી દેવામાં આવશે.

દલાઈ લામાના જન્મદિવસ પર આયોજિત કાર્યક્રમમાં વિવિધ તિબેટીયન બૌદ્ધ સંપ્રદાયોના પ્રતિનિધિઓ, શાળાના બાળકો, વિવિધ દેશોના ડાન્સરો અને ગાયકો અને વિશ્વભરના બૌદ્ધ ધર્મના અનુયાયીઓ હાજર રહ્યા હતા. દેશ અને વિદેશના નેતાઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને વૈશ્વિક શાંતિ અને ધાર્મિક સંવાદિતા પ્રત્યે દલાઈ લામાની સતત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી.

સમારોહને સંબોધતા દલાઈ લામા તેનઝિન ગ્યાત્સોએ કહ્યું હતું કે આ લોકોનો પ્રેમ જ છે, જે તેમને બધા સંવેદનશીલ પ્રાણીઓની સેવા કરવાના માર્ગ પર આગળ વધવા માટે પ્રેરણા આપે છે. તેમણે કહ્યું હતું કે, ''તેથી હું શાંતિદેવના 'બોધિસત્વવર્યાવતાર', બોધિસત્વ જીવનશૈલીનો અમલ કરું છું, બધા સંવેદનશીલ જીવોને મારા સંબંધીઓ અને મિત્રો માનું છું અને હું હંમેશાં બધા સંવેદનશીલ પ્રાણીઓની સેવા કરવા અંગે વિચારું છું. તમે બધા આ જન્મદિવસની ઉજવણીમાં ખૂબ આનંદ સાથે અહીં આવ્યા છો તેથી તમારો આભાર.''

તિબેટના આધ્યાત્મિક ગુરુએ લોકોને સંબોધતા કહ્યું હતું કે જેટલા વધુ લોકો, તેટલો વધુ આનંદ. હું પોતાને પ્રેરિત અનુભવ કરું છું, કારણ કે હું બોધિચિત્તનો અભ્યાસ કરું છું. લોકોની પ્રશંસા મેળવવા માટે સ્વાર્થી ધ્યેયો પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, અન્યની સેવા કરવા અને બીજાઓને મારા કરતાં વધુ પ્રિય માનવા પર મારું ધ્યાન મને લોકોને એકત્રિત કરવામાં અને તેમની પ્રશંસા મેળવવામાં મદદ કરે છે.''

દલાઈ લામાએ કહ્યું હતું કે લોકો તેમના જન્મદિવસ પર કોઈ મજબૂરીના કારણે નથી, પરંતુ ખૂબ જ ભક્તિ સાથે આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, ''તેથી જ્યારે હું મારા જીવન તરફ પાછળ ફરીને જોઉં છું, ત્યારે મને લાગે છે કે મેં મારા જીવનની એક પણ ક્ષણ બગાડી નથી. દલાઈ લામાનું બિરુદ મેળવ્યા પછી મને કોઈ અભિમાન કે ઘમંડ નથી. બુદ્ધના અનુયાયી, ભિક્ષુના રૂપમાં લોકોની સેવા કરવી અને બુદ્ધના ઉપદેશોની સેવા કરવી એ મારું કર્તવ્ય છે.''

દલાઈ લામાની ચાર પ્રતિબદ્ધતાઓમાં સાર્વત્રિક માનવ મૂલ્યોનો પ્રચાર, ધાર્મિક સંવાદિતા, તિબેટીયન સંસ્કૃતિ અને પર્યાવરણનું સંરક્ષણ અને પ્રાચીન ભારતીય જ્ઞાનનું પુનરુત્થાન સામેલ છે.

કેન્દ્રીય મંત્રીઓ કિરન રિજિજુ અને રાજીવ રંજન સિંહ, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુ, સિક્કિમના મંત્રી સોનમ લામા અને હોલિવૂડ અભિનેતા રિચર્ડ ગિયરે પણ બાદમાં સભાને સંબોધિત કરી હતી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિઓ જ્યોર્જ ડબ્લ્યૂ બુશ, બિલ ક્લિન્ટન અને બરાક ઓબામાએ વીડિયો મેસેજના માધ્યમથી દલાઈ લામાને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ પણ આ અવસર પર એક મેસેજ મોકલ્યો હતો.

## રાતા સમુદ્રમાં યમન નજીક એક જહાજ પર હુમલો

દુબઈઃ રાતા સાગરમાં યમનના તટ નજીક સશસ્ત્ર હુમલાખોરોએ તોપમારો કરીને અને રોકેટ સંચાલિત ગ્રેનેડ છોડીને એક જહાજ પર હુમલો કર્યો હતો, એવી માહિતી બ્રિટનના લશ્કર સાથે સંકળાયેલા એક સેન્ટરે આપી હતી.

મધ્ય અખાતમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ, ઈરાન અને ઈઝરાલ વચ્ચેના યુદ્ધ અને અમેરિકાએ ઈરાનના અણુમથકોને લક્ષ્ય બનાવીને કરેલા હવાઈહુમલાને પગલે ભારે તંગદિલી છે ત્યારે આ હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલા માટે કોઈ સંગઠને તત્કાળ જવાબદારી લીધી નથી.

યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે કહ્યું હતું કે જહાજમાં રહેલી સશસ્ત્ર સુરક્ષા ચુકડીએ આ હુમલોનો જવાબ આપ્યો હતો. સત્તાવાળાઓ તપાસ કરી રહ્યા છે.

યમનના હુતી બળવાખોરો આ વિસ્તારમાં કમર્શિયલ અને મિલિટરી શિપ પર મિસાઈલ અને ડ્રોન હુમલો કરી રહ્યા છે. આ જૂથનું નેતૃત્વ કહે છે કે અમે ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના હમાસ પરના હુમલા અટકાવવા આમ કરી રહ્યા છીએ.

નવેમ્બર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૫ સુધી હુતિએ મિસાઈલ અને ડ્રોન વડે ૧૦૦થી વધારે જહાજને લક્ષ્ય બનાવ્યા હતા. આમાંથી બે જહાજ તો ડૂબી ગયા હતા અને ચાર નાવિકનાં મોત થયા હતા. આને લીધે રાતા સાગરના કોરિડોરમાં વેપાર ઘટી ગયો છે. સામાન્ય રીતે એક વર્ષમાં આ કોરિડોરમાં એક ટ્રિલ્યન અમેરિકન ડૉલરનો માલ જાય છે.

હુતીએ પોતે જ આ હુમલા અટકાવી દીધા હતા. જોકે અમેરિકાએ માર્ચના મધ્યમાં હુતી પર વ્યાપક હુમલા કરતા હુતીએ તેના હુમલા ફરી શરૂ કર્યા હતા. અઠવાડિયાઓ બાદ અમેરિકના હુમલા બંધ થતાં હુતીએ પણ કોઈ જહાજ પર હુમલો કર્યો નથી. જોકે હુતી ઈઝરાયલને લક્ષ્ય બનાવતા મિસાઈલ હુમલા જરૂર કરે છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ભારતે પહેલી વાર

નવમી ટેસ્ટમાં ભારતે જીત હાંસલ કરી છે. પ્રથમ દાવમાં જૅમી સ્મિથ અને હૅરી બ્રૂક ૩૦૩ રનની ભાગીદારી કરવામાં સફળ રહ્યા ત્યારે ભારતીય બોલર્સની ટીકા થઈ હતી અને કૅપ્ટન ગિલે બીજો દાવ (૬/૪૨૭) મોડો ડિક્લેર કર્યો એ વિશે પણ કેટલાકે ગિલને વખોડ્યો હતો, પણ ભારતે ૬૦૮ રનનો અસંભવ લક્ષ્યાંક આપ્યો હતો અને રવિવારના નિર્ણાયક દિવસની શરૂઆતમાં વરસાદના લાંબા વિઘ્ન બાદ શરૂ થયેલી રમતમાં શરૂઆતથી છેક સુધી ભારતે બ્રિટિશ બૅટ્સમેનો પર સતતપણે માનસિક દબાણ જાળવી રાખીને તેમને અંકુશમાં રાખ્યા હતા અને બૅટ્સમૅનની આસપાસ ફીલ્ડર્સની જાળ બિછાવીને તેમને ભૂલ કરવા મજબૂર કર્યા હતા.

ઇંગ્લૅન્ડના બીજા દાવના ૨૭૧ રનમાં જૅમી સ્મિથના ૮૮ રન હાઇએસ્ટ હતા. પ્રથમ દાવના અણનમ ૧૮૪ રન બાદ સ્મિથને સતત બીજી સદી ફટકારવાની તક હતી, પણ આકાશ દીપે તેને વૉશિંગ્ટન સુંદરના હાથમાં કૅચઆઉટ કરાવીને બ્રિટિશરોની ગાડીમાં પંક્ચર પાડી દીધું હતું અને મૅચને ડ્રૉમાં લઈ જવાની તેમની આશા પર પાણી ફેરવી દીધું હતું. બ્રાયડન કાર્સ (૩૮ રન)ની પણ મહત્ત્વની વિકેટ આકાશે લીધી હતી.

### ભારત-આર્જેન્ટિના

સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે ભારત અને આર્જેન્ટિના વચ્ચેના દ્વિપક્ષી સંબંધને ૭૫ વર્ષ થયાં છે અને છેલ્લાં પાંચ વર્ષથી બન્ને દેશ એકબીજાના વ્યૂહાત્મક ભાગીદાર છે. ખનિજ સંપત્તિથી સમૃદ્ધ આર્જેન્ટિના ભારતના વિકાસના માર્ગમાં વિશ્વસનીય ભાગીદાર બની શકે છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારત અને આર્જેન્ટિના વચ્ચે ઔષધ અને રમત ક્ષેત્રે સહકાર વધારવાની વિપુલ તક રહેલી છે. આર્જેન્ટિના શૅલ ગૅસના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે, જ્યારે શૅલ ઑઇલનો અનામત જથ્થો ધરાવતા દેશોમાં ચોથા ક્રમે છે અને તેથી તે ભારતની વધેલી ઊર્જાની જરૂરિયાત પૂરી કરવા સક્ષમ છે.

ભારત અમુક ખનિજ માટે ચીન પર આધાર રાખવાને બદલે તેનો વિકલ્પ શોધી રહી છે અને તેથી જ આર્જેન્ટિનાની સાથે ખનિજ અને ખાણ ક્ષેત્રે સહકાર વધારવા વધુ ઉત્સુક છે. આર્જેન્ટિના લિથિયમ, તાંબુ જેવા ખનિજથી સમૃદ્ધ દેશ છે.

મોદીએ અગાઉ ૨૦૧૮માં જી-૨૦ના સભ્ય દેશોની શિખર પરિષદમાં ભાગ લેવા માટે આર્જેન્ટિનાની મુલાકાત લીધી હતી, પરંતુ ભારતના વડા પ્રધાનની દ્વિપક્ષી હેતુસર આર્જેન્ટિનાની ૫૭ વર્ષ પછીની મુલાકાત છે. (એજન્સી)

### ઈલૉન મસ્કે

હતો. વિશ્વના સૌથી વધુ શ્રીમંત ઇલૉન મસ્કે અમેરિકાના રાજકારણમાંની બે રાજકીય પક્ષ - ડેમોક્રેટિક અને રિપબ્લિકન પાર્ટીની બનેલી સિસ્ટમની આકરી ટીકા કરી હતી અને ત્રીજો મજબૂત રાજકીય પક્ષ રચવાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો. અગાઉ, અમેરિકામાં છેલ્લી એક સદી દરમિયાન ત્રીજો રાજકીય પક્ષ રચવા અનેક વખત પ્રયાસ થયા હતા, પરંતુ તેમાં ખાસ સફળતા નહોતી મળી. (એજન્સી)

### દેશના ભૂતપૂર્વ

આ બંગલો તાત્કાલિક ખાલી કરાવવો જોઇએ. દેશના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશે ઘણાં મહિના પહેલાં આ બંગલો ખાલી કરાવવાનો હતો.

દેશના પચાસમા મુખ્ય ન્યાયાધીશ તરીકે ૨૦૨૨ના નવેમ્બરથી ૨૦૨૪ના નવેમ્બર સુધી ફરજ બજાવનારા ડી. વાય. ચંદ્રચૂડ હજી એટલે કે આઠ મહિનાથી આ સત્તાવાર નિવાસસ્થાન ખાલી નથી કરતા. અગાઉ, દેશના ભૂતપૂર્વ ન્યાયાધીશ સંજીવ ખન્ના પછી જસ્ટિસ ચંદ્રચૂડે હોદ્દો સંભાળ્યો હતો. તેમના પછી જસ્ટિસ બી. આર. ગવઇ દેશના મુખ્ય ન્યાયાધીશ બન્યા હોવા છતાં ચંદ્રચૂડ આઠ મહિનાથી સત્તાવાર નિવાસસ્થાન ખાલી નથી કરતા અને જસ્ટિસ ગવઇએ તેમને અગાઉ ફાળવાયેલા બંગલામાં જ રહેવું પડે છે. (એજન્સી)

### હિમાચલ પ્રદેશમાં

ઓચિંતુ પૂર આવવા, ભૂસ્ખલન જેવા વરસાદ સંબંધિત બનાવ સાથે સંકળાયલા છે. ૧૧૫ જણ ઘાયલ થયા છે. રાજ્યના અનેક વિસ્તારોમાં શનિવાર સાંજથી વરસાદ પડી રહ્યો છે. નાગરોટા સુરિયનમાં ૧૦૨.૪ મિલીમિટર વરસાદ પડ્યો છે. ઉનામાં ૬૭.૨ મિલીમિટર વરસાદ, ગુલેરમાં ૬૨.૪ મિલીમિટર, ધર્મશાળામાં ૬૧.૧ મિલીમિટર, કટૌલામાં ૪૦.૩ મિલીમિટર, ઘમરુરમાં ૪૦ મિલીમિટર, બર્થિનમાં ૩૮.૪ મિલીમિટર, સુજનપુર તિરામાં ૩૬ મિલીમિટર, બરારીમાં ૩૫.૬ મિલીમિટર, નદૌનમાં ૩૦ મિલીમિટર., કાહુમાં ૨૨.૨ મિલીમિટર અને મંડીમાં ૨૧.૨ મિલીમિટર વરસાદ પડ્યો હતો.

હવામાન ખાતાએ ચંબા, કાંગરા, કુલુ, મંડી, બિલાસપુર, હમિરપુર, શિમલા, સોલન અને સિરમોરમાં આગામી ૨૪ કલાકમાં એચિંતા પૂર આવવાની આગાહી કરી છે. હવામાન ખાતાએ ભૂસ્ખલન, ઓચિંતા પૂર, પાણી ભરાવા અને ઈમારતો, પાક અને આવશ્યક સેવાને નુકસાન સામે પણ સાવધાન રહેવાનું કહ્યું છે. કુલ ૨૫૮ ટ્રાન્સફોર્મર અને પાણી પુરવઠાની ૨૭૮ યોજનાને નુકસાન થયું છે. (એજન્સી)

### અમેરિકાના ટૅક્સાસના

તટવિસ્તારમાં લોકો કેમ્પ ઊભા કરીને નહાવા અને પિકનિક માટે આવ્યા હતા. નદીના કિનારે ભેગા થયેલા અનેક લોકો પૂરમાં તણાયા હતા.

અમેરિકામાં ચોથી, પાંચમી અને છઠ્ઠી જુલાઇએ સળંગ ત્રણ દિવસ રજા હોવાથી મિનિ વેકેશન માણવા અહીંની નદીના કિનારે લોકો મોટી સંખ્યામાં ભેગા થાય છે.

અનેક બાળકો લાપતા હોવાથી તેઓનાં માતા-પિતા અને પરિવારના સભ્યો ગુમ થયેલાં બાળકોને શોધવા માટે તેઓના ફોટા લઇને ફરી રહ્યાં છે. પૂરમાં માર્યા ગયેલા લોકોમાં અલબામાના માઉન્ટન બ્રુકની આઠ વર્ષની એક છોકરીનો પણ સમાવેશ થાય છે. (એજન્સી)

### વિશ્વ યુદ્ધ

સત્ય, અહિંસા અને શાંતિનો સંદેશો આપી રહ્યો છે, પરંતુ હવે અત્યાધુનિક ટૅક્નોલૉજીથી પણ લોકોનું યુદ્ધમાં રક્ષણ કરવું મુશ્કેલ બની ગયું છે. લડાઇમાં ઘણી વખત નાગરિકોના રહેઠાણ વિસ્તારો પર મિસાઇલો અને ડ્રોનથી હુમલા કરાય છે. આ ઘણી ગંભીર બાબત ગણાય અને તે અંગે વૈશ્વિક સ્તરે ચર્ચા કરીને તેનો ઉકેલ લાવવાની જરૂર છે.

ભાજપના આ નેતાએ જણાવ્યું હતું કે અત્યાધુનિક ટૅક્નોલૉજીની મદદથી તૈયાર કરાયેલા મિસાઇલો અને ડ્રોનના હુમલા યુદ્ધમાં વધી રહ્યા છે અને તેથી ટૅન્ક તેમ જ બીજા પ્રકારનાં શસ્ત્રોનો ઉપયોગ ઘટી રહ્યો છે. મહાસત્તાઓનું સરમુખત્યાર જેવું વર્તન પણ વધી રહ્યું છે.(એજન્સી)

### કર્ણાટકના શિવમોગામાં

શાંતિનગર વોર્ડમાં બની હતી. જ્યાં તાજેતરમાં બંગારપ્પા લેઆઉટના મુખ્ય માર્ગ પર મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હતી. વિસ્તારના રહેવાસીઓએ તોડફોડની ઘટનાની સખત નિંદા કરી હતી. તેમજ દેવતાઓના કથિત અપમાન અંગે રોષ વ્યક્ત કર્યો હતો.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમજ સ્થાનિક સમુદાય સાથે ચર્ચા કરી હતી. અધિકારીઓએ રહેવાસીઓને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું. તેમજ કેસ નોંધવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. આ વિસ્તારમાં વધારાનું પોલીસ બળ તહેનાત કરવામાં આવ્યું છે અને કોઇપણ પ્રકારની અશાંતિ રોકવા માટે કડક સુરક્ષા જાપ્તો ગોઠવવામાં આવ્યો છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને પોલીસ તેની તપાસ કરી રહી છે. આ ઘટના બાદથી રાજકીય પક્ષોમાં સામસામે આરોપો પ્રત્યારોપો શરૂ થઇ ગયા હતા.

### બંકરમાંથી બહાર

થયાના ઘણા દિવસોમાં પછી સાર્વજનિક રીતે જોવા મળ્યા હતા. પહેલાથી રેકોર્ડ કરેલા નિવેદનમાં તેમણે કહ્યું હતું કે તેહરાને કતારમાં અમેરિકાના એરબેઝ પર હુમલો કરીને અમેરિકાના મોઢા પર થપ્પડ મારી છે અને અમેરિકા અથવા ઇઝરાયલ દ્વારા ઈરાન પર વધુ હુમલાઓ સામે ચેતવણી આપી હતી. ટ્રમ્પે આ ટિપ્પણીનો જવાબ આપતા કહ્યું હતું કે, ''જુઓ, તમે ખૂબ જ શ્રદ્ધાળુ વ્યક્તિ છો. એક એવો માણસ જેનું પોતાના દેશમાં ખૂબ જ સન્માન કરવામાં આવે છે. તમારે સત્ય બોલવું પડશે. તમારે નર્કમાં જવું પડશે.''

ઈરાને ઈઝરાયલ સામેના યુદ્ધમાં ૯૦૦થી વધુ લોકોનાં મોત તેમજ હજારો ઘાયલ થયાની વાત સ્વીકારી હતી. તેણે તેના પરમાણુ સુવિધાઓને થયેલા ગંભીર નુકસાનની પણ પુષ્ટિ કરી છે અને યુએન પરમાણુ નિરીક્ષકોને તેમની પાસે જવાની મંજૂરી આપવાનો ઇનકાર કર્યો છે. ઈરાનના રાષ્ટ્રપતિએ બુધવારે દેશને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી સાથેના તેના સહયોગને સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો, જેનાથી નિરીક્ષકોની તેના કાર્યક્રમને ટ્રેક કરવાની ક્ષમતા વધુ મર્યાદિત થઈ ગઈ હતી. ઈઝરાયલે એ ડરથી યુદ્ધ શરૂ કર્યું હતું કે ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### હિઝબુલ્લાના વડા

પાકિસ્તામાંથી જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં લાવવામા આવ્યા હતા કેફીદ્રવ્યોના વેચાણથી મળેલાં નાણાં પાકિસ્તાનની આતંકવાદી ભટની સૂચનાથી એક આરોપીના ખાતામાં જમા કરવામાં આવે છે.

પ્રવકતાએ વધુમાં માહિતી આપી હતી કે આોપીઓ કથિત રીતે ડ્રગ્સ ડીલર છે. તેમને સ્થાનિકયુવાનોને ડ્રગ્સનું વિતરણ કરવાન ીજવાબદારી સોંપાઈ છે. અમુક લોકોએ બીજા આરોપીને ગ્રાહકોને માદકદ્રવ્યો વેચવાનું કામ સોંપાયું હતું. આ જમ્મુ અને કાશ્મીરના શાંત વાતાવરણને ખરાબ કરવાનું મોટું કાવતરું હતું. (એજન્સી)

# જેન સ્ટ્રીટ સામે સેબીની કાર્યવાહીને પગલે ડેરિવેટીવ્ઝ માર્કેટના વોલ્યુમમાં ધરખમ ઘટાડાની શકયતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : અમેરિકાની જેન સ્ટ્રીટ સામે સેબીની કાર્યવાહીને પગલે ડેરિવેટીવ્ઝ માર્કેટના વોલ્યુમમાં ધરખમ ઘટાડાની શકયતા જોતાં બજારના અભ્યાસુઓએ ટ્રેડરોને સાવચેત રહેવાની ચેતવણી આપી છે. તેમના મતે સેબીના પગલાં લાંબાગાળે રોકાણકારોના વિશ્વાસ અને બજાર નિરિક્ષણ બાબતે સકારાત્મક ચિત્ર ઊભું કરે છે, પરંતુ ટૂંકાગાળામાં મોટા ખેલાડીઓની એક્ઝિટનો આંચકો અનુભવવો પડશે.

અમેરિકાની ગ્લોબલ ટ્રેડિંગ જાયન્ટ જેન સ્ટ્રીટ પર મેનીપ્યુલેશન થકી જંગી ગેરકાયદે લાભ ખાટવા બદલ મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા પ્રતિબંધાત્મક પગલાં ભરવામાં આવતા ભારતના શેર બજારોમાં ડેરિવેટીવ્ઝ માર્કેટમાં ટ્રેડિંગ વોલ્યુમમાં મોટો ઘટાડો થવાની શકયતા બતાવાઈ રહી છે.

બજારના નિરિક્ષકો માને છે કે, સેબીના એક્શન બાદ જેન સ્ટ્રીટ દ્વારા તેની મુંબઈમાં કામગીરી બંધ કરી દેવાયા સાથે અડધા અબજ ડોલર એટલે રૂ. ૪૮૪૪ કરોડ જેટલી સંપતિ જપ્ત કરી લેવામાં આવ્યાના અહેવાલ વચ્ચે દેશમાં ઘણા ફોરેન બ્રોકિંગ હાઉસો અને ટ્રેડિંગ કંપનીઓના બિઝનેસ અટકવાની અને એના કારણે ડેરિવેટીવ્ઝમાં ટ્રેડિંગ ટર્નઓવરમાં મોટો ઘટાડો થઈ શકે છે.

વિશ્લષકોનું હેવું છે કે, નિયમનકારી કાર્યવાહીથી ડેરિવેટીવ્ઝ માર્કેટ પ્રવૃતિ પર આધાર રાખતા મધ્યસ્થીઓ માટે આવક પર દબાણ આવશે, સેગ્મેન્ટમાં સૌથી મોટી માલિકીની ટ્રેડિંગ કંપનીઓમાંની એક સામે સેબીના કડક દંડાત્મક પગલાંના પ્રતિભાવમાં વોલ્યુમ ઘટશે.

માર્કેટની અખંડિતતાને મજબૂત બનાવવા માટે આ કાર્યવાહીની સમીક્ષકો એક તરફ પ્રશંસા કરી રહ્યા છે, પરંતુ બજારમાં પ્રમુખ વોલ્યુમ સર્જનમાં યોગદાન આપનારા આ એકમોની એક્ઝિટથી ટ્રેડરોને પાંખી પ્રવાહિતતા અને અને વોલેટીલિટીમાં એકાએક ફેરફાર અંગે ચિંતા થવા લાગી છે.

પ્રમુખ ટ્રેડિંગ વોલ્યુમ પ્રદાતાઓના વિક્ષેપને કારણે અચાનક તરલતાનું સંકટ આવી શકે છે એવું ડેરિવેટીવ્ઝ વિશ્લેષકનું માનવું છે. લાંબાગાળે રોકાણકારોના વિશ્વાસ અને બજાર દેખરેખ માટે તે સકારાત્મક છે, પરંતુ ટૂંકાગાળામાં આવા મોટો ખેલાડીઓની એક્ઝિટનો બજારે આંચકો અનુભવવો પડશે.

ડેરિવેટીવ્ઝ માર્કેટના પાર્ટિસિપન્ટ્સનું કહેવું છે કે, જેન સ્ટ્રીટ વિક્લી ઓપ્શન્સમાં સૌથી સક્રિય સંસ્થાકીય ખેલાડીઓમાં એક હતું. ખાસ કરીને એક્સપાયરીના દિવસોમાં ઘણીવાર હજારો કરોડમાં ટ્રેડિંગ કરતું હતું અને અદ્યતન અમલીકરણ વ્યુહરચનાઓનો ઉપયોગ કરતું હતું.

હવે તેની અચાનક ગેરહાજરી સ્પ્રેડ અને વોલ્યુમ પર અસર કરી શકે છે. જેન સ્ટ્રીટને કારણે વધુ તપાસની જરૂર હોવાથી, ઘણા ફંડો એક્સપોઝરનું ફરીથી મૂલ્યાંકન કરે તેવી શકયતા છે. કેટલાક ટ્રેડરોનું કહેવું છે કે, આનાથી દૂરના મહિનાના અને ઈલિક્વિડ કોન્ટ્રાક્ટસમાં પીછેહઠ થતી જોવાઈ શકે છે, જેમાં એક્ઝિટનું સંચાલન કરવું મુશ્કેલ હોય છે.

જ્યારે મોટા ફંડો મોટી પોઝિશન લે છે, ખાસ કરીને દૂરના મહિનાના અથવા ઓછા વોલ્યુમના ઓપ્શન્સમાં, ત્યારે તેઓ ઘણીવાર ફક્ત પ્રવેશ કરીને ભાવને પ્રભાવિત કરે છે. પરંતુ જ્યારે તેઓ એક્ઝિટ કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમને વિપરીત સમસ્યાનો સામનો કરવો પડે છે. ચગાવેલા ભાવે કોઈ પ્રતિપક્ષ નહીં, તે જ લિક્વિડિટી ટ્રેપ છે. જેથી ટ્રેડરો હવે બજાર તેમની વિરૂધ્ધ થાય તે પહેલા વહેલા પોઝિશન કાપવાનું અને એક્પોઝર ઘટાડવાનું પસંદ કરી શકે છે. એવું ડેરિવેટીવ્ઝ વિશ્લેષકનું કહેવું છે. ■

# અમેરિકા સાથેની વ્યાપાર વાટાઘાટો અને ટીસીએસનાં પરિણામો આપશે શૅરબજારને દિશા

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

ભારતીય બજારો આ અઠવાડિયે અમેરિકા અને ભારતની વેપાર વાટાઘાટાની ફળશ્રુતિ અને ટીસીએસના પ્રથમ ક્વાર્ટરના પરિણામો પર ઝીણી નજર રાખશે. ટ્રમ્પ યુગના ટેરિફ પોઝનો અંત અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના રોકાણ પ્રવાહ, સ્થાનિક રોકાણકારોના સેન્ટિમેન્ટ અને સેક્ટરલ કામગીરી બજારના સેન્ટિમેન્ટ પર નોંધપાત્ર અસર કરી શકે છે.

રોકાણકારો દલાલ સ્ટ્રીટ પર એક મહત્વપૂર્ણ સપ્તાહ માટે તૈયારી કરી રહ્યા છે, જેમાં અનેક સ્થાનિક અને ગ્લોબલ ટ્રિગર્સ સેન્ટિમેન્ટને પ્રભાવિત કરી શકે છે. નવમી જુલાઈના રોજ યુએસ પારસ્પરિક ટેરિફ પર ૯૦ દિવસના સસ્પેન્શનની સમાપ્તિ બાદ શું થશે તેના પર, ખાસ કરીને ચાલુ ભારત-યુએસ વેપાર વાટાઘાટોના સંદર્ભમાં રોકાણકારોની ચાંપતી નજર છે.

આ સસ્પેન્શન ભારતીય માલ પર ૨૬ ટકા આયાત ડ્યુટી સાથે જોડાયેલું છે, જે શરૂઆતમાં ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રપતિ દરમિયાન જાહેર કરવામાં આવ્યું હતું. ટેરિફ પોઝનો ઠરાવ અથવા વિસ્તરણ આઇટી, ફાર્મા અને ઓટો જેવા વેપાર સંબંધિત ક્ષેત્રોને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે.

આ ઉપરાંત કોર્પોરેટ પરિણામની પણ બજારમાં માનસ પર સારી અસર જોવા મલે છે ટીસીએસના પ્રથમ ત્રિમાસિક નાણાકીય પરિણામ સાથે કોર્પોરેટ કમાણીની મોસમ શરૂ થશે. આઇટી સેકટરની ટોચની અગ્રણી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) આ અઠવાડિયે તેમના નાણાકીય વર્ષ ૨૦૨૬વના પ્રથમ ત્રિમાસિક નાણાકીય પરિણામો જાહેર કરશે.

વિશ્લેષકો માને છે કે પરિણામો વ્યાપક કમાણીની મોસમ માટે સૂર નક્કી કરશે અને તેની બજાર પર સીધી, તાત્કાલિક અસર જોવા મળશે. હાલના મૂલ્યાંકનને યોગ્ય ઠેરવવા માટે બજારો કમાણીમાં રિકવરીના સંકેતો શોધશે અને તે પ્રમાણે પ્રત્યાઘાત જોવા મલશે.

એ જ સાથે રોકાણકારો નવમી જુલાઈના રોજ એમેરિકાની ફેડરલ ઓપન માર્કેટ કમિટીની મિનિટ્સ રિલીઝ થવાની પ્રતીક્ષામાં છે.બ્રેન્ટ ક્રૂડ ઓઇલમાં હિલચાલ અને રૂપિયા-ડોલર વિનિમય દર જેવી વૈશ્વિક ઘટનાઓ પર પણ નજર રખાશે, જે એફઆઇઆઇ પ્રવૃત્તિ અને વ્યાપક બજાર વલણોને અસર કરી શકે છે.

ટોચના માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, યુએસ-ભારત વેપાર વાટાઘાટોના વૈશ્વિક ધોરણે પણ અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તેની ગ્લોબલ ઇક્વિટી માર્કેટ પર જોરદાર અસર થવાની છે. આ સમયમર્યાદા વૈશ્વિક સ્તરે વેપાર ગતિશીલતા અને રોકાણકારોના સેન્ટિમેન્ટને ફરીથી આકાર આપી શકે છે.

બજારના સાધનોના મતે આ સપ્તાહે કોન્સોલિડેશન મોડ ચાલુ રહેવાની શક્યતા છે. ગયા અઠવાડિયે બેન્ચમાર્કમાં ઘટાડો થયો હોવા છતાં સેન્સેક્સ માત્ર ૬૨૬.૦૧ પોઈન્ટ (૦.૭૪ ટકા) ઘટ્યો અને નિફ્ટી માત્ર ૧૭૬.૮ પોઈન્ટ (૦.૬૮ ટકા) ઘટ્યો હતો. નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે આ અઠવાડિયે બજાર કોન્સોલિડેશનના તબક્કામાં રહેશે. રોકાણકારો સંપૂર્ણ કમાણીની સીઝન પહેલા બિઝનેસ અપડેટ્સની રાહ જોઈ રહ્યા હોવાથી શેરલક્ષી કામકાજ છવાયેલું રહેશે.

કોર્પોરેટ હલચલમાં અદાણી એન્ટરપ્રાઇઝે વાર્ષિક ૯.૩૦ ટકા સુધીનો કૂપન રેટ ૧,૦૦૦ કરોડ રૂપિયાના એનસીડી ઇશ્યૂ લાવી રહી છે, જે નવમી જુલાઈએ ખુલશે અને ૨૨ જુલાઈએ બંધ થશે. ગોદરેજ ઇન્સ્ટ્રી ગ્રુપની ગોદરેજ કેપિટલ અને સેલ્સફોર્સ એઆઇ સીઆરએમએ વ્યૂહાત્મક ભાગીદારી સાધી છે જેમાં સેલ્સફોર્સ ગોદરેજ કેપિટલના લેન્ડિંગ બિઝનેસનો ડિજીટલ લેન્ડિંગ પ્રોસેસ ઝડપી બનાવવા એઆઇ અધારિત પ્લેટફોર્મ પુરુ પાડશે.

ટાટા જૂથની ઇલેક્ટ્રોનિક રિટેલ ચેઇન ક્રોમાએ વિસ્તરણ હેઠળ મુંબઇમાં વધુ એક સ્ટોર ખોલ્યો છે. ક્રોમા ૨૦૦થી વધુ શહેરમાં ૫૦૦થી વધુ સ્ટોર ધરાવે છે અને ૫૫૦થી વધુ અગ્રણી બ્રાન્ડની ૧૬,૦૦૦ પ્રોડક્ટનું વેચાણ કરે છે. બોરોસિલ રિન્યુએબલ્સે ભારતીય સોલાર ગ્લાસ માર્કેટ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેની જર્મન પેટાકંપનીના સંચાલનને સમેટી લેવા માટે અરજી દાખલ કરી છે. ■

# ટેરિફ ઝીંકાવાના ભયે અમેરિકામાં ભારતીય દવાની નિકાસમાં ૭૪ ટકાનો વધારો

મુંબઈ : ટ્રમ્પ ભારતીય ઔષધો પર ટેરિફ ઝીંકે એ પહેલા જ ભારતીય ઉત્પાદકો એ અમેરિકા ખાતે નિકાસમાં ઝડપી વધરો કર્યો છે. અમેરિકા ખાતે દવાની નિકાસમાં ૭૪ ટકાનો વધારો નોંધાયો છે. નિકાસના સંદર્ભમાં અમેરિકા સૌથી મોટું બજાર, કુલ દવા નિકાસમાંથી ૩૪.૫૧ ટકા અમેરિકા ખાતે

ગત માર્ચમાં ભારતથી અમેરિકામાં દવાની નિકાસ વાર્ષિક ધોરણે ૭૩.૯૯ ટકા વધીને ૧.૫૬૧ બિલિયન ડોલર થઈ છે. તે જ સમયે, માર્ચમાં નિકાસ ફેબ્રુઆરીની તુલનામાં લગભગ ૭૧ ટકા વધી હતી. ફાર્માસ્યુટિકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (ફાર્મેક્સિલ)ના ડેટા દર્શાવે છે કે આ તેજી એવા સમયે આવી છે જ્યારે સંભવિત યુએસ ટેરિફ પર વાતચીત ચાલી રહી છે.

ડેટા દર્શાવે છે કે એપ્રિલમાં અમેરિકામાં નિકાસ ૭.૨૭ ટકા ઘટીને ૮,૯૮૩.૪ મિલિયન ડોલર થઈ છે જે એપ્રિલ ૨૦૨૪ માં ૯,૬૮૭.૯ મિલિયન ડોલર હતી. જોકે, મે મહિનામાં નિકાસ સુધરીને ૧૩.૩૪ ટકા વધીને ૮,૧૩૪.૧ મિલિયન ડોલર થઈ હતી. એકંદરે, એપ્રિલ અને મે મહિનામાં અમેરિકામાં નિકાસ ૩ ટકા વધી હતી.

ભારતમાંથી આયાત પર ટેરિફ એપ્રિલથી અમલમાં આવવાની અપેક્ષા હતી, પરંતુ નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. ભારત અને અમેરિકાએ હજુ સુધી વચગાળાના વેપાર કરારની જાહેરાત કરી નથી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં સંકેત આપ્યો હતો કે તેઓ ટૂંક સમયમાં દેશોને ડયુટી પત્રો મોકલવાનું શરૂ કરશે.

ભારતની દવાના નિકાસના સંદર્ભમાં અમેરિકા સૌથી મોટું બજાર છે. ભારતની કુલ દવા નિકાસમાંથી ૩૪.૫૧ ટકા અમેરિકા મોકલવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં, ભારતે યુએસમાં ૧.૦૫૧૫ બિલિયન ડોલરના ફાર્માસ્યૂટિકલ ઉત્પાદનોની નિકાસ કરી છે. ■

# ચીનના 300 એન્જિનિયરના અચાનક પલાયનથી ફોકસકોન સામે નવો પડકાર

મુંબઈઃ ફોકસકોનના ચેન્નાઈ તથા બેંગ્લુરુસ્થિત આઈફોન એકમોમાંથી ચીનના ૩૦૦ જેટલા એન્જિનિયરોના અચાનક પલાયનને ભારત સરકાર પોતાના ટેલેન્ટેડ કર્મચારીબળમાં વૈવિધ્યતા લાવવા એક પડકાર અને તક બન્ને તરીકે જોઈ રહી છે. સરકાર આ મુદ્દાને ગંભીરતાથી લીધો છે.

ફોકસકોનથી મધ્યમ સ્તરના ચાઈનીસ એન્જિનિયરો નીકળી જવાથી સ્થિતિ પડકારરૂપ છે પરંતુ તે અતિશય કપરી નથી એમ સરકાર માની રહી હોવાનું આધારભૂત સરકારી સુત્રોએ જણાવ્યું હતું. ફોકસકોનના પ્લાન્ટસ અહીં છેલ્લા પાંચ વર્ષથી છે અને પૂરતા પ્રમાણમાં તાલીમ મળી ગઈ હોવાનું સરકાર માની રહી છે અને માટે બાકીના કર્મચારીઓ કામકાજ ચાલુ રાખશે એવી સરકારને અપેક્ષા છે.

વિયેતનામ તથા અમેરિકા ખાતેથી ટેલેન્ટ લાવવા અંગે પણ વિચારી શકાય છે. માત્ર એક જ દેશના એન્જિનિયરો પર જ આધાર નહીં રખાવો જોઈએ તેમ પણ સરકાર માની રહી છે.

વિદેશના ખાસ કરીને ચીનના કર્મચારીબળને ભારતમાં કામ કરવા માટે સરકાર સખત નીતિ ધરાવે છે ત્યારે ઈલેક્ટ્રોનિકસ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયે ફોકસકોનના પ્લાન્ટસ ખાતે ચીનના એન્જિનિયરોના વિસા માટે વ્યવસ્થા પૂરી પાડી હતી.

ઘરઆંગણે એપલની કામગીરીના મહત્વને ધ્યાનમાં રાખી અને સ્થાનિકમાં તેના આઈફોન ઉત્પાદનને ગતિ આપવાના ભાગરૂપ વિસાની વ્યવસ્થા કરી અપાઈ હતી. ફોકસકોન એપલની સૌથી મોટી કોન્ટ્રેકટ મેન્યુફેકચરર છે અને છેલ્લા કેટલાક વર્ષોથી તે ભારતમાં પગપેસારો કરી રહી છે.

ફોકસકોન બેંગ્લુરુ નજીક નવો પ્લાન્ટ પણ ઊભો કરી રહી હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. જો કે ચીનના ૩૦૦ એન્જિનિયરોના અચાનક પલાયનથી ભારતના કર્મચારીબળને તાલીમ પૂરી પાડવાની કામગીરી પર અસર પડશે તેવી પણ ચિંતા વ્યકત કરવામાં આવી રહી છે.

ચીન ઉપરાંત વધુ એક દેશની નીતિના ભાગરૂપ એપલે કોરોનાના કાળ બાદ ભારતમાં આઈફોનનું ઉત્પાદન શરૂ કર્યું છે. જો કે પોતાના ઉત્પાદન મોડેલ માટે એપલ કંપની ચીનના એન્જિનિયરો પર આધાર રાખી રહી છે. ■

## ગુજરાત

# ટૅકનોલૉજી અને લોકોના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા સહકારી ક્ષેત્રનું અભિન્ન અંગઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય પ્રધાન અમિત શાહે રવિવારે સહકારી ક્ષેત્રના નેતાઓને સફળતા પ્રાપ્ત કરવા માટે તેમની કાર્ય સંસ્કૃતિમાં પારદર્શિતા, ટૅકનોલૉજીનો ઉપયોગ અને તેમના સભ્યોના હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી. શાહે અહીં અમૂલ ડેરીના પરિસરમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધતા આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે, ટૅકનોલૉજી વિના સહકારી મંડળીઓ સમૃદ્ધ થઈ શકતી નથી. પારદર્શિતા, ટૅકનોલૉજી અને સભ્યો (ખેડૂતો અને સહકારી ક્ષેત્રના સમાજો)ને બોર્ડમાં રાખવા પર પણ તેમણે ભાર મુક્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ કાર્યક્રમ દરમિયાન શરૂ કરાયેલી દસ પહેલો, જેમાં ગુજરાતમાં મીઠા સહકારી મંડળીનો પ્રારંભ પણ સામેલ છે, અમૂલ જેવી મજબૂત બ્રાન્ડ બનાવશે. તે ઉપરાંત પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રમાં ૨ લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓની નોંધણી, ત્રિભુવન દાસ કોમ્પ્લેક્સની સ્થાપના, પ્રથમ રાષ્ટ્રીય સહકારી યુનિવર્સિટી અને ડેરી ક્ષેત્રમાં ત્રણ નવી રાષ્ટ્રીય સહકારી સંસ્થાઓની રચના જોવા મળી રહી છે. શાહે આ ક્ષેત્રને પાંચ 'પી' - 'પીપલ', 'પીએસી', 'પ્લેટફોર્મ' (જેમ કે ડિજિટલ), 'પૉલિસી' અને 'પ્રોસ્પેરિટી' - નું પાલન કરવા સૌને વિનંતી કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે, ચાર વર્ષ પહેલા મોદીએ 'સહકાર દ્વારા સમૃદ્ધિ' ના મંત્ર સાથે સહકાર મંત્રાલયનો પાયો નાખ્યો હતો, જેણે સહકારી પ્રણાલીમાં નવો પ્રાણ ફૂંક્યો હતો. તેમણે કહ્યું કે સહકાર મંત્રાલયના ચાર વર્ષમાં, કેન્દ્ર દ્વારા આ પાંચ 'પી' ના આધારે ૬૦ થી વધુ પહેલ કરવામાં આવી છે. ''પહેલો 'પી' 'પીપલ' છે, જેનો અર્થ એ છે કે ભારતના લોકો આ પહેલોના પ્રાથમિક લાભાર્થી હશે. બીજો 'પી' 'પીએસી' છે, જેના દ્વારા અમે પ્રાથમિક સહકારી બોર્ડને મજબૂત બનાવી રહ્યા છીએ. ત્રીજો 'પી' 'પ્લેટફોર્મ' છે, જેના હેઠળ અમે સહકારી પ્રવૃત્તિઓની શ્રેણી શરૂ કરવા માટે કામ કર્યું છે. ચોથો 'પી' પૉલિસી માટે છે. પાંચમો 'પી' પ્રોસ્પેરિટી છે - ફક્ત એક વ્યક્તિની નહીં, પરંતુ સમગ્ર સમાજની સમૃદ્ધિ, થોડા ધનિક લોકો નહીં, પરંતુ ગરીબ મજૂરો અને ખેડૂતોની સમૃદ્ધિ માટે કામ કરવાની તેમણે હાંકલ કરી હતી તેમણે દાવો કર્યો હતો કે, દૂધ સહકારી અમૂલનું વાર્ષિક ટર્નઓવર આવતા વર્ષે ૮૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધીને એક લાખ કરોડ રૂપિયા થશે.

શાહે અમૂલના કેટલાક નવા માળખાકીય વિસ્તરણ પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ઘાટન કર્યું હતું, જેમ કે અત્યાધુનિક મોઝેરેલા ચીઝ ઉત્પાદન સુવિધા, સંપૂર્ણ સ્વચાલિત અલ્ટ્રા-હાઈ પ્રોસેસિંગ (એચયુટી) પ્લાન્ટ, ખાત્રજ ખાતે અત્યાધુનિક ચીઝ વેરહાઉસ અને મોગર ખાતે અમૂલ ચોકલેટ પ્લાન્ટનું વિસ્તરણનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમૂલ અથવા ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ ૩૬ લાખ ખેડૂત સભ્યો અને ૧૮ સભ્ય યુનિયનો પાસેથી દરરોજ ૩૨૦ લાખ લિટરથી વધુ દૂધ ખરીદે છે. ■

# દેડિયાપાડામાં ચૈતર વસાવાની ધરપકડથી તંગદિલીઃ કલમ ૧૪૪ લાગુ, પોલીસની શાંતિની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાના દેડિયાપાડામાં આમ આદમી પાર્ટી (આપ)ના ધારાસભ્ય ચૈતર વસાવા સામે ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાની ફરિયાદના આધારે દેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ ઘટના આદિજાતિ વિકાસ કચેરી (એટીવીટી)ની સંકલન બેઠક દરમિયાન બની હતી, જ્યાં ચૈતર વસાવા અને સંજય વસાવા વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. આ ઘટનાને પગલે નર્મદા પોલીસે ચૈતર વસાવાની ધરપકડ કરી હતી.

ધરપકડ બાદ ચૈતર વસાવાના સમર્થકો મોડી રાત સુધી રાજપીપળા ખાતે એલસીબી કચેરીએ એકઠા થયા હતા, જેના કારણે પોલીસ અને સમર્થકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે નર્મદા પોલીસે બળપ્રયોગનો ઉપયોગ કરવો પડ્યો હતો. આ ઉપરાંત, દેડિયાપાડામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, કલમ ૧૪૪નો ભંગ કરનાર સામે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૈતર વસાવાએ તાજેતરમાં મનેરગા કૌભાંડને ઉજાગર કરીને ચર્ચામાં આવ્યા હતા. તેમની ધરપકડ બાદ સમર્થકોનો જમાવડો એલસીબી કચેરી બહાર થયો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નર્મદા પોલીસે રાજપીપળા અને દેડિયાપાડામાં એસઆરપીની ટુકડીઓ તૈનાત કરી છે. પોલીસે નર્મદા જિલ્લાના નાગરિકોને શાંતિ જાળવવા અને કાયદાનું પાલન કરવા અપીલ કરી હતી. આ ઘટનાએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે અને આગામી સમયમાં આ મામલો વધુ વણસે તેવી શક્યતા છે. ■

# ચૈતર વસાવાના રિમાન્ડ અને જામીન કોર્ટે નામંજૂર કર્યા, રાજપીપળાથી વડોદરા જેલમાં ખસેડવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદાના દેડિયાપાડામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપના નેતા વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. આ મામલે ચૈતર વસાવાને રાજપીપળા કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા પોલીસે માગેલા ૫ દિવસના રિમાન્ડને નામંજૂર કરવામાં આવ્યા હતા. ચૈતર વસાવાનાં રિમાન્ડ નામંજુર થયા બાદ તેમને વડોદરા લાવવામાં આવ્યા હતા. વડોદરાની એસએસજી હોસ્પિટલમાં વસાવાનું મેડિકલ ચેકપ કરવામાં આવ્યું હતું. કોર્ટના આદેશ બાદ ચૈતરને પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

રાજપીપળા કોર્ટમાં ચૈતર વસાવાના વકીલ ગોપાલ ઈટાલિયા દ્વારા દલીલો કરવામાં આવી હતી. તેમણે ચૈતર વસાવાના જામીન પણ માગ્યા હતા જોકે કોર્ટે જામીનને નામંજૂર કરી દીધા હતા. જેના કારણે ચૈતર વસાવા ફરી એકવાર જેલમાં ગયા હતા.

હવે ચૈતર વસાવાને સેશન્સ કોર્ટમાંથી જામીન લેવી પડશે. ચૈતર વસાવાને હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં મૂકવામાં આવ્યા છે. ચૈતર વસાવાના વકીલ ગોપાલ ઈટાલિયા દ્વારા ૭ જુલાઈએ ડિસ્ટ્રિક્ટ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવશે. જોકે આ સમગ્ર મામલે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની નવી મુશ્કેલીઓ હવે વધી છે. તેઓને રાજપીપળા જેલથી વડોદરા જેલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે રાજપીપળા જેલ લઈ જતા સમયે તેમના સમર્થકો દ્વારા રસ્તાની વચ્ચે આવીને પોલીસને પણ રોકવામાં આવી હતી.

આત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે તાલુકા સંકલનની બેઠક દરમિયાન ધારાસભ્ય ચૈતર વસાવાની પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જો કે વાત વધીને મારામારી સુધી પહોંચી હતી. જેને પગલે તેમની સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ત્રીજી ફરિયાદ ચૈતર વસાવા સામે નોંધાઈ છે. તેમને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા ત્યારે કોર્ટની બહાર વકીલોનો ભારે હંગામો કર્યો હતો. જ્યારે ચૈતર વસાવાના વકીલ ગોપાલ ઈટાલિયાને પોલીસે રોકતા પોલીસ અને વકીલ વચ્ચે તંગદીલી સર્જાઈ હતી. ■

# રાધનપુર-મહેસાણા હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં માતા-પુત્ર સહિત એક જ પરિવારનાં ત્રણનાં મોત

અમદાવાદઃ રાધનપુર-મહેસાણા હાઈવે પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં રિક્ષા અને આઈસર ટેમ્પો વચ્ચેની ટક્કરમાં રિક્ષામાં સવાર એક જ પરિવારનાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. આ અકસ્માત એટલો ગંભીર હતો કે રિક્ષાનો સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, રાધનપુરથી વરણા તરફ જઈ રહેલી રિક્ષાને આઈસર ટેમ્પોએ ટક્કર મારી હતી. મૃતકોમાં ૩૦ વર્ષીય વિરામભાઈ, ૧૨ વર્ષીય આશિષ અને ૫૫ વર્ષીય ગાલાબેનનો સમાવેશ થાય છે, જેઓ માતા-પુત્ર સહિત એક જ પરિવારના સભ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે રાધનપુરની હૉસ્પિટલમાં ખસેડ્યા હતા. અકસ્માત સર્જીને આઈસર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી, અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને ફરાર ચાલકને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે. આ ગમખ્વાર અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ■

# સાત બાળકનાં મોત ચાંદિપુરા વાઈરસથી ન થયાનો રિપોર્ટમાં ખુલાસો, મગજના તાવથી મોત થયા હોવાનું અનુમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ''સેન્ડફલાય'' માખીથી થતા રોગચાળાએ હાહાકાર મચાવી મૂક્યો છે. ૨૦ જૂનથી અત્યાર ૫ જુલાઈ સુધીમાં સેન્ડફલાય માખીથી ફેલાતા શંકાસ્પદ વાઇરસના કારણે આઠ બાળકનાં વડોદરાની સયાજી હૉસ્પિટલમાં મોત થયાં છે. આ તમામ બાળકોના ચાંદીપુરા વાઇરસના કારણે મોત થયાની શંકાએ લોહીના નમૂના ગાંધીનગર તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ૬ જુલાઈ, ૨૦૨૫એ ૮ પૈકી ૭ બાળકના ચાંદિપુરા વાઇરસના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. તો બીજી તરફ આ બાળકોનાં મોત મગજના તાવથી થયાની શક્યતા સયાજી હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના હેડ ડૉ. ઓમપ્રકાશ શુક્લએ વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, હાલમાં ૩ બાળકને સયાજી હોસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના પીઆઈસીમાં સારવાર આપવામાં આવી રહી છે. ત્રણ બાળક પૈકી ૬ માસ અને ૮ વર્ષનું બાળક આઈસીયુમાં વેન્ટિલેટર પર છે. જ્યારે ૭ વર્ષના બાળકની તબિયતમાં સુધારો થતાં જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવેલા છે.

સયાજી હૉસ્પિટલના પીડિયાટ્રીક વિભાગના હેડ ડૉ. ઓમપ્રકાશ શુક્લએ જણાવ્યું હતું કે, પંચમહાલ અને દાહોદ જિલ્લાના શંકાસ્પદ 'સેન્ડફલાય' માખીખી ફેલાતા વાઈરસનો ભોગ બનેલા ૧૫ જેટલા બાળકને સારવાર માટે પીડિયાટ્રીક વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બાળકો પૈકી આઠ બાળકના મોત નીપજ્યા છે. આ તમામ ૧૫ બાળકના લોહીના નમૂના તપાસ માટે ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા હતા, જે પૈકી સાત બાળકોનો ચાંદીપુરાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. અન્ય બાળકોના રિપોર્ટની રાહ જોવાઇ રહી છે.

ડૉ. ઓમપ્રકાશ શુક્લએ વધુમાં જણાવ્યું હતું કે, બાળકોના મોત ચાંદિપુરાથી નહીં, પરંતુ મગજના તાવથી મોત નીપજ્યાં હોવાનું અનુમાન છે. આમ છતાં બાળકોના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. ■

# બુલેટ ટ્રેનના પિલર કામગીરી માટે અમદાવાદનો આરટીઓ-ચાંદખેડા રોડ એક વર્ષ સુધી રહેશે બંધ

અમદાવાદઃ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પિલર બનાવવાની કામગીરીને કારણે આરટીઓ સર્કલથી કેશવનગર, સેન્ટ્રલ જેલ પોલીસ લાઇન, જે.પી.ની ચાલી, યુજીવીસીએલ સાબરમતી કચેરી થઈ ચિમનભાઈ બ્રિજના ઉત્તર છેડેથી ચાંદખેડા તરફ જતો રોડ તમામ વાહનચાલકો માટે બંધ કરવામાં આવશે. આ રોડ પર ૪ જુલાઈ, ૨૦૨૫ થી ૨૦ જૂન, ૨૦૨૬ સુધી એટલે કે એક વર્ષ સુધી વાહનવ્યવહાર પ્રતિબંધિત રહેશે. બાંધકામ કરનાર એજન્સી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, પિલર બનાવવાની કામગીરી માટે રસ્તાનો અમુક ભાગ બંધ કરવો અનિવાર્ય છે. જોકે, સ્થાનિક રહીશોની સુવિધા માટે ફક્ત ટૂ-વ્હિલર પસાર થઈ શકે તેટલી આશરે ૩ મીટર જેટલી જગ્યા ખુલ્લી રાખવામાં આવશે. આ સિવાયનો તમામ રોડ પતરાથી બેરિકેડિંગ કરીને બંધ કરવામાં આવશે. આ માટે તેના વૈકલ્પિક માર્ગ તરીકે વાહનચાલકો આરટીઓ સર્કલથી ચિમનભાઈ પટેલ બ્રિજ થઈ સાબરમતી અને ચાંદખેડા તરફ અવર-જવર કરી શકશે. ■

# ફડણવીસે પંઢરપુરમાં 'આષાઢી એકાદશી'ની પૂજા કરી, ખેડૂતોની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી

પંઢરપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પંઢરપુરમાં 'આષાઢી એકાદશી' નિમિત્તે મહાપૂજા કરી હતી અને ખેડૂતોની સમૃદ્ધિ અને રાજ્યમાંથી તમામ સંકટ દૂર કરવા માટે ભગવાન વિઠ્ઠલના આશીર્વાદ માગ્યા હતા. લાંબા સમયથી ચાલતી પરંપરા મુજબ, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દર વર્ષે અષાઢી એકાદશીએ સોલાપુરના પંઢરપુરમાં ભગવાન વિઠ્ઠલ અને દેવી રુક્મિણીને સમર્પિત પ્રખ્યાત મંદિરમાં પ્રાર્થના કરે છે.

ફડણવીસે તેમની પત્ની અમૃતા ફડણવીસ સાથે પૂજા કરી હતી. જાટેગાંવ (નાસિક જિલ્લા)ના વારકરી દંપતી કૈલાસ દામુ ઉગલે અને કલ્પના ઉગલેને મુખ્ય પ્રધાન સાથે મહાપુજાનું સન્માન મળ્યું હતું. આ ઉજવણી માટે લાખો 'વારકરી' (ભગવાન વિઠ્ઠલના ભક્તો) પંઢરપુરમાં એકઠા થયા હતા.

મહાપૂજા પછીના પોતાના સંબોધનમાં મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે તેમણે ભગવાન વિઠ્ઠલને એવી પ્રાર્થના કરી છે કે 'ખેડૂતોને ખુશ અને સંતુષ્ટ રાખે, રાજ્યમાંથી તમામ સંકટ દૂર કરે અને દરેકને સદાચારના માર્ગે ચાલવા માટે શાણપણ આપે.'

આ વર્ષની યાત્રાના કદ અંગે તેમણે કહ્યું હતું કે 'વારી' પરંપરા દર વર્ષે વધતી રહે છે. 'આ વર્ષની વારી (યાત્રા)એ ભક્તોની મોટી સંખ્યામાં હાજરીનો નવો રેકોર્ડ બનાવ્યો છે, ખાસ કરીને યુવાનો, જેમાંથી ઘણા ભગવાન વિઠ્ઠલના આશીર્વાદ મેળવવા માટે પંઢરપુર સુધી ચાલીને ગયા હતા,' એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે વારીનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે.

'આ યાત્રામાં દરેક ભક્ત ભગવાન વિઠ્ઠલને એકબીજામાં જુએ છે. દુનિયામાં બીજે ક્યાંય આવી પરંપરા જોવા મળતી નથી. વારીમાં હરિના નામનો જાપ નવી ઉર્જા લાવે છે. વારી ભક્તિ ચળવળની સાચી ભાવનાને સમર્થન આપે છે,' એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# મધ્ય રેલવેમાં મેલ-એક્સપ્રેસ ટ્રેનો દોડાવવામાં વધારો

## રોજની વધુ આઠ ટ્રેનોનો વધારા થયો

મુંબઈઃ રેલવે ભારતની અર્થવ્યવસ્થામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, સાથે દેશના લોકો માટે એક ભરોસાપાત્ર અને સસ્તો પરિવહન વિકલ્પ પણ છે. તેમ છતાં વસ્તીના પ્રમાણમાં દોડી રહેલી ટ્રેનો હંમેશા ઓછી પડતી હોય તેવું લાંબા વેઇટિંગ લિસ્ટ જોઈને લાગે છે. તો ઉપનગરીય રેલવે વ્યવસ્થામાં હંમેશા મોડી પડતી ટ્રેનો લોકો માટે માથાનો દુખાવો છે.

મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝન દ્વારા મેલ-એક્સપ્રેસ ટ્રેનો અને નિયમિતતા બાબત જાણકારી જાહેર કરાઈ છે. જૂન-૨૦૨૫ દરમિયાન સેન્ટ્રલ રેલવેના મુંબઈ ડિવિઝન દ્વારા કુલ ૬૦૩૫ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો (૫૬૧૫ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો અને ૪૨૦ સ્પેશિયલ ટ્રેનો સહિત) દોડાવવામાં આવી છે, જે સરેરાશ ૨૦૧ ટ્રેન પ્રતિ દિવસ છે, જ્યારે ગયા વર્ષે જૂન મહિનામાં કુલ ૫૮૦૧ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો, રોજની સરેરાશ ૧૯૩ ટ્રેનોના હિસાબે દોડાવવામાં આવી હતી. આમ, તેમાં રોજની ૮ ટ્રેનનો વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન, મુંબઈ ડિવિઝન દ્વારા કુલ ૧૬૮૫૩ મેલ અને એક્સપ્રેસ (૧૩૯૦ સ્પેશિયલ ટ્રેનો સહિત) દોડાવવામાં આવી છે. જે રોજની સરેરાશ ૧૮૫ ટ્રેન થાય છે. જ્યારે ગયા વર્ષના પહેલા ત્રણ મહિનામાં રોજની ૧૮૩ ટ્રેનોની સરેરાશથી કુલ ૧૬૭૦૧ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો (૧૩૨૫ સ્પેશિયલ ટ્રેનો સહિત) દોડાવવામાં આવી હતી.

એપ્રિલથી જૂન-૨૦૨૪ દરમિયાન સમર સ્પેશિયલ ટ્રેનો સહિતની ખાસ ટ્રેનોની સંખ્યા ૪૪૯ હતી, જ્યારે આ વર્ષે તેમાં ૧૭ ટકા વધારા સાથે એપ્રિલથી જૂન-૨૦૨૫ દરમિયાન ૫૨૬ ખાસ ટ્રેનો દોડાવાઈ હતી.

રોજની બહારગામની અને ઉપનગરીય ટ્રેનોની સંખ્યા અને નેટવર્કની વિશાળતાને જોતાં, ટ્રેનોના સંચાલન ઉપરાંત તેની નિયમિતતા પણ એક મહત્વનો મુદ્દો છે. મુંબઈ ડિવિઝને આપેલી માહિતી મુજબ ટ્રેનની સમયસરતામાં સુધારો કરવામાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ■

# મુંબઈ લોકલમાં માત્ર પાંચ મહિનામાં ૯૨૨ પ્રવાસીનાં મોત

## ૨૧૦ લોકો ચાલતી ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ પામ્યા

મુંબઈઃ મુંબઈની જીવનદોરી ગણાતી લોકલ ટ્રેન જાણે જીવલેણ લાઈન બની ગઈ હોય તેવું લાગે છે. મુંબઈ રેલવે પોલીસ કમિશનરેટ તરફથી મળેલા માહિતી અધિકાર આરટીઆઇના જવાબ મુજબ, પહેલી જાન્યુઆરીથી ૩૧ મે, ૨૦૨૫ દરમિયાન મુંબઈમાં લોકલ ટ્રેન મુસાફરોના ૯૨૨ અકસ્માત મૃત્યુ નોંધાયા છે. આ ડેટા વધુમાં જણાવે છે કે આમાંથી ૨૧૦ મૃત્યુ ચાલતી ટ્રેનોમાંથી મુસાફરો પડી જવાથી થયા હતા; જે મુંબઈના ઉપનગરીય રેલવે નેટવર્કમાં રહેલા ગંભીર સલામતી સંકટની ચેતવણી છે.

રેલવે કાર્યકરો અને મુસાફરોના સંગઠનોએ લાંબા સમયથી વધી રહેલી ભીડ અપૂરતી સંખ્યામાં કોચ અને પ્લેટફોર્મ સલામતીના પગલાંના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જે લાખો દૈનિક મુસાફરોના જીવનને જોખમમાં મૂકે છે.

શહેરના એક આરટીઆઇ કાર્યકર્તા અજય બોઝ કહે છે કે, આ ફક્ત આંકડા નથી - તે જાહેર આરોગ્ય અને સલામતીની કટોકટી છે. આપણે લગભગ દરરોજ ટાળી શકાય તેવા કારણોસર જીવ ગુમાવી રહ્યા છીએ.

આ સમયગાળા દરમિયાન બાકીના ૭૧૨ અકસ્માત મૃત્યુ પાટા ઓળંગવા સહિતના વિવિધ કારણોથી થયા હતા. સૂત્રો અનુસાર મુંબઈની ઉપનગરીય રેલવે સિસ્ટમ પશ્ચિમ, મધ્ય અને હાર્બર લાઇન પર દરરોજ ૭૦ લાખથી વધુ મુસાફરોનું પરિવહન કરે છે. નીચે દર્શાવેલ આંકડા તરફ નજર કરીએ તો મધ્ય રેલવેમાં પડી જવાથી મૃત્યુના આંકડા રોજના સરેરાશ ૩૦ મૃત્યુ દર્શાવે છે, જે આંચકાદાયક છે. કુલ અકસ્માત મૃત્યુમાં પણ મધ્ય રેલવેનો ફાળો વધુ છે. પાંચ મહિનામાં રોજના સરેરાશ ૧૮૪ અકસ્માત મૃત્યુ અને ૪૨ ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ આંકડો લોકલ ટ્રેનોમાં મુસાફરોની સલામતી પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ■

### હિન્દી-મરાઠી વિવાદ

# શું ૧૬ ભાષા શીખનારા સંભાજી મહારાજ મૂર્ખ હતા? : શિંદેસેનાના વિધાનસભ્યનો સવાલ

છત્રપતિ સંભાજીનગરઃ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના વિધાનસભ્ય સંજય ગાયકવાડે છત્રપતિ સંભાજી મહારાજની સુપ્રસિદ્ધ બહુભાષી પ્રતિષ્ઠાને ટાંકીને ઉદ્ધવ અને રાજ ઠાકરે પર હિન્દી અને રાજ્યની શાળાઓમાં ત્રણ ભાષા નીતિના ઉગ્ર વિરોધ માટે હુમલો કર્યો હતો.

ઠાકરે પિતરાઈ ભાઈઓએ શનિવારે મુંબઈમાં બે દાયકામાં પ્રથમ વખત સંયુક્ત રેલીનું આયોજન કર્યું હતું, જેથી દેવેન્દ્ર ફડણવીસ સરકારને એનઈપી-૨૦૨૦ હેઠળ ત્રણ ભાષાની નીતિ અને અંગ્રેજી અને મરાઠી માધ્યમની શાળાઓમાં પહેલા ધોરણથી હિન્દી શીખવવા સંબંધિત બે સરકારી ઠરાવો (જીઆર) પાછા ખેંચાવવામાં તેમની 'સફળતા' નિમિત્તે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

'શું છત્રપતિ સંભાજી મહારાજ ૧૬ ભાષાઓ શીખવા માટે મૂર્ખ હતા? તારાબાઈ અને જીજાબાઈ હિન્દી સહિત અનેક ભાષાઓ જાણતા હતા. શું તેઓ પણ મૂર્ખ હતા? આપણે બધાએ શક્ય તેટલી ભાષાઓ શીખવી જોઈએ,' એમ ગાયકવાડે શનિવારે પત્રકારોને જણાવ્યું હતું.

'ભાષાના મુદ્દા પર રાજકારણ થવું ખોટું છે. જો આપણે આતંકવાદને રોકવા માગતા હોઈએ તો આપણે ઉર્દૂ પણ શીખવું જોઈએ. મેં આ ઘણી વાર કહ્યું છે,' એમ બુલઢાણાના વિધાનસભ્યે ઠાકરે પિતરાઈ ભાઈઓની ટીકા કરતાં કહ્યું હતું.

ઈતિહાસકારોના મતે, છત્રપતિ સંભાજી મહારાજ એક ઉચ્ચ શિક્ષિત રાજા હતા જેમણે સંસ્કૃત, મરાઠી અને હિન્દુસ્તાની સહિત અનેક ભાષાઓમાં નિપુણતા મેળવી હતી, અને આ ભાષાઓમાં તેમના કાર્યોને ખૂબ જ ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તાવાળા માનવામાં આવે છે. ■

# ભાજપના નેતાએ હિન્દીભાષી લોકો પરના હુમલાની નિંદા કરી, પહલગામ હુમલા સાથે સરખાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આતંકવાદીઓએ પહલગામમાં પ્રવાસીઓને તેમના ધર્મના આધારે નિશાન બનાવ્યા હતા, પરંતુ રાજ્યમાં ભાષાકીય આધાર પર લોકો પર હુમલો કરવામાં આવી રહ્યો છે, જે નિરાશાજનક છે, એમ મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલારે રવિવારે કહ્યું હતું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં સૌથી મોટો પક્ષ હોવાને કારણે ભાજપ મરાઠી લોકોના ગૌરવનું રક્ષણ કરશે અને સાથે સાથે બિન-મરાઠી રહેવાસીઓનું પણ રક્ષણ કરશે.

'મરાઠી અમારા માટે રાજકીય મુદ્દો નથી,' એમ ભાજપના નેતાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

ગયા અઠવાડિયે રાજ ઠાકરેની આગેવાની હેઠળના મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરોએ રાજ્યની રાજધાનીની બાજુના ભાયંદરમાં એક દુકાનદારને માર મારતા એક વાયરલ વીડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે કથિત રીતે મરાઠીમાં બોલવાનો ઇનકાર કરવા બદલ મારપીટ થઈ રહી છે.

પોલીસે નોટિસ ફટકાર્યા બાદ મનસેના સાત સભ્યોની અટકાયત કરવામાં આવી હતી અને તેમને જવા દેવામાં આવ્યા હતા.

ભાજપના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ મરાઠી ન બોલવા બદલ 'હિંદુઓ'ને નિશાન બનાવવાનો વિરોધ કર્યો હતો, જ્યારે તેમના કેબિનેટ સાથી પ્રતાપ સરનાઇકે, જે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેનાના નેતા છે, જણાવ્યું હતું કે મરાઠી પર મનસેનો એકાધિકાર નથી.

મનસે કાર્યકરો દ્વારા કથિત રીતે હિન્દી ભાષી લોકો પર થયેલા હુમલાઓ અંગે પૂછવામાં આવતા, શેલારે કહ્યું હતું કે, પહલગામ આતંકવાદી હુમલામાં, લોકોને ગોળી મારતા પહેલા તેમનો ધર્મ પૂછવામાં આવ્યો હતો. અહીં, લોકો પર તેમની ભાષાના આધારે હુમલો કરવામાં આવી રહ્યો છે. તે નિરાશાજનક છે. ■

નવમાં પાનાનું ચાલુ

## રાજ-ઉદ્ધવ સાથે

દેખાયા હતા અને ખાસ કરીને તેમણે કોઈ સ્પષ્ટ સંકેત યુતિ બાબતે આપ્યો નહોતો તે લોકોના ધ્યાન બહાર રહ્યું નથી. આ સંયુક્ત રેલી પછી પાંચ એવા મહત્ત્વના સવાલ ઉપસ્થિત થયા છે જેના જવાબની રાજ્યની જનતા રાહ જોઈ રહી છે.

પહેલો પ્રશ્નઃ શું મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી સાથે મળીને લડશે?

આ બેઠકમાં એવી કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી કે મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી સાથે મળીને લડવામાં આવશે કે અલગ અલગ લડશે. ઉદ્ધવ ઠાકરે સાથે આવવા માટે સકારાત્મક દેખાયા હતા. નઅમે સાથે આવ્યા છીએ, સાથે રહેવા માટેથ નઅમે બંને સાથે મળીને તમને ફેંકી દઈશુંથ નઆપણી મુલાકાત વારંવાર યોજાશેથ નમ્યુનિસિપલ કોર્પોરેશન માટે જ નહીં મહારાષ્ટ્ર માટે પણ છીએથ આ બધા ઉદ્ધવ ઠાકરે દ્વારા આપવામાં આવેલા સકારાત્મક નિવેદનો હતા. જોકે, રાજ ઠાકરેએ ફક્ત એવું જ નિવેદન આપ્યું હતું કે નમરાઠી લોકોના હિતમાં આ એકતા કાયમી રહેવી જોઈએ.થ તેથી જ એવું તારણ કાઢી શકાય છે કે ઉદ્ધવ સકારાત્મક છે પણ રાજ સાથે આવવા બાબતે સાવધ છે.

બીજો પ્રશ્નઃ શું બંને ભાઈઓ કાયમ માટે એક સાથે આવશે?

ઉદ્ધવ ઠાકરે એક સાથે આવવા અંગે આગ્રહી લાગતા હતા. ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેની પ્રશંસા પણ કરી હતી. જોકે, રાજ ઠાકરે એટલા હકારાત્મક જણાતા નહોતા. તેમણે ઉદ્ધવ ઠાકરેની ખાસ પ્રશંસા કરી નહોતી. તેથી, ભાઈઓ ભેગા થવા માટે ભેગા થયા હતા, પરંતુ ભવિષ્યમાં પણ આ ચિત્ર જોવા મળશે કે કેમ તે અંગે લોકોના મનમાં હજી શંકા છે. બે તલવારો એક મ્યાનમાં કેવી રીતે રહી શકે છે તે પ્રશ્નનો જવાબ મળે, તો જ બંને ભાઈઓ એક સાથે આવશે કે કેમ તે પ્રશ્નનો જવાબ મળશે, એવું રાજકીય નિરીક્ષકોને લાગે છે.

ત્રીજો પ્રશ્નઃ ઉદ્ધવ ઠાકરે પ્રત્યે રાજ ઠાકરેનું વલણ કેમ સાવચેતીભર્યું હતું?

રાજ ઠાકરે ખુલ્લેઆમ બોલ્યા નહીં. રાજ ઠાકરેએ વીસ વર્ષ પછી ઉદ્ધવ અને હું એક સાથે આવ્યા તે સિવાય બીજી કોઈ ટિપ્પણી કરી ન હતી. ૨૦૧૭માં મનસેએ ઉદ્ધવ ઠાકરેને ગઠબંધનનો પ્રસ્તાવ મોકલ્યો હતો, તે સમયે ઉદ્ધવ ઠાકરેએ કોઈ જવાબ આપ્યો ન હતો. તેને કારણે શું રાજ ઠાકરે શંકાશીલ છે? જ્યારે મને જરૂર હતી ત્યારે તમે મને મદદ ન કરી, હવે હું તમને કેમ મદદ કરું, શું રાજ ઠાકરેના મનમાં આ સવાલ છે? આ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રાજ-ઉદ્ધવ ગઠબંધનની ચર્ચા શરૂ થયા પછી પણ રાજ ઠાકરે અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મળ્યા હતા. તેથી, રાજ ઠાકરે કોઈ અન્ય નિર્ણય લેવા માગે છે કે કેમ તે હજી સ્પષ્ટ થયું નથી.

ચોથો પ્રશ્નઃ શું ઉદ્ધવ ઠાકરે રાજ માટે મહાવિકાસ આઘાડી છોડશે?

ઉદ્ધવ ઠાકરેએ મહાવિકાસ આઘાડી છોડવાનો કોઈ સંકેત આપ્યો ન હતો. જોકે, આ સભામાં કોંગ્રેસનો એકેય નેતા હાજર નહોતો. બીજી તરફ, પવારની એનસીપીમાંથી સુપ્રિયા સુળે અને જીતેન્દ્ર આવ્હાડ પહેલી હરોળમાં હાજર હતા. સભામાં હાજર રહેલા અન્ય પક્ષોના નેતાઓને સ્ટેજ પર બોલાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો બંને સાથે આવ્યા બાદ એમવીએનું શું થશે, એનો જવાબ મળ્યો ન હતો.

પાંચમો પ્રશ્નઃ શું રાજ ઠાકરે ફડણવીસ અને શિંદેને છોડી દેશે?

રાજ ઠાકરેએ ફડણવીસ પર પ્રહાર કરતા કહ્યું કે, બાળાસાહેબ જે કરી શક્યા નહીં તે કરાવવામાં ફડણવીસ સફળ થયા. જોકે, તેમણે એકનાથ શિંદેની ટીકા કરી ન હતી. એકનાથ શિંદેએ પણ રાજ ઠાકરેની ટીકા કરી ન હતી, તેમણે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી અને રાજ ઠાકરેને મરાઠી હિત માટે કામ કરનારા લેખાવ્યા હતા. તેથી, રાજ ઠાકરેએ આ રેલીમાંથી કોઈ સંકેત આપ્યો નથી કે રાજ ઠાકરે શિંદે અને ફડણવીસને છોડી દેશે. ટૂંકમાં, બે ભાઈઓ સાથે આવશે, પરંતુ મહારાષ્ટ્રનું ચિત્ર હજુ સ્પષ્ટ થવાની જરૂર છે. ■

## સીએની પરીક્ષાનું

ગોખરુ સીએ ઇન્ટરમીડિયેટની ટોપર બની છે અને રાજન કાબરા સીએ ફાઇનલના ટોપર બન્યા છે. રાજન કાબરાએ ૬૦૦ માંથી ૫૧૬ ગુણ મેળવ્યા છે. કુલ ૧૪,૨૪૭ ઉમેદવારોએ ઈઅ ફાઇનલ પરીક્ષા પાસ કરી છે.

નવેમ્બર ૨૦૨૪ની સીએ ફાઇનલ પરીક્ષામાં કુલ ૩૦,૭૬૩ ઉમેદવારોમાંથી ફક્ત ૪,૧૩૪ જ પાસ થઈ શક્યા, એટલે કે, તેમની પાસિંગ ટકાવારી ૧૩.૪૪ ટકા હતી. બંને ગ્રુપમાં પાસ થયા બાદ કુલ ૧૧,૫૦૦ ઉમેદવારો સીએ ડિગ્રી માટે લાયક ઠર્યા હતા. ગ્રુપ ૧ માં, ૬૬,૯૮૭ ઉમેદવારોમાંથી ૧૧,૨૫૩ (૧૬.૮ ટકા) પાસ થયા, જ્યારે ગ્રૂપ ૨માં, ૪૯,૪૫૯ ઉમેદવારોમાંથી ૧૦,૫૬૬ (૨૧.૩૬ ટકા) પાસ થયા. ■

## શિવસેના-યુબીટીના

'ખૂબ જ જલ્દી,' એમ તેમણે ઉમેર્યું હતું.

મહાજને એવો દાવો કર્યો હતો કે ઠાકરેના નેતૃત્ત્વમાં હવે તેમના પક્ષના નેતાઓને પણ કોઈ વિશ્વાસ નથી.

દેવેન્દ્ર ફડણવીસના સંકટમોચન તરીકેની ખ્યાતિ પામેલા મહાજને એમ પણ કહ્યું હતું કે, નહિન્દી લાગુ કરવાના નિર્ણયને ઉદ્ધવ ઠાકરેની પોતાની સરકારે મંજૂરી આપી હતી. કેબિનેટે ઠરાવ પસાર કર્યો હતો અને ફાઇલમાં તેમની સહી હતી. હવે તેઓ એ જ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે જેને તેમણે એક સમયે ટેકો આપ્યો હતો. આ સ્પષ્ટ યુ-ટર્ન છે.થ

ઉદ્ધવ ઠાકરેને નપલટીબહાદુરથ ગણાવતા, મહાજને દાવો કર્યો હતો કે તેમનું વર્તન અપરિપક્વ હતું.

નતેમણે ફક્ત વર્તમાન સરકારનો વિરોધ કરવા માટે પોતાનું વલણ બદલ્યું છે.થ નઆગામી જિલ્લા પરિષદ, પંચાયત સમિતિ અને મ્યુનિસિપલ ચૂંટણીઓના પરિણામો બતાવશે કે દરેક નેતા પર જનતાનો કેટલો વિશ્વાસ છે,થ એમ તેમણે કહ્યું હતું.

નતેમણે શરદ પવારની એનસીપી અને કોંગ્રેસ સાથે હાથ મિલાવવા માટે બાળાસાહેબના હિન્દુત્વને બાજુ પર મૂકી દીધું (૨૦૧૯ની રાજ્ય વિધાનસભા ચૂંટણી પછી). મુખ્ય પ્રધાન બનવાની લાલસામાં, તેમણે પોતાનું રાજકીય ભવિષ્ય બરબાદ કરી દીધું છે,થ એવો દાવો ભાજપના નેતાએ કર્યો હતો. ■

## ચુનાભટ્ટીમાં રેલવે

રેલવે ક્રોસિંગ સાયનમાં ડંકન કોઝવે અને ચુનાભટ્ટીમાં વી.એન. પુરવ માર્ગને જોડે છે. આ રેલવે ક્રોસિંગને કારણે હાર્બર લાઈનની ટ્રેનોને ટાઈમટેબલને અસર થઈ રહી છે.

પીક અવર્સમાં ફાટક બંધ થવાથી રોડ ટ્રાફિકની સમસ્યા વધી રહી છે, બંને તરફ વાહનોની લાંબી લાઈન લાગતી હોય છે અને તેને કારણે ફાયરબ્રિગ્રેડ, ઍમ્બ્યુલન્સ સહિત પોલીસના વાહનોની અવરજવરને પણ અસર થઈ રહી છે. તેથી લાંબા સમયથી તેને બંધ કરવા બાબતે રેલવે અને સુધરાઈ વચ્ચે ચર્ચા ચાલી રહી હતી. સ્થાનિક નાગરિકો દ્વારા પણ અનેક વખત આ રેલવે ક્રોસિંગને બંધ કરીને અહીં બ્રિજ બાંધવાની માગણી કરવામાં આવી રહી હતી.

ચુનાભટ્ટી રેલવે ક્રોસિંગ બંધ કરવા સૌ પહેલા ૨૦૧૯માં ચર્ચા થઈ હતી. પુલના બાંધકામ માટે ડિઝાઈન અને ખર્ચાને લગતો અંદાજ તૈયાર કરવા માટે કન્સલ્ટન્સીની નિમણૂક કરવામાં આવી હતી અને ત્યારબાદ ગયા વર્ષે નવેમ્બરમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. પાંચ કંપનીઓએ તેમાં બોલી લગાવી હતી. તેમાંથી ઓછી બોલી લગાવનારી કંપનીને કામ સોંપવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનો તમામ કરવેરા સહિત કુલ ખર્ચ હવે ૫૨.૫૩ કરોડ થઈ ગયો છે. ■

## ઈ-ચલાન સમગ્ર

કંપની અશોકા બિલ્ડકોન લિમિટેડ (એબીએલ) અને તેની પેટાકંપની અશોકા પ્યોરસ્ટડી ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ (એપીટીપીએલ)ની આગેવાની હેઠળના કન્સોર્ટિયમને પાંચ સર્કલમાં એનાયત કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

એબીએલ દ્વારા જૂનમાં નેશનલ સ્ટોક એક્સચેંજને સુપરત કરવામાં આવેલી વિગતો અનુસાર, પ્રદેશવાર અંદાજિત ખર્ચ કોંકણ અને પશ્ચિમ મહારાષ્ટ્ર માટે ૩૧૫.૫૪ કરોડ રૂપિયા, મરાઠાવાડા માટે ૩૧૪.૯૬ કરોડ રૂપિયા, મુંબઇ માટે ૨૯૧.૪૯ કરોડ રૂપિયા, પુણે માટે ૨૮૫.૨૩ કરોડ રૂપિયા અને નાગપુર માટે ૧૭૯.૯૭ કરોડ રૂપિયા છે.

આઇટીએમએસ સિસ્ટમથી મુખ્ય ધોરીમાર્ગો પર માર્ગ અકસ્માતો અને જાનહાનિને ઘટાડવામાં મદદ મળશે એમ પરિવહન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## ૧૯૯૩નાં રમખાણોના

વરિષ્ઠ પોલીસ અધિકારી દ્વારા ફરાર આરોપીઓને શોધી કાઢવાની ઝુંબેશ હાથ ધરવાનો આદેશ અપાયો હતો. વડાલા પોલીસે પણ ખાનની શોધ હાથ ધરી હતી. પોલીસની ટીમ ખાનના ઉત્તર પ્રદેશ સ્થિત ગામે ગઈ હતી. ત્યાંથી મળેલી માહિતીને આધારે છેલ્લા કેટલાક દિવસથી પોલીસની ટીમ એન્ટોપ હિલ અને દિનબંધુ નગર ખાતે ખાનની શોધ ચલાવી રહી હતી. આખરે શનિવારે દિનબંધુ નગર ખાતેથી ખાન હાથ લાગ્યો હતો. ■

# હિન્દુ મરણ

સ્વ. રજનીકાન્તભાઇ તથા સ્વ. કુંજલતાબહેનના પુત્ર સુનીલ (ઉં. વ. ૬૮) સ્વ. સુજાતાબેનના પતિ. તેજસ તથા કીંજલના પિતા. ચીરાગકુમારના સસરા. હીદાના નાના. સુષમા, સંજય, સ્વ. રાકેશના ભાઇ. સ્વ. મોહનલાલ તથા તારાબેનના જમાઇ તા. ૫-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૭-૭-૨૫ના સોમવારે સાંજે ૫.૩૦થી ૭.૩૦. ઠે. બેલેવેસ્કી હોલ, ફ્રેન્ચ બ્રિજ ખાતે રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

આરતી ભાટીયા તે હેમલતા તથા સ્વ. કિશોરકુમાર ભાટીયાના પુત્રી. સ્વ. વૃંદા તથા રૂપલ શરદ કલવાણીની બહેન. દિશા ઋષભ કપૂરની માસી તા. ૪-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**જંબુસર વિશા લાડ વણિક**

અરુણભાઇ શેઠ (ઉં. વ. ૭૯) તા. ૫-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કાંતિલાલ તથા વસુમતી શેઠના સુપુત્ર. સ્વ. કલ્પનાબેનના પતિ. તે સ્વ. નિરંજ તથા સ્વ. મુકેશ તથા શિલ્પા ભરત વેપારીના મોટાભાઇ. શૈલ તથા અ. સૌ. કૃતિના પિતાશ્રી. અ. સૌ. મોના તથા રિશારભાઇના સસરા. સ્વરા તથા ચિ. સિયાના નાનાજી. પ્રાર્થનાસભા તા. ૭-૭-૨૫ના સોમવાર સાંજે ૫થી ૭. ઠે. રામ ઝરુખા, ટાવર ૧, ગ્રાઉન્ડ ફ્લોર, એસ. વી. રોડ, અંધેરી (પશ્ચિમ).

**હાલાઇ લોહાણા**

રાણા કંડોરાણા વાળા હાલ વિરાર વિનોદભાઇ તથા ઉર્મિલાબેન ખોડાની સુપુત્રી સ્વીટી. જશુબેન રણછોડદાસ ખોડાની દોહીત્રી. તથા કલ્યાણજીભાઇ, ગોવિંદભાઇ, દિલીપભાઇ મધુબેનની ભત્રીજી. તથા મનોજભાઇ સુનીલભાઇ, ધર્મેન્દ્રભાઇ, રૂપેશભાઇ, પ્રિતીબેન ચિરાગકુમાર દાણી તથા શ્વેતાબેન દીપલકુમાર ઠક્કરની નાની બહેન તા. ૬-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭-૭-૨૫ સોમવારના, ઠે. મોહનબાગ, તિરૂપતિ નગર, વલ્લભ વિજય હોસ્પિટલ વાળી ગલ્લીમાં વિરાર (વેસ્ટ), સાંજે ૪-૩૦થી ૬.

**કચ્છી રાજગોર**

મૂળગામ કચ્છ નાંગલપુરના હાલ જોગેશ્વરી પરેશભાઇ (ઉં.વ. ૪૭) મુંબઇ મધ્યે તા. ૫-૭-૨૫ શનિવારના રામશરણ પામેલ છે. તે ગં. સ્વ. મંજુલાબેન ચુનીલાલ જેસરગોરના સુપુત્ર. અલ્પાબેન (વંદના)નાં પતિ. વંશનાં પિતા. સ્વ. લક્ષ્મીબેન મમુભાઇના પૌત્ર. ગામ બિદડા હાલ લોઅર પરેલના સ્વ. ભચીબાઇ વીશનજી વીરાણીનાં દોહીત્ર. તરૂણનાં નાનાભાઇ. ગામ મસ્કાના લક્ષ્મીબેન લાભશંકર ઉગાણીના જમાઇ. બન્ને પક્ષની સાદડી તા. ૭-૭-૨૫ના સોમવારના સાંજે ૪થી ૬. ઠે. કેશવગોરે સ્મારક, સ્મૃતિ, આરે રોડ, ગોરેગાંવ (વેસ્ટ).

**બાલાસિનોર દશા નીમા વણિક**

નવીનચંદ્ર રમણલાલ મોદી (ઉં. વ. ૭૯) તે નિપુણાબેનના પતિ. બિમલ તથા કેતનના પિતા. અર્પિતા તથા પાયલ ના સસરા. હાર્વીના દાદા. ૫/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૭/૭/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, સીટી સેન્ટર સામે,એસ. વિ. રોડ ગોરેગામ વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણવાળા પંચાલ**

મૂળગામ સુણોક નિવાસી હાલ કાંદિવલી વિશ્વ પ્રવીણભાઈ પંચાલ (ઉં. વ. ૩૧) તે ૫/૭/૨૫ ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રવીણભાઇ છોટાલાલ પંચાલના પુત્ર, દક્ષાબેનના પતિ. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૭/૭/૨૫ ના ૪ થી ૬ કલાકે રઘુલીલા મોલ, ચોથે માળે, પોઇસર બસ ડેપો પાછળ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી શશીકાંત (ઉં. વ. ૮૧) તે સ્વ.જયાબેન બાબુલાલ વોરા ના પુત્ર. સ્વ ભારતીબેન ના પતિ. આશિષના પિતા. હેતલના સસરા. ભુપેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. હંસાબેનના ભાઈ, અમૃતલાલ ત્રિભોવનદાસ મહેતા અમરેલીના જમાઈ. ૫/૭/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી**

પરિવાર ભાવનગર, હાલ ખાનગી નિવાસ ખારઘર નયના મહેતા (ઉં. વ. ૭૪) સ્વ. લલિતકુમાર ભાઈલાલ મહેતાની પત્ની. જતીન અને ભાવિષાની માતા. સાચી, ભાવિની દાદી. માનસી અને દર્શનની સાસુ. તારીખ ૬ જુલાઈ ૨૫ના રોજ વિદાય લીધી છે. પ્રાર્થનાસભા તારીખઃ ૮ જુલાઈ ૨૦૨૫, મંગળવાર સમયઃ સાંજે ૪ થી ૬. સ્થળઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ.

**હાલાઇ લોહાણા**

ભગવાનદાસભાઇ (ઉં. વ. ૮૮)એ સ્વ. નિર્મળાબેન નારણદાસ ભાઇ ઠક્કરના સુપુત્ર. કવિતાબેનના પતિ. મીતેનના પિતાશ્રી. જાગૃતિના સસરા. યશના દાદા શનિવાર તા. ૫-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭-૭-૨૫ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મનફરાના સ્વ. કુંવરજી ભચુ સત્રા (ઉં. વ. ૭૩) ૧/૭/૨૫ના અવસાન પામેલ છે. કામલબેન ભચુ વીરજી સત્રાના પુત્ર. સ્વ. કેસરબેનના પતિ. ડો. નયના, ડો. નીતા, મોનીકા, સ્વ. ડો. જીગરના પિતાશ્રી. સ્વ. રાયચંદના ભાઈ. ગં.સ્વ. પુનઈબેન રાયશી કોરશી ફરીયાના જમાઈ. પ્રાર્થના સ્થળઃ યોગી સભા ગૃહ, દાદર -ઈસ્ટ, પ્રાર્થના સમયઃ બપોરે, ૩.૦૦ થી ૪:૩૦. જાપ ૪:૩૦ થી ૫:૦૦. ઠે. કુંવરજી ભચુ સત્રા, ૩૦૧, શિવ રત્ન બિલ્ડીંગ, હરદેવી સોસાયટી, જોગેશ્વરી-ઈસ્ટ.

બિદડા (મઠ ફરીયો)ના શ્રી શાંતિલાલ જગશી દેઢિયા (ઉં. વ. ૭૪) તા.૪/૭/૨૫ ના અવસાન પામેલ છે. ભચીબાઈ જગશીના પુત્ર. મંજુલાના પતિ. મમતા, ભવ્યાના પિતા. પ્રેમજી, જવેર, પ્રભાના ભાઈ. દેઢીઆ હાંસબાઈ નાનજી કારાણીના જમાઈ. પ્રા.વ.સ્થા.જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર(વે.) ટા.૨ થી ૩.૩૦. સોમવાર. (ત્વચાદાન તથા ચક્ષુદાન કરેલ છે) નિ. મંજુલા દેઢિયા, ૯, વિશાલ બિલ્ડીંગ, કોપર રોડ, ડોંબીવલી (વે).

લુણીના ખીમજી (બાબુભાઈ) દેવજી માલદે (ઉં. વ. ૯૦) તા.૩-૭-૨૫ ના અરિહંતશરણ પામેલ છે. હાંસબાઈ દેવજી વેલજીના પુત્ર. અ.સૌ. મણીબેન ઉર્ફે મંજુલા ના પતિ. સાડાઉ પાનબાઈ ઉર્ફે જખીબાઈ કાકુભાઈ ઉર્ફે રતનશી શીવજી દેઢિયાના જમાઈ. કાંતિ, જયા, રમેશ, અશોકના પિતાશ્રી. રતનશી, જયંતિલાલ, છસરા દેવકાંબેન મગન,સાડાઉ મણીબેન ખીમજી, વડાલા હિરબાઈ લાલજી, કુંદરોડી મધુબાલા નવિનચંદ્રના ભાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં કરસન લધુ નીસર હોલ, દાદર (વે) ટા.૪ થી ૫.૩૦ નિ. કાંતિ માલદે, ૩૦૩, કોનાર્ક રેસીડન્સી, દિક્ષીત રોડ, વિલેપાર્લે (ઈ).

હાલાપુર હાલે ડોંબીવલીના શ્રી માવજી શીવજી મારૂ (ઉં. વ. ૮૯) તા. ૫-૭-૨૫ના અવસાન પામેલ છે. ગોરબાઇ શીવજીના પુત્ર. રતનબેનના પતિ. ભારતી, બિપીન, ચંદન, કેતન, ભુપેન્દ્રના પિતા. દેઢિઆના સોનબાઇ વાલજી, કોટડા ના લક્ષ્મીબેન મદનલાલ, લક્ષ્મીચંદના ભાઇ. કોટડી મહા. ભાણબાઈ હંસરાજ ના જમાઈ. પ્રાર્થનાઃ રોટરી ક્લબ, રઘુવીર નગર, સુવિધિનાથ દેરાસરની બાજુમાં, ડોંબીવલી (ઇ). ટા. : ૪ થી ૫.૩૦. નિ. : ભુપેન્દ્ર મારૂ, બી-૬, માલીની સો., પાંડુરંગવાડી, માનપાડા રોડ, ડોંબીવલી (ઈ).

**દશા ઓશવાલ પાટણ જૈન**

પાટણ કોકાના પાડાના હાલ અંધેરી મુંબઇ સ્વ. સુલોચનાબેન લલિતભાઇ શાહના પુત્ર વિકેશભાઇ (ઉં. વ. ૬૯) તા. ૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. મેઘા મહેન્દ્રના પિતા અને સ્વ. લાજવંતી ગોકલાનીજીના જમાઇ. મુકેશભાઇ, પારુબેન, શિલ્પાબેનના ભાઇ. ચેતનાબેનના દીયર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## બે દિવસમાં જ

જળાશયોમાં પાણીની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં તાનસામાં ૧૧૩ મિ.મી., મોડકસાગરમાં ૧૨૬ મિ.મી. અને મિડલ વૈતરણામાં ૧૧૯ મિ.મી. વરસાદ પડયો હતો. વિવાર સવારના છ વાગે સાતેય જળાશયોમાં ૮,૬૨,૧૦૦ મિલ્યન લિટર જેટલું પાણી જમા થયું હતું. હજી શુક્રવાર, ચાર જુલાઈના સાતેય જળાશયોમાં ૭,૩૪,૫૬૨ મિલ્યન લિટર (૫૦.૭૫ ટકા) પાણીનો જથ્થો હતો. માત્ર બે દિવસમાં જળાશયોમાં ૧,૨૭,૫૩૮ મિલ્યન લિટર પાણી જમા થઈ ગયું છે. આ પાણી મુંબઈગરાને ૩૨ દિવસ ચાલે એટલું જ છે.

ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૧,૫૭,૪૪૯ મિલ્યન લિટર (૧૦.૮૮ ટકા) અને ૨૦૨૩ની સાલમાં જળાશયોમાં ૨,૬૪,૬૫૭ મિલ્યન લિટર (૧૮.૨૯ ટકા) પાણી હતું. તેની સામે આ વર્ષે જૂન અને જુલાઈ મહિનામાં જળાશયોમાં પાણીની સપાટી ૬૦ ટકાની આસપાસ પહોંચી ગઈ છે. એટલે કે જળાશયોમાં મુંબઈને ૨૧૮ દિવસ ચાલે એટલું પાણી જમા થઈ ગયું છે.

સતત પડી રહેલા વરસાદને કારણે જળાશયોમાં પાણીનું સ્તર ૬૦ ટકા સુધી પહોંચી જતા હાલ પૂરતી પાણીની ચિંતા હળવી થઈ છે. જુલાઈ મહિનામાં વરસાદનું જોર આવું જ રહ્યું અને ત્યારબાદ ઑગસ્ટ અને સપ્ટેમ્બર પણ હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ ચાલુ રહ્યો તો જળાશયો છલકાઈ જાય તો આખા વર્ષની ચિંતા દૂર થઈ શકે છે. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલી ઑક્ટોબરના જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર પાણીનો જથ્થો હોવો આવશ્યક છે. મુંબઈને પ્રતિ દિન ૩,૮૫૦થી ૩,૯૦૦ મિલ્યન લિટર જેટલો પાણી પુરવઠો કરવામાં આવે છે. ■

## દહિસર ટોલનાકા

સાથી હરીશ બૈરાગી સાથે નાઈટ ડ્યૂટીમાં શુક્રવારની રાતે ૧૧ વાગ્યાની આસપાસ ટોલનાકા ખાતે ફરજ પર હાજર થયો હતો. બન્નેની ડ્યૂટી દહિસર ટોલનાકાના બૂથ નંબર-૧ ખાતે હતી. ત્યાંથી પસાર થનારા વાહનના ડ્રાઈવરોને બન્ને જણ ટોલપાવતી બનાવીને આપતા હતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે વહેલી સવારે દહિસરથી મીરા રોડ તરફ એક ટ્રેલર જઈ રહ્યું હતું. આ ટ્રેલરના પાછળ કન્ટેઈનરના ભાગમાં બહારની તરફ જોખમી રીતે સામાન રાખવામાં આવ્યો હતો. સામાન એટલો બહાર હતો કે તે ટોલ બૂથને અડી ગયો હતો, જેને કારણે બૂથ હલી ગયું હતું અને ઊંધું વળવા લાગ્યું હતું. બૂથ પાસે હાજર હરીશ સમયસર દૂર ખસી ગયો હતો, જ્યારે નાગેશ ટ્રેલર પરના સામાન અને બૂથ વચ્ચે દબાઈ ગયો હતો. ગંભીર જખમી નાગેશ ઘટનાસ્થળે બેભાન થઈ જમીન પર ફસડાઈ પડ્યો હતો. રિક્ષામાં તેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ■

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

# દરેક ધજા નિમંત્રણ આપી રહી છે કે આવ, તારું સ્વાગત છે...



મનન

# ગુરુદેવ એટલે ગુરુદેવ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



જેની માટે બીજો કોઈ શબ્દ શોધાયો જ નથી, ગુરુદેવ એટલે ગુરુદેવ. જેમની કરુણાની સમકક્ષ અન્ય કોઈની પણ કરુણા આવી ન શકે, કારણકે ગુરુદેવ એટલે ગુરુદેવ. શિષ્ય પર કૃપા કરવાની જેમની ક્ષમતા અને તત્પરતાની તોલે કોઈ ન આવી શકે, શિષ્યની પ્રકૃતિ તથા રુચિને અનુરૂપ માર્ગદર્શન કરવા અન્ય કોઈ એ માત્રામાં સંવેદનશીલ ન હોય, મુશ્કેલીઓનું પણ સર્જન કરીને જેઓ શિષ્યનો માર્ગ સરળ કરવા સક્ષમ હોય, જે સહજતામાં પણ શિષ્યને અંતિમ મુકામે પહોંચાડવા કાર્યરત હોય, શિષ્ય સાથે વાર્તાલાપમાં જે ક્યારેક શબ્દોનો ઉપયોગ કરતા હોય તો ક્યારેક મૌન દ્વારા સંવાદ સ્થાપિત કરતા હોય, સહજ વાતમાં જે શિષ્ય સમક્ષ સૃષ્ટિના સમીકરણો છતા કરી દેતા હોય, જેમના આંખના એક પલકારાથી શિષ્યની સમગ્ર ચેતના જાગ્રત થઈ જતી હોય, તે ગુરુદેવ એટલે ગુરુદેવ.

જેમની હાજરીમાં મન સંપૂર્ણ નિયંત્રણમાં રહેતું હોય, ઇન્દ્રિયો શાંત થઈ જતી હોય, બુદ્ધિ નિર્વિકલ્પતાને પામતી હોય, ચિત્ત બધા જ પ્રકારના સંસ્કારથી અને ધારણાઓથી મુક્ત થઈ જતું હોય, અસ્તિત્વમાં માત્ર આધ્યાત્મિકતાના તરંગો જ પ્રવાહિત રહેતા હોય, સૃષ્ટિના નિયમો માટે એક અનેરો વિશ્વાસ ઊભો થતો હોય, ઈશ્વરની ન્યાય પ્રણાલીમાં અપાર શ્રદ્ધા જાગ્રત થતી હોય, અનાયાસે પણ મુક્તિ માટેની ભાવના પ્રબળ થતી હોય, બધી જ ઇચ્છાઓ - કામનાઓ નાશ પામતી હોય, તે ગુરુદેવ એટલે ગુરુદેવ.

જે ઈશ્વરના સાકાર સ્વરૂપ રૂપે હોય, સાક્ષીભાવની ચરમ સ્થિતિ સમાન હોય, ઈશ્વર તથા તેના ઐશ્વર્યનું પ્રતિનિધિત્વ કરતાં હોય, સત્યના આગ્રહી હોય, આધ્યાત્મિકતાના પર્યાય સમાન હોય, બધા જ ગુણોથી પર - ગુણાતીત હોય, જેમણે હંમેશાં તટસ્થતા, સમાનતા તથા સ્થિતપ્રજ્ઞતા ધારણ કરેલી હોય, જેમને પ્રવૃત્તિ કે નિવૃત્તિ, કર્મતા કે અકર્મતા, રાગ કે દ્વેષ - કોઈપણ વિરોધી જણાતી બાબત માટે રુચિ ન હોય, કોઈપણ પ્રકારની જેમને સંલગ્નતા ન હોય, જેમનું અસ્તિત્વ હંમેશાં સાક્ષીભાવે પ્રવર્તમાન હોય તે ગુરુદેવ એટલે ગુરુદેવ.

ગુરુદેવ પ્રત્યે જો તે પ્રકારની દ્રષ્ટિ ન હોય તો સામાન્ય માનવી તરીકે જ જણાય. ગુરુદેવ માટે સમર્પણની ભાવના ન હોય તો તેમની દિવ્યતા ધ્યાનમાં ન આવે. ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધા અને પ્રેમ ન હોય તો તેઓ પોતાના વાસ્તવિક સ્વરૂપને તેઓ છતુ ન કરે. ચિત્ત શુદ્ધ ન હોય તો ગુરુદેવ સત્ય ઢંકાયેલું રાખે. મનમાં જો હજી પૂર્વગ્રહ હોય, મનમાં જો હજી આંટી વળેલી હોય તો ગુરુદેવની કૃપા માટે તે આંટી છૂટે ત્યાં સુધી પ્રતીક્ષા કરવી પડે. જેમનો વ્યવહાર સામાન્ય માનવી જેવો હોય છતાં પણ જેઓ સામાન્ય માનવી ન હોય, તે ગુરુદેવ એટલે ગુરુદેવ.

ક્યારેક માંગવાથી કશું ન આપે અને માંગ્યા વગર બધું લૂંટાવી દે, ક્યારેક જીવન મુશ્કેલ બનાવી દે અને ક્યારેક બધી મુશ્કેલીઓમાંથી બહાર કાઢે, વિરહમાં ક્યારેય રડાવી દે તો વિરહમાં જ ક્યારેક હર્ષાશ્રુ વહાવી દે, ક્યારેક કઠોર બને અને ક્યારેક મૃદુતા - ઉદારતાની સીમા પણ પાર કરી દે, ક્યારેક ઈશ્વર બની જાય તો ક્યારેક મિત્ર તો ક્યારેક માવતર તો ક્યારેક સંતાન, ક્યારેક નિરાશામાં ધકેલી દે તો ક્યારેક અકલ્પનીય આશા પ્રગટાવે, ક્યારેક એક અગરબત્તી કે ફૂલની પાંખડીથી રીઝી જાય તો ક્યારેક સંપૂર્ણ ન્યોછાવરતાની અપેક્ષા રાખે, ગુરુદેવનું મહાત્મ્ય નિરાળું છે અને એટલે જ ગુરુદેવ એટલે ગુરુદેવ.

ક્યારેક એક જ્યોતિમાં પ્રતીત થાય તો ક્યારેક અંધકારમાં પણ તેમનો વ્યાપ અનુભવાય, ક્યારેક મૌનમાં તેમની વાણી સંભળાય તો ક્યારેક શબ્દો થકી એમનો સંદેશો વ્યક્ત થાય, ક્યારેક સામાન્ય માનવી જેવો તેમનો વ્યવહાર જણાય તો ક્યારેક તેમના વ્યવહારમાં સૃષ્ટિના સમીકરણો પ્રતીકાત્મક બને, ખુલ્લી આંખે જેમનું સાકાર સ્વરૂપ પ્રત્યક્ષ થાય અને બંધ આંખે આ સાકારતા ક્રમશઃ નિરાકારતામાં પરિણમે, મન થકી જેમને સમજી ન શકાય પરંતુ ભાવનાથી જેમને ઓળખી શકાય, જ્યાં તર્કબદ્ધ વિચારો પહોંચી ન શકે ત્યાં તેમના પ્રત્યેનો પ્રેમ બધા જ રહસ્યો છતા કરી દે, તે ગુરુદેવ એટલે ગુરુદેવ. તેમના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ.

તેમનું સત્ય પામવા માટે સત્યનિષ્ઠ બનવું પડે. તેમની આધ્યાત્મિકતા અનુભવવા માટે આધ્યાત્મિકતા ધારણ કરવી પડે. તેમનું સ્વરૂપ સમજવા માટે સ્વયંના સ્વરૂપનો નાશ કરવો પડે. તેમની બ્રહ્મતા સમજવા માટે બ્રહ્માસ્મિની સ્થિતિએ પહોંચવું પડે. તેમની દિવ્યતા અનુભવવા તે પ્રકારની લાયકાત કેળવવી પડે. તેમના વાસ્તવિક અસ્તિત્વ પર રહેલ પડદાને દૂર કરવા માટે તેમની જ મંજૂરી હોવી જોઈએ. ગુરુદેવનું અસ્તિત્વ ગૂઢ છે, તેમનો વ્યવહાર તેનાથી પણ વધુ ગૂઢ છે, છતાં તેમની કૃપાના માપદંડ સમજમાં આવે તેવા સરળ અને સંભવિત છે. ગુરુદેવની પ્રત્યેક વાત વિશેષ છે અને સામાન્ય પણ છે, એટલે તો ગુરુદેવ એટલે ગુરુદેવ.

શ્રીરામ તથા શ્રીકૃષ્ણ જેવાએ પણ જેમને પ્રણામ કર્યા છે, ગંગાસતીની ભાષામાં કહીએ તો બ્રહ્માદિક પણ જેમને પાય લાગે છે, જેમના ચરણોની રજમાં પણ આલોક-પરલોકનું સામર્થ્ય રહેલું છે, જેમની દ્રષ્ટિમાં અપાર કરુણા સદાય વર્તાતી હોય છે, જેમનો પ્રત્યેક શ્વાસ વિશ્વ-કલ્યાણ માટે હોય છે, જેમની પ્રત્યેક ક્ષણ આધ્યાત્મિકતા અને સાત્વિકતાથી છલકતી હોય છે અને જે પ્રત્યેક ક્ષણે પરમ ચૈતન્ય સાથે જોડાયેલા હોય છે, તે ગુરુદેવ એટલે ગુરુદેવ.

ગુરુદેવ એટલે વિશ્વનું સૌથી પ્રેમાળ, સૌથી વધુ કરુણાસભર, સૌથી વધુ સામર્થ્યવાન, સૌથી દિવ્ય, સૌથી આધ્યાત્મિક, સૌથી વધુ પવિત્ર અને પુણ્યશાળી, સૌથી વધુ સાત્વિક, અક્ષય તથા અખંડના પર્યાય સમું, સૌથી વધુ બ્રહ્મિક, ઈશ્વરના પ્રતિનિધિ સમાન, ભક્ત-વત્સલ, નિરાધારના આધાર અને નિરાશની એકમાત્ર આશા સમાન અસ્તિત્વ. ગુરુદેવ એટલે ગુરુદેવ.

આટલું બધું કહ્યા પછી પણ એ કહેવું જ પડે કે ગુરુદેવનું યથાર્થ નિરૂપણ ક્યારેય સંભવ ન હોય. સ્વયમ્ મા શારદા અનંતકાળ સુધી, કલ્પવૃક્ષની ડાળીઓની કલમ બનાવીને, સમુદ્ર જેટલી શ્યાહીથી, વિશાળ પૃથ્વીને કાગળ ગણી ગુરુદેવના ગુણનું નિરૂપણ કરવાનો પ્રયત્ન કરે તો પણ એમાં અસંખ્ય બાબતો શેષ રહી જાય. ગુરુદેવનો મહિમા ક્યારેય પામી ન શકાય. ગુરુદેવનું નિરૂપણ એક જ રીતે શક્ય બની શકે, અને તે છે, ગુરુદેવ એટલે ગુરુદેવ. ■



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

ઘણા લોકો મને એવું પૂછે છે કે ગુરુઓની શું જરૂર છે? જેને જરૂર ન હોય એ એમ જ જઈ શકે છે. ભારતમાં જેટલી આધ્યાત્મિકતા છે, એટલી કયો દેશ આપી શકે છે? ગયા છે કેટલાયે મહાપુરુષ. પણ હું મારી જાતને અંદર ઉતારી બોલી રહ્યો છું, કે આપણા જેવા લોકો માટે ગુરુ વિના યાત્રા સંભવ નથી, તમે કદાચ સાંભળ્યું હશે, એક અમેરિકન કહાની છે. કહે છે કે આ બનેલી ઘટના છે. જે હોય તે, પણ સાર બહુ અદ્ભુત છે મારી સમજમાં. એક કવિ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા, કવિ જેમાં બેઠા છે, એમાં એક યુવાન પણ બેઠો છે. બિલકુલ ડબ્બો ખાલી છે. ટ્રેન જઈ રહી છે. યુવક ત્યાંથી ઊભો થઈને કવિને કહેવા લાગ્યો કે તમે જે સીટ પર બેઠા છો અને પ્રકૃતિ નિહાળી રહ્યા છો, શું હું પ્રાર્થના કરી શકું કે મને આપ ત્યાં બેસવા દેશો ? ઊભા થતાં કવિએ કહ્યું કે ‘યુવાન ! હું ઊભો થઇ જાઉં છું, પરંતુ શું તું મને કહી શકીશ કે આખો ડબ્બો ખાલી છે, અને કોઈ પણ જગ્યા પરથી બારીમાંથી તમે પ્રકૃતિને જોઈ શકો છો, તો આ જ જગ્યાનો આગ્રહ શા માટે? કૃપા કરીને મારી જિજ્ઞાસાને સંતોષ.

એ યુવકે પોતાની કથા શરૂ કરી. દસ વર્ષ પહેલાં મેં એક ભયંકર પાપ કર્યું હતું. મારાં મા-બાપ માથું ઊંચું રાખી ન શકે એવું પાપ કર્યું હતું. હું પકડાઈ ગયો. દસ વર્ષ સુધી હું જેલમાં હતો. બે ત્રણ દિવસ પહેલાં છૂટ્યો છું. કવિરાજ, દસ સાલ મારી જેલમાં રહેવાની યાત્રા દરમિયાન મારાં મા-બાપ મને જેલમાં મળવા સુદ્ધાં નથી આવ્યાં ! મારા કાર્યને લીધે એ લોકો બદનામ થઇ ગયા હતા. તેઓ મને એક ચિટ્ઠી તો લખી શકતા હતા, કે બેટા! તું કેમ છે? મેં જરૂર પાપ કર્યું છે. હું એકનો એક દીકરો, તેઓ મારાં મા-બાપ છે, આખરે ચિટ્ઠી મોકલતે તો યે સંતોષ થઇ જાત. પણ દસ વર્ષમાં એક ચિટ્ઠી પણ ન આવી. મારી સજા પૂરી થઈ છે અને હવે મારે ઘેર જવાનું છે, હવે જે સ્ટેશન આવનાર છે, એ મારું ગામ છે...કવિ કહે પણ મૂળ વાત તો કહો કે આ સીટનો આગ્રહ કેમ?

યુવકે કહ્યું કે એ જ વાત હવે આવે છે. માબાપ મળવા નથી આવ્યાં, અરે એક ચિટ્ઠી પણ નથી મોકલી, એટલે હું નિર્ણય નથી કરી શકતો કે એ લોકોએ મને પરિવારમાં રાખ્યો છે કે મને ભૂલી ગયા છે? હોઈ શકે કે એ લોકો એમ કહે કે અમે તને માફ નથી કર્યો. કદાચ એમણે એ નિર્ણય કરી લીધો હોય અને હું સામેથી જાઉં, તો તેઓ નારાજ થઇ જાય. એટલે મારો છૂટવાનો દિવસ નક્કી થયો કે પંદર દિવસ પહેલાં મારાં માબાપને મેં પત્ર લખ્યો કે દસ વર્ષથી તમે મને યાદ નથી કર્યો, ક્યારેય પત્ર નથી લખ્યો, હું માનું છું કે હું ભૂલી જવાને યોગ્ય છું. છતાં પણ હું આવી રહ્યો છું. અને શાયદ તમે મારો સ્વીકાર ન કરો, યા તો તમને સંકોચ ન થાય, તે માટે લખ્યું છે જો તમે મારો સ્વીકાર કર્યો હોય, તો આપણું જે ખેતર છે, એમાં સફરજનનું એક ઝાડ છે, એના પર એક સફેદ ધજા ચઢાવી દેજો. ઝાડ પર ધજા દેખાશે, તો હું સમજીશ કે આપે મારો સ્વીકાર કરી લીધો છે અને ધજા નહિં તો હું સમજીશ કે મારે માટે જીવનમાં કંઈ નથી અને એ ખેતર, એ ધજા મને આ સીટ પરથી દેખાય એમ છે, તેથી હું આ જ સીટ પર બેસવાનો આગ્રહ રાખું છું. યુવાન બેસી ગયો, કવિ સામે બેસી ગયા. જેમ જેમ પોતાનું ગામ પાસે આવતું જાય છે તેમ યુવાન ફૂટ ફૂટ રડવા માંડ્યો, એકદમ ઊભો થઇ ગયો. કવિરાજને પ્રાર્થના કરી કે તમે આ જગ્યા પર બેસી જાઓ. પૂછ્યું, કેમ? યુવકે કહ્યું કે મારી આંખોમાં અત્યારે એટલાં આંસુ છે કે મારાં માબાપ એ ધજા લગાવી હોય અને કદાચ હું ન જોઈ શકું તો? એના પર મારી જિંદગીનો મદાર છે, નિર્ણય છે. વાત તર્કસંગત લાગી. કવિરાજ બેસી ગયા. બે-પાંચ મિનિટમાં સ્ટેશન આવવાનું જ હતું. ગાડી રોકાઈ. ખેતર પાસે ડબ્બો આવી ગયો. જુઓ, આ વખતે કવિ રડી રહ્યા છે. યુવક નિર્ણય ન કરી શક્યો કે શું બની રહ્યું છે! તેને થયું કે શાયદ મારા માટે રડતા હશે કે ધજા નથી, કદાચ બીજું કોઈ કારણ હશે. યુવક કવિરાજને પૂછે છે કે તમે કેમ રડો છો? કવિરાજે કહ્યું કે હું દુઃખનું નથી રડતો, આ તો હર્ષના આંસુ છે. કહો, કઈ બાબતનો હર્ષ છે ? કહે, યુવાન ! સફરજનના ઝાડ પર એક નહીં, અનેક ધજા લાગેલી છે. એક પણ પાંદડું કે ડાળી દેખાતી નથી, જ્યાં જુઓ ત્યાં ધજા જ ધજા દેખાય છે. ઊતરી જા. કહાની ત્યાં પૂરી થઇ જાય છે, પણ બહુ બળ આપે છે.

મારાં ભાઈ-બહેનો, જીવનની યાત્રામાં નિરાશ ન થતા બાપ ! કે માબાપ અમારો સ્વીકાર કરશે કે નહિ? જનમ જનમની જેલ ભોગવતાં નીકળ્યા છીએ. હિંદુસ્તાનના મંદિર, મંદિર પર ધજાઓ જ ફરકી રહી છે. દરેક ધજા નિમંત્રણ આપી રહી છે કે આવ, તારું સ્વાગત છે. આપણી આંખને લીધે આપણે એ ધજા શાયદ જોઈ ન શકીએ, કોઈ મહાપુરુષને એ સ્થાન પર બેસાડવા પડે છે કે દાતા, અમે નિર્ણય નથી કરી શકતા કે ધજા છે કે નહીં ? અમારો સ્વીકાર છે કે નહીં ? અને ત્યારે કોઈ સદ્ગુરુ રડતાં રડતાં કહેશે કે એક ધજા નથી, ધજા હી ધજા છે. જો કોઈ પરમનો આશ્રય કરીએ તો, અને આપણા જેવા માટે એ જ તો એક માત્ર ઉપાય છે.


- સંકલન : જયદેવ માંકડ ■

---

# ભગવાન પોતે જ ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરે?

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

૮. જીવ બ્રહ્મનિષ્ઠ કે બ્રહ્મસ્વરૂપ બની શકે છે, તો પણ બ્રહ્મનિષ્ઠ પુરુષ અને અવતાર વચ્ચે ઘણી ભિન્નતા છે, સ્વરૂપગત ભિન્નતા છે.

બ્રહ્મનિષ્ઠ પુરુષ મુક્તાત્મા છે, છતાં તે જીવ છે અને અવતાર તો ઈશ્વર છે, વિશ્વનિયંતા છે. જીવ બ્રહ્મનિષ્ઠ બનીને બાહ્ય સાથે એકત્વ પામી શકે છે, પરંતુ ઈશ્વર બની શકતો નથી.

ઈશ્વર કૃપા કરીને જીવને મુક્તિ આપી શકે છે, મુક્તાત્મા અન્ય જીવને મુક્તિયાત્રામાં માર્ગદર્શન અને સહાય આપી શકે છે, પરંતુ મુક્ત પુરુષ અન્ય જીવને મુક્તિ આપી શકે નહીં.

જીવ બ્રહ્મસ્વરૂપ બને તો પણ પુરુષોત્તમ બની શકે નહીં, અવતાર તો પુરુષોત્તમ છે જ.

અવતાર ઈશ્વર હોવાને નાતે સૃષ્ટિનો સ્રષ્ટા, પાલનકર્તા અને સંહર્તા છે. જીવ અધ્યાત્મની ટોચ પર પહોંચે, મુક્તાત્મા બને, બ્રહ્મનિષ્ઠ બને તો પણ સૃષ્ટિનો સ્રષ્ટા, પાલનકર્તા કે સંહર્તા બની શકે નહીં.

૯. અવતારની ઘટનામાં દિવ્ય ચેતનાનું અહીં આ ધરાતલ પર માનવસ્વરૂપમાં અવતરણ (descent) છે. જીવ ભગવાન પ્રત્યે આરોહણ (ascent) કરે છે. બ્રહ્મનિષ્ઠ, જીવન્મુક્ત યોગી પુરુષોનું આધ્યાત્મિક ઉત્થાન પણ ઊર્ધ્વારોહણ અર્થાત્ નીચેથી ઉપર જવાની (ascent)ની ઘટના છે. અવતારની ઘટનામાં દિવ્ય ચેતના ઉપરથી નીચે ઊતરી આવે છે તેમાં અવતરણ (descent)ની ઘટના છે.

૧૦. સામાન્ય બદ્ધ જીવ અજ્ઞાન અને અસમર્થ હોય છે. મુક્ત પુરુષ સજ્ઞાન હોય છે, પરંતુ સર્વજ્ઞ અને સર્વસમર્થ હોતો નથી. અવતાર પોતાના સ્વરૂપ વિશે સંપૂર્ણ સજ્ઞાન હોય છે અને તે સર્વજ્ઞ તથા સર્વસમર્થ પણ હોય છે.

૮. અવતારનું માનવીય પાસું :

અવતાર એટલે માનવસ્વરૂપે આવેલા ભગવાન. અવતારમાં મૂળભૂત રીતે ભાગવત ચેતના કાર્ય કરે છે, પરંતુ અવતારનું બાહ્ય સ્વરૂપ તો માનવનું જ હોય છે, તેથી અવતારને માનવીય પાસું પણ હોય છે. આમ હોવાથી અનેક બાબતોમાં અવતારનો વ્યવહાર માનવવ્યવહાર જેવો લાગે છે. અવતારના માનવીય પાસાનાં લક્ષણો અહીં પ્રસ્તુત છે :

૧. અવતારને શરીર, પ્રાણ, મનના ધર્મો હોય છે. અવતારનું શરીર પણ માતાપિતા દ્વારા જ જન્મે છે. અવતારનો દેહ પણ પંચમહાભૂતોનો બનેલો છે. અવતારનો દેહ પણ રસ, રક્ત, માંસ આદિ સપ્તધાતુમય હોય છે. અવતારનો ભાગવત દેહ ચિન્મય હોય છે, પરંતુ માનવદેહે તો માનવીય સ્વરૂપનો જ હોય છે.

અવતારને પણ માનવની જેમ થાક, ચિંતા, નિરાશા, વિષાદ, હર્ષ આદિ અનુભવાય છે. અવતારના શરીરને પણ બીમારી આવે છે અને અવતાર ચિકિત્સા પણ કરાવે છે.

અવતારના આવા મનઃશારીરિક ધર્મોને કારણે માણસો વિમાસણમાં પડી જાય છે કે આ તો આપણા જેવા જ છે. આમને ભગવાન માનવા કેમ?

અવતારના આ બધા મનઃશારીરિક ધર્મો પ્રથમ દૃષ્ટિએ માનવસહજ ધર્મો લાગે છે, છતાં સામાન્ય માનવતા આવા ધર્મો કરતાં અવતારના આ ધર્મો ઘણા ભિન્ન સ્વરૂપના છે.

અવતાર આ બધા મનઃશારીરિક ધર્મો સ્વીકારે છે, પરંતુ કોઈ પણ ક્ષણે તેમને અતિક્રમી શકે છે. અવતાર માનવસહજ મનઃશારીરિક ધર્મોને સ્વેચ્છાથી સ્વીકારે છે, પરંતુ અવતાર તેમનાથી બદ્ધ નથી. અવતાર આ પ્રકારના ધર્મોથી કોઈ પણ ક્ષણે મુક્ત થઈ શકે છે. અવતારના મનઃશારીરિક ધર્મો તેમના પ્રારબ્ધનો ભોગ નથી, પણ તેમની લીલા છે. જીવ પોતાના મનઃશારીરિક ધર્મો દ્વારા બદ્ધ છે. અવતાર મનઃશારીરિક ધર્મો સ્વેચ્છાએ સ્વીકારે છે અને ઇચ્છે તો, ઇચ્છે ત્યારે તેમને અતિક્રમી શકે છે.

૨. અવતારનો વ્યવહાર લીલામય છે, પરંતુ લીલાનો અર્થ ઢોંગ કે નાટક નથી. અવતાર જે મનઃશારીરિક સંવેદનાઓ અને લાગણીઓ અનુભવે છે તે ખરેખર અનુભવે છે. અવતારના લીલામય વ્યવહારની પાંચ લાક્ષણિકતાઓ છેઃ

(i) લીલામય વ્યવહાર સ્વેચ્છાએ સ્વીકારેલો હોય છે.

(ii) અવતારના લીલામય વ્યવહારને કર્મબંધન નથી.

(iii) અવતારના આ લીલામય વ્યવહારને તે ઇચ્છે ત્યારે એક ક્ષણમાં અતિક્રમી શકે છે.

(iv) અવતારનો આ લીલાપૂર્ણ વ્યવહાર લીલા છે, પરંતુ ઢોંગ નથી, નાટક નથી.

(v) અવતારના આ લીલામય વ્યવહાર વખતે પણ અવતારની ભાગવત ચેતના નિઃસંગ હોય છે.

(vi) અવતારનાં આ કર્મો દ્વારા તેમને કર્મફળ લાગતું નથી, કારણ કે અવતાર કર્મના નિયમથી સર્વથા મુક્ત હોય છે.

૩. અવતાર સર્વસમર્થ હોવા છતાં તેની માનવલીલામાં કોઈ વાર નિષ્ફળતાને પણ સ્થાન છે. અવતાર સદાસર્વદા સફળ થવા બંધાયેલ નથી. અવતારની માનવીય લીલામાં સફળતા-નિષ્ફળતા બંનેને સ્થાન છે. નિષ્ફળતાથી અવતારનું અવતારત્વ બાધિત થતું નથી. જરાસંધથી કંટાળીને શ્રીકૃષ્ણ યાદવોને દ્વારિકામાં દોરી ગયા અને ‘રણછોડ’ કહેવાયા. કાલયવનથી ડરીને ભાગ્યા તો પણ શ્રીકૃષ્ણ ભગવદવતાર તો છે જ.

૪. અવતાર પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં તે સદાસર્વદા પૂર્ણ પુરુષોત્તમની જેમ જ જીવે છે તેવું નથી. અવતાર અહીં માનવસ્વરૂપ ઓઢીને આવેલા પૂર્ણ પુરુષોત્તમ છે. જો અવતાર માત્ર પૂર્ણ પુરુષોત્તમની જેમ જ જીવે અને તેમનામાં માનવીય પાસું હોય જ નહીં, તો તેમના માટે આ પૃથ્વી પર અવતાર ધારણ કરવાનો અર્થ શો છે? અવતાર માનવસ્વરૂપે આવેલા ભગવાન છે, તેથી તેમની અવતારલીલામાં માનવીય પાસું પણ હોવાનું જ.

સીતાના વિયોગમાં રામ રુદન કરે તેથી તેમના અવતારત્વમાં કોઈ બાધા આવતી નથી, બલકે તેનાથી તેમનું અવતારત્વ વધુ સ્પષ્ટ રીતે ખીલી ઊઠે છે.

૫. અવતાર જન્મથી જ પોતાના અવતારત્વ વિશે સભાન હોય છે તેવું નથી. તો શું ભગવાન પોતાના સ્વરૂપને ભૂલી શકે? હા, ભૂલી શકે. એ જ છે ભગવાનની આત્મગોપનલીલા. અવતારના જન્મ-સમયથી જ તેમનામાં ભાગવત ચેતના તો હોય જ છે, પરંતુ આ ચેતના પડદા પાછળ હોય છે. કોઈક સુભગ ક્ષણે આ ભાગવત ચેતના પડદા પાછળથી આગળ આવે છે. ભાગવત ચેતનાનું પ્રાગટ્ય થાય છે. અવતારનું આ અવતારત્વ પ્રગટ થાય પછી પણ ભાગવત ચેતના અને માનવીય ચેતના વારાફરતી કાર્યરત રહે છે. બંનેની લીલા ચાલ્યા કરે છે.

આત્મગોપનલીલા અવતારની લીલાનું મહત્ત્વપૂર્ણ પાસું છે. અવતાર એટલે માનવચેતનાનો અંધારછેડો ઓઢીને આવેલા ભગવાન. અવતારની લીલાને સમજવા માટે આત્મગોપનની આ પ્રક્રિયાને સતત નજર સમક્ષ રાખવી જોઈએ.

૬. અવતાર સર્વસમર્થ પ્રભુ છે, તો તેમની હાજરીમાં, તેમની હયાતીમાં દેશમાં દુષ્કાળ કેમ પડે છે? યુદ્ધો કેમ થાય છે? સમાજમાં અપરંપાર વિટંબણાઓ કેમ રહે છે? આવા પ્રશ્ન કેમ ઉપસ્થિત કરવામાં આવે છે?

અવતાર અહીં પૃથ્વી પર ચમત્કારો સર્જવા માટે આવે છે તેવું નથી. પ્રવર્તમાન સામાજિક, નૈસર્ગિક કે ધાર્મિક પરિસ્થિતિમાં ચમત્કારિક પરિવર્તનો કરી નાખે તો જ તે અવતાર ગણાય તેમ નથી. અવતાર જાદુગર નથી. અવતારનું આગમન ચમત્કારો સર્જવા માટે થાય છે તેવું નથી. અવતાર ધારે તો બધું જ કરી શકે, પરંતુ ધારે તો કંઈ પણ કર્યા વિના ચૂપ પણ બેસી શકે છે. અવતાર સદાસર્વદા ભાગવત ચેતનામાંથી વ્યવહાર કરે અને સતત ચમત્કારો જ કરે તો જ તે અવતાર ગણાય તેમ નથી. કશું જ ન કરે તો પણ જે અવતાર હોય તે અવતાર જ હોય છે.

૭. શું અવતાર પણ સાધના કરે! અવતાર પણ અધ્યાત્મપથના પથિક બની શકે? ભગવાન પોતે જ ભગવાનની પ્રાપ્તિ માટે સાધના કરે?

(ક્રમશઃ) ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# ગુરુ બિન જ્ઞાન ન ઊપજે...



આજે જૈન અઠ્ઠાઈ તપનો છઠ્ઠો દિવસ છે, આવતી કાલથી જયાપાર્વતી વ્રત શરૂ થશે અને બે દિવસ પછી ગુરુપૂર્ણિમાનો દિવ્ય અવસર આવી રહ્યો છે. આપણા સાધકો અને સંતો - ભક્તોમાં સૌથી પહેલાં ગુરુની ખોજ કરીને એમના શરણે જવાની રસમ ચાલી આવે છે. એ સાધનાની પહેલી સીડી એ જ છે. ગુરુની પ્રાપ્તિ. પણ ગુરુ મેળવવા એ કઈ સહેલું તો નથી જ. ગુરુ પ્રાપ્ત કરતા પહેલાં પોતાની જાતને એ માટે સજ્જ કરવી પડે છે. ને જ્યારે એ સજ્જતા પ્રાપ્ત થાય ત્યારે જ સાચા ગુરુનો ભેટો થાય છે. એમ હંમેશાં સંતો-ભક્તો માનતા આવ્યા છે. ને ગુરુ મળી જાય પછી તો બેડો પાર. દાસી જીવણ કહે છે ને -'ગુરુજી તમ આવ્યે મારે અજવાળું ..' ગુરુજીનો ભેટો થતાં જ અંતરમાં અજવાળાં થઈ જાય ... પણ એ ક્યારે બને ? જયારે દુબધ્યાનો (દુર્બુધ્ધિનો ) નાશ થયો હોય ગુરુએ સાચો શબ્દ બતાવ્યો હોય ને સતબુધ્ધિની શિખામણ આપી હોય...

'સદગુરુ મેરે ગારુડી, કીધી મુજ પર મ્હેર, મોરો દીધો મર્મનો, ઉતરી ગયાં છે ઝેર.' તૃષ્ણા અને વાસનારૂપી રગે રગમાં ફેલાયેલા ઝેરને ઉતારી શક્વા તો કોઈ ગારુડીરૂપી ગુરુ જ શક્તિમાન હોય ને? ગુરુ જ્યારે મર્મ રૂપી મોરો આપે છે ત્યારે પરમશાંતિની પ્રાપ્તિ થાય છે. અખંડ આનંદની ઉપલબ્ધિ થાય છે. ક્યારેક તો ગુરુ ગોવિંદ દોનું એક ખડે કિસકો લાગું પાય ? એવી સમસ્યાઓ ઊભી થતાં 'બલિહારી ગુરુદેવકી જીને ગોવિંદ દિનો બતાય' એમ કહી પ્રથમ ગુરુને નમસ્કાર કરવાની, ગુરુને પરમાત્મા કરતાં યે ઊંચું સ્થાન આપવાની વાતનો સ્વીકાર થયો છે. ગુરુની કૃપા મળે તો જ સાધનાના શ્રી ગણેશ કરી શકાય. જયારે શિષ્ય પૂર્ણ શરણાગતિ ભાવે ગુરુની શરણમાં આવે છે ત્યારે જ ગુરુ- શિષ્યનો દિવ્ય સંબધ જોડાય છે. શિષ્યના અતિ ચંચળ મનને કાબુમાં રાખી શકનાર ગુરુને જ્ઞાનના દાતા, અંધકાર થયે માર્ગને ઉજાળનાર અને સાચા માર્ગદર્શક તરીકે સંતોએ સ્વીકારી તેમની આરાધના પણ કરી છે.ભારતીય ચિંતન અને સાધનાના ક્ષેત્રમાં ગુરુનું સ્થાન વિવાદ વિનાનું અને સર્વમાન્ય રહ્યું છે.

ગુરુ તારો પાર ન પાયો , રે પાર ન પાયો,
પ્રથમીના માલિક તારો, જી હો રે જી...
આ જમીન આસમાન બાવે ,
મૂળ વિના માંડયાં જી રે હો જી ,
અને થંભ વિના આભ ઠેરાયો , રે વારી વારી વારી,
અલખ ધણીને ઓળખો જી હો રે જી..

પ્રીતમ કહે છે. 'અંતરજામી ગુરુ આત્મા, સબ ઘટ કરે પ્રકાશ, કહે પ્રીતમ ચર અચરમાં , ગુરુ નિરંતર વાસ.' ગુરુશરણભાવ અથવા ગુરુ મહિમા એ મધ્યકાળના તમામ સંતો , કવિઓ અને પરમભક્તોનું સર્વસ્વ છે. ગુરુની ખોજ કરીને એમણે શરણે એકવાર સાધક પહોંચી જાય તો અવિદ્યારૂપી તાળાં ઉઘડી જાય, જ્ઞાન કબાટ ખુલી જાય ને અજવાળાં પથરાઈ જાય. સંતોએ ગુરુને સાધનમાર્ગનો ભોમિયો કહ્યો છે અને ગુરુ વિના સાધના કરનારને નુગરો કહીને ગાળ ફટકારી છે 'નુગરો' એ તો સંત સમાજમાં ભારેમાં ભારે, છેલ્લી કોટિની ગાળ છે. સંસારની મોહિની માયાના આકર્ષણ સામે ટકી શક્વાની શક્તિ સાધકને ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય. જેવી રીતે કુંભાર માટીના વાસણોને પોતાનો મન ચાહ્યો આકાર આપે છે. બનાવતી વખતે ઉપર તો ટપલાનો માર મારે છે. પણ અંદર કોમળ હાથનો સહારો આપે છે એમ ગુરુએ પોતાના શિષ્યના વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું હોય છે. કબીરે પોતાની સાખીમાં કહ્યું જ છે : 'ગુરુ કુમ્હાર શિષ કુંભ હૈ, ગઢિ ગઢિ કાઢે ખોટ,અંતર હાથ સહાર દૈ, બાહર બાહૈ ચોટ.' આ રીતે શિષ્યને પોતાના કઠોર જણાતા શાસન નીચે રાખી તે કડક નિયમોનું પાલન કરાવીને સાથોસાથ પોતાની કૃપા અને ઉદારતા,હૃદયની કોમળ ઋજુતાથી પીઠ પસવારતા જઈને યોગ્ય માર્ગદર્શન આપ્યા કરે છે.

અહીં મહિમા ગરુપદનો છે, કોઈપણ મનુષ્ય ગુરુ જીવંત વ્યક્તિ તરીકે તો સાંસારિક જીવનમાં પાંચ તત્ત્વના પિંડમાં બંધાયેલો હોવાથી તેને આધિ/વ્યાધિ/ઉપાધિ કે જન્મ, જરા અને મરણના બંધનમાં રહેવું પડે છે, તેને ભૂખ લાગે,તરસ લાગે,તાવ આવે, કામ-ક્રોધ-મોહ-લોભ-તૃષ્ણા- અપેક્ષા જાગે, એ તમામ મર્યાદાઓ પિંડની કે દેહની છે, પણ શિષ્ય માટે એમની દેહાતીત દશા જ અગત્યની છે, જ્યારે ગુરુપદની ભૂમિકાએ બિરાજીને એ ઉપદેશ આપતા હોય ત્યારે એ મર્યાદાઓ ગૌણ બની જાય. કોઈ ગુરુ પોતાના કોઈ શિષ્યને ખભા પર બેસાડીને અધ્યાત્મની યાત્રા કરાવી શક્તો નથી, એ તો કેડી બતાવે, માર્ગ ચીંધે, પંથ દેખાડે, એ પંથે ચાલવાનું તો હોય સાચા સાધકે. અને પોતાની ભીતરમાં જ વસી રહેલા સદ્ગુરુની ઓળખ કરીને એની પ્રાપ્તિ કરવાની હોય.

શિષ્યને ગુરુ પાસેથી ત્રણ બાબતો અંગે સાચી શિખામણ મળે છે. લોક વ્યવહાર કેમ કરવો , પોતાના આત્માના કલ્યાણ અર્થે આંતર જગતમાં કેવી રહેણીનું આચરણ કરવું અને કરણીમાં - લોકહિતના કેવાં કેવાં કાર્યો કરવા, કેવાં કાર્યોનો ત્યાગ કરવો એનો ભેદ ગુરુ શિષ્યને સમજાવે છે ત્યારે શિષ્યમાં કથની-કહેણી-કરણીની શક્તિ જાગૃત થાય છે અને એથી જ ગુરુકૃપાનું સ્થાન આજ સુધી સાધનાના ક્ષેત્રમાં ભક્તિના ક્ષેત્રમાં અને જ્ઞાનના ક્ષેત્રમાં અજોડ રહ્યું છે. 'ગુરુ' શબ્દ આપણે ત્યાં પ્રાચીન કાળથી વર્ણાતો આવ્યો છે. આ શબ્દથી વ્યાખ્યા કરતો એમ કહેવાયું છે કે 'ગુ' શબ્દનો અર્થ 'અંધકાર' એવો થાય છે.જયારે 'રુ' શબ્દનો અર્થ છે. : દૂર કરનાર, નિરોધક. આ રીતે જે 'અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે છે અને જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે છે તે જ સાચા ગુરુ છે.'

હિન્દુ ધર્મના ધાર્મિક સંસ્કારોએ 'માતૃ દેવો ભવઃ', 'પિતૃ દેવો ભવઃ', 'અતિથિ દેવો ભવઃ' કહીને સાથોસાથ 'આચાર્ય દેવો ભવઃ' એમ પણ કહ્યું છે. આમ ગુરુને દેવ સમાન માનીને એનું પૂજન કરવાની પ્રણાલી જે આપણાં ભજનિક સંતોનાં ભજનોમાં જોવા મળે છે. પ્રીતમ કહે છે. 'અંતરજામી ગુરુ આત્મા, સબ ઘટ કરે પ્રકાશ, કહે પ્રીતમ ચર અચરમાં , ગુરુ નિરંતર વાસ.' ગુરુશરણભાવ અથવા ગુરુ મહિમા એ મધ્યકાળના તમામ સંતો, કવિઓ અને પરમભક્તોનું સર્વસ્વ છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# દયા કરો



ગત અંકમાં 'ધૃતિ'ને દૈવી ગુણોમાં સ્થાન આપીને હવે ભગવાન કૃષ્ણ 'દયા'ની છણાવટ કરી રહ્યા છે.

હિંદુ શાસ્ત્રોમાં દયાને ઊંચું સ્થાન અપાયું છે, કારણ કે તે માનવજીવનના આદર્શોને સ્થિર રાખવા અને જીવનમાં પરમશાંતિ લાવવા માટેનો પાયાનો ગુણ છે. આમ, દયાનો ગુણ મૂળભૂત સનાતન સિદ્ધાંતોમાં સ્થાન પામે છે અને તે માત્ર માનવજાતિ માટે જ નહીં, પરંતુ દરેક જીવમાત્ર માટે લાગુ પડે છે. આ ગુણ કેવળ એક માનસિક ભાવના નથી, પરંતુ જીવનની પ્રત્યેક ક્રિયામાં જીવવા જેવો એક આધ્યાત્મિક અભિગમ છે.

એટલે જ ગીતાના અધ્યાય-૧૬માં ભગવાન કૃષ્ણ સમજાવે છે કે સર્વ ભૂત-પ્રાણીઓ પર કશાય હેતુ વિના દયાભાવ રાખવો.

ભારતીય સંસ્કૃતિમાં દયાની બારાખડી નાના બાળકને ગળથૂથી જ શિખવાડવામાં આવડતી હોય છે. હા, એકવાર જે 'વસુધૈવ કુટુંબકમ' શીખી ગયા પછી કોણ કોની સાથે નિર્દયતા રાખી શકે. એક ખૂબ જ પ્રખ્યાત વાર્તા છે - કબૂતર અને કીડીની ! કબૂતરે કીડીને તળાવમાં ડૂબતી જોઈ અને દયાના ભાવે એક પાંદડું બચાવવા ફેક્યું. કીડી તરતી થઈ અને દોસ્તીનું ઋણ ચૂકવવા કબૂતરને મારવા આવેલ શિકારીને પગમાં એવી તો કરડી કે શિકારી નિશાન ચૂક્યો, અને કબૂતર ઊડી ગયું. કીડીનો દયાનો ભાવ પ્રગટ કરતું આ કથાચિત્ર બહુ જ પ્રેરક છે.

અનેક પ્રાચીન ધાર્મિક ગ્રંથો અને શાસ્ત્રોમાં પણ દયાના મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે. મહાભારતકાર સંતનું લક્ષણ વર્ણવતાં કહે છે : સંત દયાવાન અને કરુણાપૂર્ણ હોય છે. શ્રીમદ ભાગવતના એકાદશ સ્કંધમાં સંતનાં લક્ષણોમાં કૃપાલુતા એટલે કે દયાને સર્વ પ્રથમ ક્રમે મૂકે છે તો માતા દેવહુતિને બોધ આપતાં કપિલમુનિ પણ સંતનાં લક્ષણોમાં દયાને અગ્રતા ક્રમ આપે છે. તુલસીદાસજી રામ ચરિત માનસમાં કહે છે : 'संत हृदय नवनीत समाना... परदुख द्रवे सौ संत पुनीता'

આમ સૌ શાસ્ત્રોનો સાર એટલો જ છે કે 'જે વ્યક્તિ બીજા પર દયા કરે છે, તે સાચો ધર્મ નિભાવે છે.' આ વિચાર આપણને એ સમજાવે છે કે દયા માત્ર એક ભાવનાત્મક ક્રિયા નથી, પરંતુ આ આપણા જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ હોવો જોઈએ.

એક વાર એક વીંછી પાણીમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરતો હતો. આ એક સજ્જન સાધુએ જોયું અને તે વીંછીને મદદ કરતા હાથ લંબાવ્યો, અને તરત જ વીંછીએ ડંખ માર્યો, સાધુએ પાછો દયા સ્વભાવે મદદનો પ્રયત્ન કર્યો અને વીંછીએ પાછો ડંખ માર્યો, આમ તો ચાલ્યા રાખ્યું. આ જોતાં એક વ્યક્તિએ સાધુને કહ્યું કે 'સાધુ મહારાજ! વીંછી ડંખ મારે છે છતાં કેમ એને કાઢવાનો પ્રયત્ન કરો છો?' સાધુ મહારાજ કહે, જો વીંછી પણ પોતાનો સ્વભાવ નથી છોડતો તો હું મારો દયાનો ગુણ શા માટે છોડું?

દયા માત્ર પ્રાણીઓને બચાવવાનો અભિગમ નથી; તે જીવમાત્ર પ્રત્યે કરુણાભાવ પ્રદર્શિત કરવાની અંદરથી પ્રગટ થતી માનસિકતા છે.

શ્રીમદ્ આદિ શંકરાચાર્યજી લખે છે,

પર દુઃખે જેનું માખણસમ હૈયું દયાથી પીગળી જાય છે તે સંત છે.

પ્રમુખસ્વામી મહારાજે કચ્છના ભૂકંપ પછી માનવસેવાનું વિશાળ કાર્ય કર્યું, દરેક પીડિતને સહાય આપી અને તેમને આશાવાદથી ભર્યા. તેમની સેવાઓથી અનેક જીવનોમાં સુધારો અને શાંતિ આવી. પીડિતોની ભોજનની ચિંતા, તેમના રહેવાની ચિંતા, તેમના અભ્યાસની ચિંતા, અરે! આટલા સમય બાદ તેમના નખ વધી ગયા હશે એ પણ ચિંતા સાથે તેમણે દરેક માટે રાહત સામગ્રીમાં નેલકટર પણ મુકાવ્યા.

આ છે સંતની દયા ! વૃક્ષની જેમ કોઈ પણ સ્વાર્થ વિના, કેવળ પરોપકાર બુદ્ધિથી લોકોનું હિત ઇચ્છવું ! જ્યારે વરસાદ વરસે છે, ત્યારે તે માત્ર પૃથ્વી પર તાજગી અને હરિયાળી લાવતું નથી, પરંતુ તે માનવ હૃદયમાં પણ મૃદુલતા અને સહાનુભૂતિની લાગણી પ્રગટાવે છે. તેમ દયાની શૃંખલા સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને એક સુંદર આત્મીય સ્થાન બનાવે છે જ્યાં રહેનાર દરેક પ્રેમ અને ઉષ્માનો અનુભવ કરી શકે છે. આધુનિક યુગમાં જ્યારે ભૌતિકતાની પ્રબળતા છે અને માનવની લાગણીઓ પૈસાથી તોળાય છે ત્યારે દયાના પ્રભાવને વધુ ઊંડે સમજવાની જરૂર છે. મહંત સ્વામી મહારાજ પણ કહે છે, ''દયા એ તાકાત છે, કમજોરી નહીં. જોકે આજના યુગમાં પણ યજ્ઞ, અન્નદાન, ગૌસેવા, જલસેવા, મફત ચિકિત્સા સેવા વગેરે ધર્મકર્મ પણ દયાનાં પ્રતીકરૂપે ગતિમાન છે.

હા, અંતે એટલું કહેવાનું કે દયા એ માનવ જીવનમાં શ્રેષ્ઠતમ ગુણ છે, જે વ્યક્તિને બીજા માટે કૃતકૃત્ય બનવા અને અંતમાં પરમ તત્ત્વ સાથે એકરૂપ થવા માટે માર્ગ પ્રશસ્ત કરે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@
bombaysamachar.com

# એક એવું મંદિર, જ્યાં ઔરંગઝેબે પણ પોતાનું શીશ ઝુકાવ્યું હતું!



મહાકુંભના આયોજન પછી વિશ્વભરમાં પ્રયાગરાજનું આધ્યાત્મિક મહત્ત્વ ચર્ચામાં આવ્યું. લોકોનો પ્રયાગરાજના તીર્થક્ષેત્રોમાં રસ પણ વધ્યો. પ્રયાગરાજ આમ તો ત્રિવેણી સંગમ, સુતેલા હનુમાનજી અને અક્ષયવટના કારણે જાણીતું છે જ, પણ ત્યાં એક પૌરાણિક શિવ મંદિર પણ છે, જેનું ખૂબ મહાત્મ્ય છે. કાશીને ભગવાન શિવનું શહેર કહેવામાં આવે છે, પરંતુ જટાધારી શિવનો સંગમ નગરી પ્રયાગરાજ સાથે પણ ઊંડો સંબંધ છે. બ્રહ્માંડની રચના સમયે, બ્રહ્માએ પોતે પ્રયાગરાજના દારાગંજ વિસ્તારમાં દશાશ્વમેઘ રૂપમાં શિવની સ્થાપના કરી હતી. તો ત્રેતાયુગમાં, ભગવાન રામ સવા કરોડ શિવલિંગ સ્થાપિત કર્યા પછી જ બ્રહ્માના વધના પાપમાંથી મુક્ત થયા હતા. પ્રયાગરાજમાં ભગવાન શિવનો દરબાર છે અને દ્વાપરયુગમાં પાંડવો દ્વારા સ્થાપિત પડીલા મહાદેવ મંદિર પણ છે. આ બધા ઉપરાંત, ગંગા-યમુના અને અદૃશ્ય સરસ્વતીના ત્રિવેણી કિનારે અરૈલ વિસ્તારમાં સ્થિત સોમેશ્વર મહાદેવ મંદિરની એક અલગ અને અનોખી કથા છે.

સોમતીર્થ, જે હવે સોમેશ્વર મહાદેવ મંદિર તરીકે ઓળખાય છે, તે પ્રયાગરાજમાં સંગમની સામે દેવરખ વિસ્તારમાં આવેલું છે. પદ્મપુરાણમાં, પ્રયાગરાજના અક્ષયવટ ક્ષેત્રના દક્ષિણ-પૂર્વ ખૂણા પર ગંગા અને યમુના નદીઓના સંગમ પાસે દક્ષિણ કિનારે સોમતીર્થનો ઉલ્લેખ છે. પૌરાણિક ગ્રંથોમાં, ગૌતમ ઋષિ દ્વારા આપવામાં આવેલા શાપને કારણે કુષ્ઠ રોગથી પીડાતા ચંદ્રદેવનો ઉલ્લેખ છે, તેમણે પ્રયાગની ભૂમિ પર સોમેશ્વર મહાદેવ શિવલિંગની સ્થાપના કરી હતી. ૧૪મી સદીમાં, વિદ્યાપતિએ તેમના પુસ્તક ભૂ પરિક્રમામાં પણ સોમતીર્થનો ઉલ્લેખ કર્યો છે.

પદ્મપુરાણની કથા અનુસાર, રાજા દક્ષે પોતાની સત્તાવીસ પુત્રીઓના લગ્ન ચંદ્રદેવ સાથે કરાવ્યા હતા. ચંદ્રદેવ ખૂબ જ સુંદર દેખાતા હતા કારણ કે તે સોળ કળાઓમાં નિષ્ણાત હતા. સત્તાવીસ પત્નીઓ હોવા છતાં, ચંદ્રદેવ ફક્ત રોહિણીને જ સૌથી વધુ પ્રેમ કરતા હતા. બાકીની છવ્વીસ પત્નીઓની અવગણનાને કારણે, ચંદ્રદેવને રક્તપિત્તનો શાપ મળ્યો. ઘણી જગ્યાએથી સારવાર કરાવવા છતાં, તેમનો રોગ મટતો નહોતો. આવી સ્થિતિમાં, દેવતાઓની સલાહ પર, ચંદ્રમા પવિત્ર નગરી પ્રયાગરાજ આવ્યા અને સંગમ નદીના કિનારે અરૈલ વિસ્તારમાં શિવલિંગ સ્થાપિત કરીને ભગવાન શિવની પૂજા કરી.

આ પ્રાચીન મંદિર સાથે એક રહસ્યમય માન્યતા જોડાયેલી છે. એવું કહેવાય છે કે દર મહિનાની પૂર્ણિમાની રાત્રે, આ શિવ મંદિરની ટોચ પર મૂકવામાં આવેલા ત્રિશૂળની દિશા બદલાય છે. એવું કહેવાય છે કે ઘણા લોકોએ આ ચમત્કાર જોવાનો પ્રયાસ કર્યો પણ કંઈ જોઈ શક્યા નહીં. તેમ છતાં, સવારે ત્રિશૂળની દિશા બદલાયેલી જોવા મળતી હતી. આ અસામાન્ય ઘટના દૂર-દૂરથી લોકોને મંદિર તરફ આકર્ષે છે.

મોગલોના બધા શાસકોમાં સૌથી વધુ ક્રૂર શાસક તરીકે વગોવાયેલા ઔરંગઝેબ દ્વારા દેશભરના અનેક હિન્દુ મંદિરોનો ધ્વંસ કરવાનો ઇતિહાસ છે. પણ કહેવાય છે કે સોમેશ્વર મહાદેવ મંદિરમાં તેણે પોતાનું શીશ ઝુકાવવું પડ્યું હતું. આ મંદિરના વિધ્વંસ માટે જ્યારે તે પગથિયાં ચડવા જતો હતો, ત્યારે તેના પગ સ્વયં અટકી ગયા અને તે મંદિરમાં પ્રવેશ કરી શક્યો નહીં. આ ઘટનાને દૈવી સંકેત તરીકે સ્વીકારીને ઔરંગઝેબે ત્યાં પોતાનું શીશ ઝુકાવ્યું. તેણે આ મંદિરમાં માત્ર શીશ જ ન નમાવ્યું, પણ મંદિરની જાળવણી માટે એક મોટી સંપત્તિનું દાન પણ કર્યું. આ વાતનો ઉલ્લેખ મંદિરની બહારના ધર્મદંડ અને ફરમાનમાં જોવા મળે છે. સોમેશ્વર મહાદેવ મંદિરમાં હનુમાનજીનું મંદિર પણ છે. હનુમાનજીના મંદિરની સામે એક ધર્મદંડ છે. પથ્થરના સ્તંભના રૂપમાં સ્થાપિત આ ધર્મદંડમાં ૧૫ પંક્તિઓમાં એક લેખ કોતરવામાં આવ્યો છે. આ લેખમાં સંવત ૧૬૭૪માં શ્રાવણ મહિનામાં ઔરંગઝેબ દ્વારા મંદિરને જાગીર આપવામાં આવી હોવાનો ઉલ્લેખ છે.

પ્રાચીન સોમેશ્વરનાથ મંદિરમાં આખું વર્ષ ભક્તોની ભીડ રહે છે. ઉત્તર ભારતના શ્રાવણ (જેને સાવન કહેવાય છે) તે આપણા અન્ય પ્રદેશ કરતા વહેલો શરૂ થાય છે. તે સમયે અહીં ભક્તોનું ઘોડાપૂર ઊમટે છે. તે ઉપરાંત કુંભ, મહાશિવરાત્રી જેવા પવિત્ર તહેવારોમાં આ મંદિરમાં પગ મૂકવાની જગા નથી રહેતી. ભક્તોને શ્રદ્ધા છે કે જેમ વિશ્વ કલ્યાણના દેવતા ભગવાન ભોળાનાથે ચંદ્રદેવને તેમના કુષ્ઠરોગથી મુક્ત કર્યા હતા, તેવી જ રીતે તેઓ તેમને પણ તેમના રોગોથી મુક્ત કરશે. ■

ફોકસ

વીણા ગૌતમ
feedback@bombay
samachar.com

# ગંગા નદીઃ પાણી જ નહીં સભ્યતા પણ પ્રવાહિત કરે છે...



આપણી નદીઓ જીવન પ્રદાન કરનારી છે. આપણી સભ્યતાઓ અને સંસ્કૃતિ નદી કિનારે વિકસિત થઈ છે. નદી વગર જીવન કલ્પી ન શકાય. જોકે વધતા પ્રદૂષણ અને નદીઓ પ્રત્યે લોકોની ઉદાસીનતાને કારણે જળસંકટ વધી રહ્યું છે. એના કારણે નદીઓના અસ્તિત્વ પર પણ સંકટ ઘેરાઈ રહ્યું છે. એથી નદીઓનું સંરક્ષણ તો જરૂરી છે જ સાથે જ આવનારી પેઢીને પણ તેનું મહત્ત્વ સમજાવવામાં આવે.

સૌથી પવિત્ર ગણાતી નદીમાં ગંગાનું સ્થાન મોખરે છે. આ એક નદી જ નહીં, પરંતુ આપણી જીવનરેખા પણ છે. ગંગા નદી પૂજનિય છે એ તો આપણે સૌ જાણીએ છીએ. નદી આસ્થા, સભ્યતા, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ગૌરવ આપનારી છે. એથી જ કહેવાય છે કે ગંગાના પાવન જળમાં હિન્દુ સભ્યતા પણ વહે છે.

ગંગા નદીની ઉત્પત્તિ હિમાલયના ગોમુખ હિમ નદીમાંથી થાય છે. જ્યાં એને ભાગીરથી કહેવામાં આવે છે. અલકનંદા જ્યારે આ ભાગીરથીમાં મળે છે ત્યારે આ બન્ને નદીઓનો સંગમ ગંગા તરીકે ઓળખાય છે. જે ભારતની સૌથી લાંબી નદી છે. ગંગા ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાંથી પસાર થાય છે. બાદમાં બાંગ્લાદેશમાં પ્રવેશ કરીને પદ્માના રૂપમાં બંગાળની ખાડીમાં ભળી જાય છે.

આપણાં દેશમાં ગંગાને માતા અને મોક્ષદાયિનીનો દરજ્જો મળે છે. ગંગાના જળને અમૃતતુલ્ય માનવામાં આવે છે. દરેક ધાર્મિક અને સાંસ્કૃતિક અનુષ્ઠાનમાં ગંગાના જળનો ઉપયોગ કરવામાં આવે છે.

ગંગા નદીના કિનારે જ હરિદ્વાર, ઋષિકેશ, વારાણસી, પ્રયાગરાજ અને ગંગાસાગર જેવા પવિત્ર તીર્થસ્થળ આવેલા છે. ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ પર જ કુંભમેળાનું આયોજન થાય છે.

નદીનું ધાર્મિક મહત્ત્વ તો છે જ પરંતુ સાથે જ આર્થિક દૃષ્ટિએ પણ એ અગત્યની છે. કૃષિ અને વેપારની દૃષ્ટિએ એ સૌથી વધુ સમૃદ્ધ છે. ગંગા નદીના કિનારે એક એકથી ચડિયાતા ઔદ્યોગિક નગર સ્થાપિત થયા છે. કોલકાતા, કાનપુર, ભાગલપુર, વારાણસી અને પટના એમાંના જ છે. જ્યાં કાપડ, ખાદ્ય પ્રસંસ્કરણ, વીજળી સંયંત્ર અને કાગળનો ઉદ્યોગ ધમધમે છે. ગંગા નદીનું સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વ હોવાની સાથે જ એ પર્યટન માટે પણ લોકોને આકર્ષિત કરે છે. એના કારણે અનેક લોકોને રોજગાર મળે છે.

ગંગામાં આધ્યાત્મિક ચેતનાનો પ્રવાહ વહે છે. ગંગાનો ઉલ્લેખ ભારતીય સાહિત્ય, કળા, સંગીત અને લોકકથાઓમાં વ્યાપકરૂપે કરવામાં આવ્યો છે.

આમ, સૌને જીવન પ્રદાન કરનારી ગંગા નદી સમક્ષ કેટલાક પડકારો પણ છે. એથી એને પુનર્જીવન આપવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. ગંગા નદીના કિનારે અથવા તો એની આસપાસના વિસ્તારોમાં જેટલા લોકો આશ્રિત છે એની સરખામણીએ દુનિયાની કોઈ નદી પર આવો દબાણ નથી. એથી ગંગા પર વધુ દબાણ, ઔદ્યોગિક પ્રદૂષણ અને ધાર્મિક કર્મકાંડને કારણે પ્રદૂષણ ફેલાયું છે. આ જ કારણ છે કે સરકારે નમામિ ગંગે નામનું મિશન શરૂ કર્યું છે. સાથે જ જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે. ગંગા આપણું ગૌરવ છે. એને સ્વચ્છ અને નિર્મળ રાખવાની આપણી સૌની જવાબદારી બને છે. ■

# પ્રેમસખી-પ્રેમાનંદ પોતાના જીવનકાળમાં અંત સુધી હરિસ્મરણ કરતા રહ્યા!

ભજનનો પ્રસાદ


ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

પ્રેમસખીએ ભક્તિ ભાવનાને અને શ્રીહરિની મૂર્તિને જ કેન્દ્રમાં રાખીને પોતાની પદરાશિનું નિર્માણ કર્યું છે, એવું નથી. એમના વિપુલ સર્જનને ઊંડાણથી અવલોકીએ અને તપાસીએ તો સંપ્રદાયના સિદ્ધાન્તોના, સહજાનંદસ્વામી કથિત તત્ત્વને પણ એમણે પોતાના પદનો વિષય બનાવેલ છે. સાથે-સાથે એમની સતત-અહર્નિશ સંગતને કારણે એમના ચરિત્રને આલેખતી કૃતિઓ, પણ સ્વતંત્રપણે ઓળખાવી શકાય એવું સર્જન પણ એમણે કર્યું છે. એમાં સંપ્રદાયની ઓળખ, આકૃતિ અને એમાંની અભિનવ-આગવી મુદ્દા તેઓ આલેખતા હોઈ, મને આવી કૃતિઓનો અલગ વિભાગ હેઠળ પરિચય કરાવવો આવશ્યક જણાયેલ છે. એમાં ભક્ત પ્રેમસખી, પંડિત પ્રેમાનંદ તરીકે પ્રગટ્યા છે. આવી કૃતિઓનો અહીં આ વિભાગ હેઠળ મારો અભ્યાસ પ્રસ્તુત કરવા ધાર્યો છે.

૧. ‘ધર્મવંશવેલ’- ‘આચાર્ય પધરામણી’
૨. ‘હરિ-કૃષ્ણ નારાયણ ચરિત્રમ્’
૩. ‘હરિ ધ્યાનમંજરી’
૪. ‘હરિસ્વરૂપ ધ્યાન સિદ્ધિતા પદો’
૫. ‘સ્વરૂપ ભક્તિ નિર્ણય’
૬. ‘એકાદશી આખ્યા’
૭. ‘વિવેકસાર’
૮. ‘દીક્ષાવિધિ’
૯. ‘શિક્ષાપત્રી-દોહરાવલિ’

(૧) ‘ધર્મવંશવેલ’ : મને લાગે છે કે જે રીતે વૈષ્ણવસંપ્રદાયમાં ‘વલ્લભવેલ’ પ્રચલિત છે. એ રીતે પ્રેમસખી પ્રેમાનંદે સ્વામિનારાયણ સંપ્રદાય સંદર્ભે શ્રીહરિના પિતાશ્રી હરિપ્રસાદ ધર્મદેવના વંશનો વેલો, ચાર પદમાં આલેખ્યો છે. આમ ધર્મવંશના વિસ્તારથી સહજાનંદ સ્વામી પછી એ વંશના આચાર્ય ગાદીપતિ બને અને, એ આચાર્યમાં ભગવાન સ્વામિનારાયણ પ્રગટપણે છે, એવી ભાવનાથી એમની પૂજા-અર્ચનાની પરંપરા શ્રીહરિના કથનથી પ્રચલિત બની. આ ચાર પદના અનુસંધાને મેં ‘આચાર્ય પધરામણી’ની ચાર પદી ચોસર-શૃંખલાને પણ ‘ધર્મવંશવેલ’ સાથે સાંકળીને અભ્યાસ કર્યો છે. પ્રેમસખીએ પણ એવા ભાવથી જ સર્જન કર્યાનું મને પ્રતિત થયું હોઈને અહીં એ બન્નેને એકસાથે સાંકળેલી છે.

(૨) ‘હરિકૃષ્ણનારાયણ ચરિત્રામૃતમ્’ (હિન્દી-વ્રજ) : પ્રેમસખી-પ્રેમાનંદ પોતાના જીવનકાળમાં અંત સુધી હરિસ્મરણ અને એમના સ્વરૂપનું તથા સંપ્રદાયની સૈદ્ધાન્તિક પીઠિકાનું જ ગાન કરતા રહ્યા. એમના અક્ષરધામગમનના દિવસે સવારમાં પૂર્ણ કરેલો ગ્રંથ ‘હરિકૃષ્ણનારાયણ ચરિત્રામૃતમ્’ ખૂબ મહત્ત્વનો છે. કુંડળધામના સદ્ગુરુ જ્ઞાનજીવનદાસજીએ ધોલેરા તથા વડતાલમાં સંગ્રહિત પ્રાચીન હસ્તપ્રતને આધારે હિન્દી ભાષામાં રચાયેલા પ્રેમસખી પ્રેમાનંદકૃત આ ગ્રંથનું સંપાદન કર્યું. એનો અધિકૃત ગુજરાતી અનુવાદ વેદાન્તાચાર્ય શાસ્ત્રીશ્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી પાસે કરાવીને એનું ‘પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો’ નામથી ઈ.સ. ૨૦૧૦માં વડોદરાથી પ્રકાશન કરેલું છે.



ગ્રંથમાં કુલ ૬૮ અધ્યાય, ૩૯૭૨ દોહરા, ચોપાઈ, હરિગીત જેવા છંદોનો વિનિયોગ કરાયો છે. કૃતિની ભાષા વ્રજ મિશ્રિત હિન્દી છે. મહાગ્રંથની વિષયસામગ્રી શ્રીહરિના આવિર્ભાવ પૂર્વેથી માંડીને, અંતર્ધ્યાન થયાના પૂર્વકાળ સુધીની છે. શૈશવ અને પછી વિચરણ સ્થાનકો, હિમાલય પુલ્હાશ્રમ, જગન્નાથ એમ ભારતભૂમિની ચારેય દિશામાં શંકરાચાર્ય અને વિવેકાનંદજીની માફક પદયાત્રા કરીને સૌરાષ્ટ્રમાં સોરઠ ખાતેના લોજ ગામે પધરામણી. પછીના મુક્તાનંદ, રામાનંદ, મિલન, સંપ્રદાયની ધુરાની પ્રાપ્તિ, સોરઠ પછી ગઢડા, વડતાલ આદિ સ્થાનકે અને અન્ય છ સ્થળે શિખરબંધ મંદિરોનું નિર્માણ આદિ ચરિત્રલક્ષી, વિચરણ, સત્સંગ કેન્દ્રી વિગતોને પદ્યમાં કલાત્મક અભિવ્યક્તિ અર્પી છે. શ્રીહરિના ચરિત્રની નીજ અનુભૂતિની ઘણી બધી સામગ્રીઓ સંદર્ભ સમેત અહીં સમાવિષ્ટ પામી હોઈ એનું મૂલ્ય ઘણુંછે.

(૩) ‘હરિધ્યાન મંજરી’ (હિન્દી-વ્રજ): પ્રેમસખી-પ્રેમાનંદસ્વામીના મહત્ત્વના સાંપ્રદાયિક ગ્રંથોમાં ‘હરિધ્યાન મંજરી’ નામનો હિન્દી-વ્રજ ભાષાનો ગ્રંથ સહજાનંદ સ્વામીની છબિ-ધ્યાન માટેની મુદ્રાઓથી સભર છે. કુલ ચૌદ પ્રકાશમાં, પ્રગટચરિત્ર, તલ-ચિહ્ન, ચેષ્ટા, સહજ સ્વભાવ, ગુણ, અસાધારણ લક્ષણો, માનસીપૂજા, સંતનામ, મહિમા જેવા શીર્ષકો આપેલ છે. પ્રત્યેક પ્રકાશની ૫૦ થી ૭૦ જેટલી દુહા, ચોપાઈ કે હરિગીત છંદના બંધની કડીઓ મળીને કુલ ૯૨૭ કડીની આ રચના પ્રેમસખીના પરમ ધ્યાનનું સુફળ ગણાય છે. આટલી સૂક્ષ્મતાથી એમના ખરા અંતેવાસી, અને સેવક પ્રેમસખીએ કરેલું નિરીક્ષણ એમના વિચરણ સ્થળોની, એમનાથી દીક્ષિત બ્રહ્મચારી નંદસંતોની સંપૂર્ણ યાદી અને શ્રીહરિના ચરિત્રની ઘણી વિગતોનું દસ્તાવેજી આલેખન અહીં કાવ્યરૂપે અભિવ્યક્તિ પામ્યું છે. અધ્યાત્મ, ઇતિહાસ, સંસ્કૃતિ અને સમાજશાસ્ત્ર જેવી વિદ્યાશાખાને આવરી લેતો દસ્તાવેજી સામગ્રીથી સભર આ ગ્રંથ પણ જ્ઞાનજીવનદાસજીએ સંપાદિત કરેલ છે. ગુજરાતી અનુવાદમાં કુંડળધામના જ્ઞાનપ્રકાશદાસજીનો સહયોગ પ્રાપ્ત થયો છે. ‘પ્રેમાનંદસ્વામીના ગ્રંથો’ (૨૦૧૦)માં આ રચનાનું હસ્તપ્રત આધારિત સંપાદન પ્રકાશિત છે.

(૪) ‘હરિસ્વરૂપ ધ્યાનસિદ્ધિના પદો’ : ‘ધ્યાનમંજરી’ જેવા ટૂંકા નામથી પ્રેમસખીના ૫૦ ગુજરાતી પદની શૃંખલાની રચનાને વિવિધ વિદ્વાનોએ ઉલ્લેખી છે. હરિપ્રસાદ ઠક્કર, ઇચ્છારામ ઈશ્વરલાલથી સંપાદન આરંભાયું જણાય છે. પરંતુ કૃતિ બે ખંડમાં જણાય છે. પહેલામાં ૧૬ પદો અને બીજામાં ૧૪ પદો છે. અને હકીકતે ગ્રંથના અંતે પ્રેમસખીએ ‘ઇતિશ્રી હરિસ્વરૂપ ધ્યાનસિદ્ધિનાં પદ સંપૂર્ણ’ એવી પુષ્પિકા આલેખ મૂકેલ છે. અહીં આલેખાયેલા બધાં પદો શ્રીહરિના ચરિત્રની ધ્યાનમૂર્તિ સંદર્ભેના હોઈને આવી ઓળખી આપી જણાય છે. કુંડળધામથી આજ સુધી અમુદ્રિત આ પદો ‘પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો’માં પ્રકાશિત થયાં છે.

(૫) ‘સ્વરૂપભક્તિનિર્ણય’ (હિન્દી) : શ્રીહરિના દિવ્ય ભાવો, સગુણ-નિર્ગુણ ભાવો, સાકાર-નિરાકાર રૂપ, કર્તા-અકર્તાસ્વરૂપ અને દસ પ્રકારની ભક્તિ જેવા આઠ-દશ વિષયોને આવરી લેતો સાંપ્રદાયિક ભક્તિ વિભાવનાનો દ્યોતક દોહરા બંધમાં રચાયેલો ૮૦ કડીનો હિન્દી-વ્રજ મિશ્ર ભાષાનો આ ગ્રંથ અદ્યાવપિ અપ્રગટ હતો. સુરેન્દ્રનગર ગુરુકુળ નારાયણ સેવાદાસજી પાસેની પ્રાચીન હસ્તપ્રતને આધારે જ્ઞાનજીવનદાસજીએ આ રચના સંપાદિત કરી છે. જ્ઞાનપ્રકાશદાસજીએ ગુજરાતી અનુવાદ કર્યો છે. કુંડળધામનું ‘પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો’ નામનું આ પ્રકાશન આવા કારણથી ખૂબ મહત્ત્વનું છે.

(૬) ‘એકાદશી આખ્યાન’ : હકીકતે તો ૨૪ એકાદશીના મહત્ત્વને વર્ણવતો આ ગ્રંથ પ્રેમસખીની પદ નિરૂપણ કળાનો દ્યોતક છે. કુલ ૮૮ પદોમાં પ્રારંભે સોળ કડી સુધી તો એકાદશીની ઉત્પતિકથા છે. પછીના પદોમાં જુદા જુદા રાગ-ઢાળમાં બંધમાં ૨૪ એકાદશીનો મહિમા, નામ, પૂજાવિધિ, અને ફળપ્રાપ્તિ આદિ વિગતોને વણી લીધી છે.

પ્રત્યેક પદો પાંચ-કે છ કડીનાં છે. અંતે પાંચ દોહામાં કૃતિના સ્વરૂપની વિગતો વર્ણવેલ છે.

*‘પદ અઠયાસી પુનીતમેં, ગાયા હરિ જગદીશ;*
*ચરણ ત્રણસો પંચાવન,*
*ઢાળ સરળ-બાવીશ. ...૪*
*દોહા પાંચ કરી ઉપરે,*
*લખ્યો સર્વ સંકેત;*
*પ્રેમાનંદ કે પ્રસન્નરહો,*
*હરિજન હરિ સમેત’. ...૫*

પ્રેમસખીની ગ્રંથારંભ, અંત વગેરેની પ્રસ્તુતિની આલેખનષ્ટિનો અહીં પરિચય મળી રહે છે. (ક્રમશઃ) ■

# મારા નવ આશુતોષ અવતારોનું શ્રવણ અથવા ૧૨ જ્યોતિર્લિંગની પૂજા કરશે તેમના પાપનો નાશ થશે...

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

‘વૈશ્યનાથે આપેલા શિવલિંગનું પોતે જતન ન કરી શકતાં વૈશ્યનાથે મૃત્યુને ભેટવું પડયું. માટે હવે તેણે વૈશ્યનાથની પત્ની તરીકે ધર્મ પાળવો જોઈએ અને તેમની જેમ ચિતામાં બળીને મરી તેમનું અનુગમન કરવું એ જ મારા માટે હવે ઉત્તમ ધર્મ છે, એવું વિચારી ગણિકા મહાનંદાએ પોતાની સર્વ માલ મિલકત યોગ્ય પાત્ર જોઈ દાનમાં આપી દીધી અને સતી થવા માટે તત્પર થઈ. અગ્નિથી પ્રગટેલી ચિતાની પ્રદક્ષિણા કરી ભગવાન શિવનું સ્મરણ કર્યું અને અગ્નિમાં પ્રવેશ કરવા જાય છે ત્યારે જ ભગવાન શિવ સાક્ષાત પ્રગટ થાય છે અને કહે છે,

‘હે મહાનંદા, હું પોતે વૈશ્યનાથના સ્વરૂપે તારી પરીક્ષા કરવા આવ્યો હતો. તું કસોટીમાંથી પાર ઊતરી છે. તું વરદાનને પાત્ર છે, તારી ઇચ્છા મુજબ વરદાન માગ.’ ગણિકા મહાનંદા કહે છે, ‘પ્રભુ તમે વરદાન આપવા જ માગતા હોવ તો મને પુનર્જન્મના ભયથી મુક્ત કરી પરમપદ અર્પણ કરો.’ ભગવાન શિવ કહે છે, ‘તથાસ્તુ, તમારી ઇચ્છા મુજબ હવે પછીના જીવનમાં પુનર્જન્મના ભયથી મુક્ત થશો અને પરમપદને મેળવશો અને જે મનુષ્ય આ અદ્ભુત ચરિત્રનું શ્રવણ-પઠન કરશે તેનું આત્યંતિક કલ્યાણ થશે અને પરમ પદને પામશે.’ ગણિકા મહાનંદાને પરમપદ પ્રાપ્ત થતાં ભગવાન શિવ ફરી કૈલાસ પધારે છે. માતા પાર્વતીઃ ‘હે સ્વામી મહાનંદાને તો પરમપદ પ્રાપ્ત થઈ ગયું છે પણ પૃથ્વીવાસીઓ કઈ રીતે પોતાના પાપનો નાશ કરી ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકે તેની વ્રત વિધિ બતાવો જેથી તેમનું કલ્યાણ થાય.’

***

ભગવાન શિવઃ ‘પ્રિયે પૃથ્વીવાસીઓ મારા નવ આશુતોષ અવતારોનું શ્રવણ અથવા ૧૧ જ્યોતિલિંગની પૂજા અર્ચના કરશે તેમના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકશે.’

માતા પાર્વતીઃ ‘સ્વામી તો પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે પ્રથમ તમે તમારા નવ અવતારો વિશે જણાવો.’

ભગવાન શિવઃ પહેલા દ્વાપર યુગના સાતમા વરાહ કલ્પમાં નાગાધિરાજ હિમાલય ઉપર શ્વેત નામે પ્રગટ થઈશ. શ્વેત, શ્વેતાશિખ, શ્વેતાશ્વ અને શ્વેતલોહિત નામના ચાર શિષ્યો હશે.



બીજા દ્વાપર યુગમાં વ્યાસ રૂપે જ્યારે સત્ય નામના પ્રજાપતિ થશે ત્યારે હું સુતાર નામે પ્રગટ થઈશ. તે સમયે દુંદુભિ, શતરૂપ, હર્ષિક, શતરૂપ, હર્ષિક અને કેતુમાન નામે ચાર વેદવત્તા બ્રાહ્મણો મારા શિષ્ય થશે.

ત્રીજા દ્વાપર યુગમાં ભાર્ગવ વ્યાસ થઇ ગયા તે સમયે દમન નામ ધારણ કરી પ્રગટ થઈશ. તે સમયે વિશોક, વિશેષ, વિપાય અને પાપનાશન નામના મારા શિષ્યો હશે.

ચોથા દ્વાપર યુગમાં જ્યારે અંગિરા વ્યાસ હશે ત્યારે હું સુહોત્ર નામે પ્રગટ થઈશ, ત્યારે સુમુખ, દુર્મુખ, દુદર્ભ અને દુરિતક્રમ નામના મારા શિષ્યો હશે.

પાંચમા દ્વાપર યુગમાં સવિતા નામે વ્યાસ હશે ત્યારે હું કંક નામે અવતાર લઈશ. તે સમયે સનક, સનાતન, સનંદન અને સનતકુમાર નામે મારા શિષ્યો હશે.

છઠ્ઠા દ્વાપર યુગમાં મૃત્યુ નામે વ્યાસ હશે ત્યારે હું લોકાક્ષિ નામે અવતાર લઈશ. તે સમયે સુધામસ, વિરજસ, સંજય અને વિજય નામે મારા શિષ્યો હશે.

સાતમા દ્વાપર યુગમાં શતકતુ નામે વ્યાસ હશે ત્યારે હું જૈગીષવ્ય નામે અવતાર લઈશ. તે સમયે સારસ્વત, યોગીશ, મેઘવાહ અને સુવાહન નામે મારા શિષ્યો હશે.

આઠમા દ્વાપર યુગમાં મુનિ વશિષ્ઠ વ્યાસ હશે ત્યારે હું દધિવાહન નામે અવતાર લઈશ. તે સમયે કપિલ, આસુરી, પંચશિખ અને શાલ્લવ નામે મારા શિષ્યો હશે.

નવમા દ્વાપર યુગમાં મુનિ સારસ્વત વ્યાસ હશે, ત્યારે હું ઋષભ નામે અવતાર લઈશ. તે સમયે પરાશર, ગર્ગ, ભાર્ગવ અને શાલ્લવ નામે મારા શિષ્યો હશે અને તેમના દ્વારા સંસારમાં યોગમાર્ગને વધુ સુદઢ બનાવાશે. મારો આ ઋષભ નામનો અવતાર અતિપ્રભાવશાળી, કલ્યાણકારી અને કરૂણામયી હશે.

માતા પાર્વતીઃ ‘સ્વામી તમે કળિયુગમાં જે ૧૨ જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થવાના છો એ બાબતે પણ જણાવો’

ભગવાન શિવઃ કળિયુગમાં હું પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સૌરાષ્ટ્ર ખાતે સોમનાથ નામે, દ્વિતીય જ્યોતિર્લિંગ તરીકે શ્રીશૈલ પર્વત ખાતે મલ્લિકાર્જુન નામે, તૃતીય જ્યોતિર્લિંગ તરીકે ઉજ્જૈન ખાતે મહાકાલ નામે, ચતુર્થ જ્યોતિર્લિંગ તરીકે નર્મદાના તટ પર ઓમકારેશ્વર-મમલેશ્વર નામે, પંચમ જ્યોતિર્લિંગ તરીકે પરળી ખાતે વૈજનાથ નામે, ષષ્ઠમ જ્યોતિર્લિંગ તરીકે ભીમાશંકર નામે, સપ્તમ જ્યોતિર્લિંગ તરીકે રામેશ્વર નામે, અષ્ટમ જ્યોતિર્લિંગ દારૂકા વન ખાતે નાગેશ્વર નામે, નવમ જ્યોતિર્લિંગ તરીકે વારાણસી ખાતે વિશ્વેશ્વર નામે, દસમ જ્યોતિર્લિંગ તરીકે ગૌતમના તટ પર ત્રંબકેશ્વર નામે, અગિયારમા જ્યોતિર્લિંગ તરીકે હિમાલય ખાતે કેદારેશ્વર અને બારમા જ્યોતિર્લિંગ તરીકે ઘૃષ્ણેશ્વર નામે પ્રગટ થઈશ. જે માનવ આ જ્યોર્તિલિંગની પૂજા-અર્ચના કરશે તેના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવશે.

(ક્રમશઃ) ■

# ગુરુ તારો પાર ન પાયો

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

ગુરુનો પાર પામવાની ચેષ્ટા જ બાળક જેવી છે. ગુરુની મહત્તા, ગુરુની સ્થિતિ, ગુરુનું સામર્થ્ય, ગુરુની સત્તા, ગુરુનું ઊંડાણ, ગુરુનો વિસ્તાર, ગુરુનો સાક્ષીભાવ અને ગુરુની સુક્ષ્મતાની તોલે સૃષ્ટિમાં કશું જ ન આવી શકે. ગુરુનો પાર પામવા માટે તો ક્યારેક ઈશ્વર અસમર્થ બની રહે છે.

અવતારી પુરુષોએ પણ ગુરુની મહત્તા સ્વીકારી છે. જ્યારે મનમાં કોઈ પ્રશ્ન જાગે, આધ્યાત્મિકતા બાબતે કોઈ મૂંઝવણ ઊભી થાય, સૃષ્ટિની રચના સાથેના પોતાના સમીકરણ વિષે કૂતુહલ જાગે, કોઈ દેખીતા કારણ વગર મન ઉદાસ થઈ જાય, આકાશમાં મીટ માંડતા માંડતા સૃષ્ટિની વિશાળતા બાબતે અચરજ થાય, ચિંતન કરતાં કરતાં ક્યાંક ખોવાઈ જવાય; ત્યારે શ્રીરામ ગુરુદેવ વશિષ્ઠના સાંનિધ્યમાં પહોંચી જતા. વેદો તથા શાસ્ત્રોના અધ્યયન માટે, તે માટેનાં માર્ગદર્શન માટે, ક્યારેક મનમાં ઊભા થતા પ્રશ્નોના નિરાકરણ માટે, શ્રીકૃષ્ણ પણ સાંદિપની ઋષિનું શરણ સ્વીકારતા. પરશુરામને જ્ઞાનની અપાર ઉત્કંઠા જાગે ત્યારે દ્રોણગીરી પર્વત પર ગુરુ દત્તાત્રેયને મળવા પહોંચી જતા. શક્તિ સ્વરૂપ મા જગદંબા પણ મહાદેવના શિષ્ય બની પોતાની પ્રત્યેક શંકાનું નિરાકરણ કરતા.

ગુરુ વશિષ્ઠ માત્ર ગુરુ નથી, શ્રીરામને આદર્શનો મંત્ર આપનાર શક્તિ છે. સાંદિપની ઋષિ પણ માત્ર ગુરુ નથી, તેમણે તો શ્રીકૃષ્ણને કર્મ યથાર્થતા પૂર્વક સમજાવી શકે તે માટે તૈયાર કરેલા છે.

દત્ત મુનિએ પરશુરામને સવિકલ્પ-સંકલ્પ તથા નિર્વિકલ્પ-સંકલ્પનો ભેદ સમજાવી સૃષ્ટિ સર્જનનું સમગ્ર સમીકરણ સમજાવી દીધું - અને આ સમજ પછી સમગ્ર સૃષ્ટિમાં પ્રસરી ગઈ. મહાદેવે વિશ્વની શક્તિને યોગના ૧૧૬ માર્ગ દર્શાવી તથા સ્વરનાદનું વિજ્ઞાન સમજાવી સમગ્ર માનવજાત પર મહાન ઉપકાર કરી દીધો. ગુરુ માત્ર પોતાના શિષ્ય પર ઉપકાર નથી કરતા, તેઓ તો સમગ્ર જગતનું ભલું ઈચ્છે છે.

ગુરુ માટે શિષ્ય તો એક નિમિત્ત છે, તેમને તો પોતાનું જ્ઞાન, પોતાની સમજ વહેંચવા માટેનું કોઈ માધ્યમ જોઈતું હોય છે. ગુરુએ તો પોતાનો ભંડાર લૂંટાવી દેવો છે. તેમણે જાણે સમગ્ર માનવજાત સુધી પહોંચી જવું. તેમણે સમગ્ર જગતનો અંધકાર મિટાવી દેવો છે.



સમગ્ર વિશ્વમાંથી બધા જ પ્રકારના દૂષણો દૂર કરવાની તેમની ઈચ્છા હોય છે. તેઓ ઈચ્છતા હોય છે કે બધા જ યોગ્ય માર્ગ ઉપર પ્રવાસ કરે, બધા જ યોગ્ય મંઝિલ પર પહોંચી શકે, કોઈ ક્યારેય ભટકી ન જાય; અને બધા માટે આ પ્રવાસ સરળ તેમ જ આનંદદાયી બની રહે. તેમને ક્યાંય પક્ષપાત નથી. તેમને કોઈ પ્રિય કે અપ્રિય નથી. તેમના મનમાં પ્રત્યેક માટે એક સમાન કરુણાનો ભાવ સ્થાપિત થયેલો હોય છે. બધાને માર્ગદર્શન આપવા તેઓ તત્પર હોય છે, પરંતુ માર્ગદર્શન તે જ પામી શકે કે જે પોતાને તે રીતે લાયક બનાવે.

ભકતે લાયકાત કેળવવી પડે. તેણે દુનિયાના પ્રપંચથી પોતાની જાતને મુક્ત કરવી પડે. તેણે નિર્મળતા ધારણ કરવી પડે, મમત્વ અને સ્વાર્થથી ઉપર ઊઠવું પડે, છ શત્રુઓથી દૂર રહેવું પડે, ઇન્દ્રિયોને કાબૂમાં રાખી ચિત્તને શાંત કરવાનો પ્રયત્ન કરવો પડે, જીવનમાં નૈતિકતાના ઉચ્ચ ધોરણો પાળવા પડે અને સાથે શાસ્ત્ર તેમજ ગુરુ વચનમાં અપાર વિશ્વાસ રાખવો પડે. ગુરુના પ્રત્યેક આદેશનું પાલન કરવું પડે. ગુરુનો આદેશ જ શિષ્ય માટે અંતિમ વિધાન - બ્રહ્મવાક્ય બની જવું જોઈએ.

શિષ્ય જેમ નિમિત્ત છે, તેમ તે એક માધ્યમ પણ છે. આ માધ્યમ જેમ વધુ લાયક તેમ ગુરુની વાણી વધુ પ્રખરતાથી પ્રગટ થાય. જો અર્જુન જેવો શિષ્ય મળે તો ગીતા કહેવાનું શ્રીકૃષ્ણને મન થાય. જો શ્રીરામ જેવા શિષ્ય મળે તો વશિષ્ઠ ઋષિને યોગવાસિષ્ઠનું સર્જન કરવાની પ્રેરણા મળે. જો આરુણી જેવા શિષ્ય મળે તો ઋષિ ધૌમ્ય ક્ષણભરમાં સમગ્ર શાસ્ત્ર નું જ્ઞાન જાગ્રત કરી દે. જો તોટકાચાર્ય શિષ્ય હોય તો આદિ શંકરાચાર્ય જેવા ગુરુની કૃપાથી સૃષ્ટિનો સૌથી કઠિન છંદ પણ રમત વાત બની રહે. ગુરુની મહત્તા તો છે જ, પણ તે મહત્તા ત્યારે જ પ્રગટ થાય જ્યારે તેને સમકક્ષ શિષ્યપણું ઉદ્ભવે. પણ મૂળમાં તો અર્પણ કરનાર ગુરુ છે અને શિષ્ય સ્વીકારનાર જ છે.

દત્ત ભગવાને ચોવીસ ગુરુ કરેલા. આ સિદ્ધાંત પ્રમાણે તો દરેક પાસેથી કંઈક ને કંઈક શીખવા મળે. પણ ગુરુ એ કે જે ભક્તિના મહાસાગરમાં તરબોળ કરી દે, જ્ઞાનની સીમા સુધીનું જ્ઞાન પ્રગટ કરી દે, આસુરી પ્રકૃતિનો સદંતર નાશ કરવા પ્રેરણા આપી દૈવી પ્રકૃતિની સ્થાપના થાય તે માટે મદદરૂપ બને, અને સૌથી અગત્યનું, જન્મ મરણના ફેરામાંથી મુક્તિ મળે તે પ્રમાણે પ્રેરિત કરે. ગુરુની હાજરીમાં સમગ્ર પ્રપંચનો નાશ થઈ જાય. તેમની હાજરીમાં કોઈ અનૈતિક, અશુભ કે અયોગ્ય વિચાર પણ ન આવે. તેમની ઉપસ્થિતિમાં જેમ દરેક પ્રકારની નકારાત્મકતા નાશ પામે, તેમ અનેક પ્રકારની હકારાત્મકતા પણ ઉભરી આવે. ગુરુની હાજરીમાં ચિત્ત સંપૂર્ણ શાંતિ અનુભવે, મન આરામની સ્થિતિમાં આવી જાય, ઇન્દ્રિયો નિષ્ક્રિય થઈ જાય, શ્વાસ ધીમો થતો જાય, આંખો અંદરની તરફ વળતી થાય, આપમેળે જ ઘણા બધા સમીકરણો ઉકેલતાં જાય, અંતરમાં શુદ્ધ આનંદની પ્રતીતિ થતી થાય, પ્રત્યેક ક્ષણે આધ્યાત્મિકતાનો ભાવ ઊંચાઈ પામતો હોય તેમ અનુભવાય અને પરમ શાંતિ - માત્ર પરમ શાંતિ જ ચારે બાજુ પ્રસરેલી હોય તેની પ્રતીતિ થાય. ગુરુદેવની યાદ જીવનને પ્રસન્નતાથી ભરી દે. ગુરુદેવનો એક આદેશ ભવસાગર પાર કરવાનું સાધન બની રહે.

ગુરુદેવની એક દ્રષ્ટિ અંતરના ચક્ષુ ખોલી નાખે. ગુરુદેવના ચરણનો સ્પર્શ કરતાં જ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, એ ત્રણેનો જાણે એક સાથે જ ચરણ સ્પર્શ થઈ જતો લાગે. ગુરુદેવ પ્રત્યેનું પ્રત્યેક ડગલું એક સંપૂર્ણ તીર્થયાત્રા સમાન બની રહે. ગુરુદેવનું એક સ્મરણ જીવનને ન્યાલ કરી દેવા પૂરતું છે. ■

# ભારતની છ 'આકાશ મિસાઈલે' ઈંગ્લૅન્ડને તારાજ કર્યું

## આકાશ દીપનો છ વિકેટનો તરખાટઃ સ્ટૉક્સને પંત-જાડેજા-સુંદરની ત્રિપુટીએ જાળમાં આબાદ ફસાવ્યોઃ ગિલ યંગેસ્ટ વિજેતા-કૅપ્ટન

એજબૅસ્ટનઃ ઈંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં મોહમ્મદ સિરાજ છ વિકેટ લઈને સુપરસ્ટાર બન્યો હતો, પરંતુ એ જ ઇનિંગ્સમાં ચાર વિકેટ લેનાર બીજા પેસ બોલર આકાશ દીપે રવિવારે વધુ અસરદાર પર્ફોર્મ કરીને કમાલ કરી નાખી હતી. તેણે છ વિકેટ લઈને (આખી મૅચમાં કુલ ૧૦ વિકેટ લઈને) બ્રિટિશરોની બોલતી બંધ કરી દીધી હતી. આરામ ફરમાવી રહેલા જસપ્રીત બુમરાહને બદલે આકાશને આ મૅચમાં રમવા મળ્યું અને તેણે ભારતને જિતાડીને બુમરાહની ખોટ જરા પણ ન વર્તાવા દીધી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પાકિસ્તાન પર ભારતે આકાશ મિસાઇલનો મારો ચલાવીને પાકિસ્તાનમાં આતંકવાદીઓના અનેક મથકોને નષ્ટ કરી નાખ્યા હતા. એજબૅસ્ટનમાં આકાશ દીપે વારંવાર મિસાઇલ જેવા હુમલા કરીને છ મહત્ત્વની વિકેટો લીધી હતી.

ભારતે આ ટેસ્ટ ૩૩૬ રનના વિક્રમી માર્જિનથી જીતી લીધી. પ્રથમ દાવમાં ભારતે ૫૮૭ રન કર્યા હતા જેના જવાબમાં બ્રિટિશરો ૪૦૭ રન કરી શક્યા હતા. ભારતે બીજો દાવ ૪૨૭/૬ના સ્કોર પર ડિક્લેર કરીને બ્રિટિશરોને ૬૦૮ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. બેન સ્ટૉક્સની ટીમ બીજા દાવમાં ૨૭૧ રનના સ્કોર પર આઉટ થઈ હતી. શુભમન ગિલને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. તે વિદેશમાં ટેસ્ટ જીતનારો સૌથી યુવાન ભારતીય સુકાની છે. સિરાજે (ડાબે) પહેલા દાવમાં છ અને આકાશે બીજા દાવમાં છ વિકેટ લીધી.





શુભમન ગિલને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. સિરાજે (ઉપર, ડાબે) પહેલા દાવમાં છ અને આકાશે બીજા દાવમાં છ વિકેટ લીધી. (બીસીસીઆઇ)

જોકે આ મૅચની સૌથી મહત્ત્વની વિકેટ કૅપ્ટન બેન સ્ટૉક્સની કહી શકાય, કારણકે તે વાઇસ-કૅપ્ટન રિષભ પંત તેમ જ રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન સુંદરે ભેગા થઈને બિછાવેલી જાળમાં આબાદ ફસાઈ ગયો હતો અને વિકેટ ગુમાવી બેઠો હતો.

સ્ટૉક્સ ૯૪ મિનિટ સુધી ક્રીઝમાં ટક્યો હતો અને તેણે છ ફોરની મદદથી ૭૨ બૉલમાં ૩૩ રન કર્યા હતા ત્યારે ૭૩મા બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો. બન્યું એવું કે લંચ અગાઉ થોડી ક્ષણો પહેલાં કૅપ્ટન શુભમન ગિલે નીતીશ રેડ્ડીને ઓવર આપી હતી. નીતીશે જમ્પર ઉતારીને અમ્પાયરને આપી પણ દીધું હતું, પરંતુ લંચ પહેલાં બને એટલી વધુ ઓવર થઈ શકે એ હેતુથી ગિલે નિર્ણય બદલીને એ ઓવર માટે વૉશિંગ્ટનને બોલાવ્યો હતો. વૉશિંગ્ટનની એ પ્રથમ ઓવર હતી અને એ ઓવરમાં બેન સ્ટૉક્સ ખૂબ માનસિક દબાણમાં રમ્યો હતો. ઓવરના અંતિમ બૉલ પહેલાં પંતે વૉશિંગ્ટનને કહ્યું કે તું બેન સ્ટૉક્સને એક રન લેવા દેજે કે જેથી પછીની જાડેજાની ઓવરમાં તે સ્ટ્રાઇક પર આવે. જોકે એવું નહોતું બન્યું. સ્ટૉક્સ સ્ટ્રાઇક પર પાછો નહોતો આવ્યો અને જાડેજાએ બહુ ઝડપથી (૧૦૦ સેકન્ડમાં) ઓવર પૂરી કરી કે જેથી લંચ પહેલાં વૉશિંગ્ટનને વધુ એક ઓવર કરવા મળે.

જાડેજાને આ સ્પેલમાં જે ટર્ન મળ્યા એ સિરીઝમાં સરેરાશ સૌથી વધુ હતા. તેના ૪૦ ટકા બૉલ ૪.૫ કરતાં વધુ ડિગ્રીમાં ટર્ન થયા હતા. તેણે રફ ભાગનો વધુ લાભ લીધો હતો. વૉશિંગ્ટને પંતના પ્લાન મુજબ સ્ટૉક્સને જાળમાં ફસાવીને લંચ પહેલાં ઓવરના ત્રીજા બૉલમાં એલબીડબ્લ્યૂ કરીને પૅવિલિયન ભેગો કર્યો હતો. પ્રથમ દાવમાં જૅમી સ્મિથ અને હૅરી બ્રૂકે ટી ઇન્ટરવલ પહેલાં જાણી જોઈને સમય બગાડતાં હતા, પરંતુ રવિવારે લંચ પહેલાં સ્ટૉક્સ-સ્મિથે એવું કંઈ જ નહોતું કર્યું. ■

# રિષભ પંતના હાથમાંથી બે વખત બૅટ છટક્યું



એજબૅસ્ટનઃ અહીં બીજી ટેસ્ટમાં શનિવારના ચોથા દિવસે રિષભ પંત (૬૫ રન, ૫૮ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર) તેના અસલ મિજાજમાં રમ્યો હતો અને એમાં તેણે ઇંગ્લેન્ડના બોલર્સની ખબર લઈ નાખવાની સાથે ક્યારેક પોતે પણ આંચકા અનુભવ્યા હતા.

એક શૉટ વખતે તેના હાથમાંથી બૅટ છટકી ગયું હતું અને ૬૬ ફૂટ (૨૦ મીટર) દૂર પડ્યું હતું. સદનસીબે કોઈ ફીલ્ડરને વાગ્યું નહોતું.

પંતને ૩૦ રન પર ઝેક ક્રોવ્લીના હાથે અને ૩૪મા રને ક્રિસ વૉક્સના હાથે જીવતદાન મળ્યું હતું.

૩૪મી ઓવરમાં પંત પુલ શૉટ મારવા ગયો ત્યારે બૅટ પરની પકડ તેણે ગુમાવી હતી અને હાથમાંથી છટકેલું બૅટ સ્કવેર લેગની દિશામાં ૬૬ ફૂટ દૂર પડ્યું હતું. ડ્રેસિંગ રૂમની બહાર બેઠેલો જસપ્રીત બુમરાહ આક્રમક બૅટ્સમેન પંતની આ લીલા જોઈને હસવા લાગ્યો હતો. મેદાન પરના ખેલાડીઓ તેમ જ પ્રેક્ષકો પણ હસ્યા હતા.

૪૭મી ઓવર સ્પિનર શોએબ બશીરે કરી હતી જેના બીજા બૉલમાં ફરી પંતના હાથમાંથી બૅટ છટક્યું હતું. આ વખતે તેણે બૉલને કનેક્ટ કર્યો હતો. તેનું બૅટ મિડ-વિકેટ તરફ ગયું હતું જ્યાં ઊભેલા કાર્સે બૅટ ઑલમોસ્ટ પકડી લીધું હતું, પણ બીજી તરફ પંતે એમાં કૅચ આપી દીધો હતો અને બેન ડકેટે કોઈ ભૂલ નહોતી કરી. ■

# ભારતે પહેલી વાર એક જ ટેસ્ટમાં બનાવ્યા ૧,૦૦૦ રન

એજબૅસ્ટનઃ ઇંગ્લૅન્ડ સામે સિરીઝની બીજી ટેસ્ટમાં ભારતીય ટીમે કુલ ૧,૦૧૪ રન (૧૦/૫૮૭ રન અને ૬/૪૨૭ ડિક્લેર્ડ) બનાવ્યા અને ભારતે ૯૩ વર્ષના પોતાના ટેસ્ટ ઈતિહાસમાં કોઈ એક ટેસ્ટમાં ૧,૦૦૦ રન કર્યા હોય એવું પહેલી જ વખત બન્યું.

આ પહેલાં એક ટેસ્ટમાં ભારતના વધુમાં વધુ ૯૧૬ રન (૭/૭૦૫ ડિક્લેર્ડ અને ૨/૨૧૧ ડિક્લેર્ડ) સિડનીમાં ૨૦૦૪માં ઑસ્ટ્રેલિયા સામે બનાવ્યા હતા. એ મૅચમાં પહેલા દાવમાં સચિને અણનમ ૨૪૧ રન અને લક્ષ્મણે ૧૭૮ રન કર્યા હતા.

કોઈ એક ટીમે એક ટેસ્ટમાં સૌથી વધુ રન કર્યા હોય એવા સ્કોર્સની રેકૉર્ડ બુકમાં ભારત ચોથા સ્થાને આવી ગયું છે (૧) ઇંગ્લૅન્ડના કુલ ૧,૧૨૧ રન, વેસ્ટ ઇન્ડિઝ સામે ૧૯૩૦માં, કિંગસ્ટનમાં (૨) પાકિસ્તાનના કુલ ૧,૦૭૮ રન, ભારત સામે ૨૦૦૬માં, ફૈસલાબાદમાં (૩) ઑસ્ટ્રેલિયાના કુલ ૧,૦૨૮ રન, ઇંગ્લૅન્ડ સામે ૧૯૩૪માં, ઓવલમાં (૪) ભારતના કુલ ૧,૦૧૪ રન, ઇંગ્લૅન્ડ સામે ૨૦૨૫માં, એજબૅસ્ટનમાં (૫) ઑસ્ટ્રેલિયાના કુલ ૧,૦૧૩ રન, વેસ્ટ ઇન્ડિઝ સામે ૧૯૬૯માં, સિડનીમાં. ■

# જૉકોવિચ ૧૦૦મી મૅચ જીત્યો અને તેની દીકરીએ સુંદર ડાન્સ કરીને અનેકનાં દિલ જીતી લીધાં





લંડનઃ પચીસમા ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ માટે અહીં વિમ્બલ્ડનમાં ઝઝૂમી રહેલો સર્બિયાનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન નોવાક જૉકોવિચ શનિવારે અહીં ત્રીજા રાઉન્ડમાં પોતાના જ દેશના માયોમીર કેચમૅનોવિચને સ્ટ્રેઇટ સેટમાં ૬-૩, ૬-૦, ૬-૪થી હરાવીને (વિમ્બલ્ડનમાં ૧૦૦મી મૅચ જીતીને) ચોથા રાઉન્ડમાં પહોંચ્યો એ બદલ સેન્ટર કોર્ટના પ્રેક્ષકોએ તેને તાળીઓથી વધાવી લીધો હતો, પરંતુ વધુ તાળી જૉકોવિચની દીકરી માટે પડી હતી.

જૉકોવિચ વિમ્બલ્ડનમાં ૧૦૦મી મૅચ જીતનારો નવરાતિલોવા અને ફેડરર પછીનો ત્રીજો ખેલાડી છે.

વાત એવી છે કે સાત વર્ષની ટૅરા જૉકોવિચે તેના ડૅડીની મૅચ બાદ ડાન્સ કરીને સૌને ખુશ કરી દીધા હતા. ટૅરા જૉકોવિચનો આ વિક્ટરી ડાન્સ હતો અને તે હજારો પ્રેક્ષકોમાં છવાઈ ગઈ હતી.

જૉકોવિચે ૧૦૦મી મૅચ જીતી લીધી ત્યાર બાદ તેનો ઇન્ટરવ્યૂ લેનારે તેને થોડા સમયથી તે જે ડાન્સ કરી રહ્યો છે એની ઝલક બતાવવાની વિનંતી કરી હતી.

જોકે જૉકોવિચે કહ્યું, 'હા, મેં મારા બાળકો સાથે પમ્પ ઇટ અપ સૉન્ગ પર ક્યારેક ડાન્સ કર્યો છે. મારી દીકરી એ સૉન્ગ પર બહુ સરસ ડાન્સ કરે છે. જુઓ, તે હમણાં જ કરી બતાવશે. તેને એ સૉન્ગ પર ડાન્સ કરવો ખૂબ ગમે છે.' આવું કહીને જૉકોવિચે ક્રાઉડ તરફ જોઈને દીકરીને કહ્યું, 'ડાર્લિંગ, તું બધાને તારો ડાન્સ બતાવીશ.' જૉકોવિચ બોલ્યો કે તરત જ કૅમેરા તેની દીકરી ટૅરા પર તાકવામાં આવ્યો હતો. ટૅરાએ ડાન્સ કરીને બધાને ખુશ કરી દીધા હતા. ■

# લિયોનેલ મેસીના બે ગોલ, માયામીની સતત ત્રીજી જીત

મૉન્ટ્રિયલઃ અમેરિકાની ઇન્ટર માયામી ફૂટબૉલ ક્લબની ટીમ અમેરિકામાં જ ચાલી રહેલા ફિફા ક્લબ વર્લ્ડ કપમાં પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી) સામે હારી જતાં સ્વદેશ પાછી આવી ગઈ છે, પરંતુ લિયોનેલ મેસીની આગેવાનીમાં આ ટીમે પાછા આવ્યા બાદ મેજર લીગ સૉકર (એમએલએસ)માં ફરી જીતવાનું શરૂ કરી દીધું છે. ખુદ મેસીએ શનિવારે બે શાનદાર ગોલ કરીને ઇન્ટર માયામીને વિજય અપાવ્યો હતો. આ ટીમે સીએફ મૉન્ટ્રિયલને ૪-૧થી હરાવી હતી અને માયામીની આ સતત ત્રીજી જીત હતી.

ક્લબ વર્લ્ડ કપમાં સેમિ ફાઇનલ તબક્કો આવી ગયો છે. મૅચની બીજી જ મિનિટમાં મૉન્ટ્રિયલના પ્રિન્સ ઑવુસુના ગોલથી મૉન્ટ્રિયલે ૧-૦થી સરસાઈ લીધી હતી. ૩૩મી મિનિટમાં મેસીએ ટૅડિયો ઍલન્ડેને ગોલ કરવામાં મદદ કરી હતી અને બન્ને ટીમ ૧-૧ની બરાબરીમાં થઈ ગઈ હતી. ત્યાર પછી મેસીએ ૪૦મી મિનિટે ગોલ કર્યો હતો અને સ્કોર મેસીની ટીમની તરફેણમાં ૨-૧ થઈ ગયો હતો. માયામીના ડિફેન્ડરોએ સંરક્ષણ મજબૂત બનાવી રાખી હતી અને ૬૦મી મિનિટમાં ટેલાસ્કો સેગોવિયાએ ગોલ કરીને માયામીની જીતનો માર્જિન ૩-૧નો કરી આપ્યો હતો. બે જ મિનિટ પછી (૬૨મી મિનિટમાં) મેસીએ બીજો ગોલ કર્યો છેવટે માયામીએ મૅચ ૪-૧થી જીતી લીધી હતી. મેસીએ એમએલએસની વર્તમાન સીઝનમાં ૧૪ મૅચમાં ૧૨ ગોલ કર્યા છે. ■

# સુરેશ રૈના ફિલ્મી પડદે જોવા મળશે! તમિલ ફિલ્મથી કરશે ડેબ્યૂ



ચેન્નઈઃ આઇપીએલની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ સ્ટાર એટલે કે સુરેશ રૈનાએ ક્રિકેટમાં હુન્નર પાથર્યો જ છે, પરંતુ હવે તે સિલ્વર સ્ક્રીન પર આગવી ઓળખ ઊભી કરવા તૈયાર છે. સુરેશ રૈના તમિલ ઈન્ડસ્ટ્રીની ફિલ્મથી ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે. તમિલનાડુમાં ખૂબ લોકપ્રિય રૈનાના આ ડેબ્યૂના સમાચારે ચાહકોમાં ઉત્સાહ જગાવ્યો છે.

આગામી સમયમાં સુરેશ રૈના ડ્રીમ નાઈટ સ્ટોરીઝ પ્રોડક્શનની એક તમિલ ફિલ્મમાં જોવા મળશે. પ્રોડક્શન હાઉસે ટીઝર શૅર કરીને રૈનાની કાસ્ટિંગની જાહેરાત કરી છે. ટીઝરમાં કેપ્શન પણ ટાંકવામાં આવ્યું છે, 'ડીકેએસ પ્રોડક્શન નંબર-૧માં ચિન્ના થલા સુરેશ રૈનાનું સ્વાગત.' ફિલ્મનું નામ હજી જાહેર થયું નથી, પરંતુ ટીઝરમાં રૈના ક્રિકેટ સ્ટેડિયમમાં ચાહકો સાથે એન્ટ્રી કરતા જોવા મળે છે.

સુરેશ રૈનાના તમિલ ફિલ્મ ડેબ્યૂના સમાચારે ચાહકોમાં ખુશીની લહેર લાવી છે. સોશિયલ મીડિયા પર ચાહકોએ ટીઝર પર કમેન્ટ્સ કરીને રૈનાને કૉલિવૂડમાં આવકાર આપ્યો. એક ચાહકે લખ્યું, "ચિન્ના થલા, કૉલિવૂડમાં સ્વાગત!" બીજાએ લખ્યું હતું કે "રૈના કૉલિવૂડમાં રાજ કરશે." એક યુઝરે લખ્યું, "૨૦૨૫ સરપ્રાઈઝથી ભરેલું છે!" ચાહકો રૈનાના નવા અવતારને જોવા ઉત્સુક છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| ઉર્વશી | લક્ષ્મણની પત્ની |
| ઉલૂપી | પુરુરવાની પત્ની |
| ઉર્મિલા | અર્જુનની પત્ની |
| ઉત્તરા | શિવજીના પત્ની |
| ઉમા | અભિમન્યુની પત્ની |

### ઓળખાણ પડી?



સંપ્રતિ રાજાએ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સ્થાપના કરી હતી એ અબડાસા દેરાસર ગુજરાતના ક્યા જિલ્લામાં છે એ જણાવો.

અ) જૂનાગઢ બ) કચ્છ ક) બનાસકાંઠા ડ) બોટાદ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઔ | ૨ ષ | ધિ | ૩ ય | | ૪ હ | કા | ૫ રા | ત્મ | ૬ ક |
| ૭ પ | ટ | | ૮ સ | ૯ રો | જ | | જ | | થા |
| ૧૦ ચા | ક | ૧૧ ર | | ગ | | ૧૨ જ | મા | | સા |
| રિ | | ૧૩ હ | સ્ત | પ્ર | ૧૪ ત | | ૧૫ તા | ૧૬ સી | ર |
| ૧૭ ક | ૧૮ ર | મ | | ૧૯ તિ | ર | થ | | ક | |
| | ૨૦ જ | ત | | ૨૧ કા | ણ | | ૨૨ દ | ર | ૨૩ જી |
| ૨૪ સં | ત | | ૨૫ હા | ર | | ૨૬ આ | ર | | વ |
| ચો | | ૨૭ મ | લ | ક | | ૨૮ સ | મા | ધા | ન |
| ૨૯ જ | રા | | | ૩૦ શ | ર | મા | ચો | | સં |
| ૩૧ ન | વ | ધા | ભ | ક્તિ | | ન | | ૩૨ વં | દ્યા |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | | | |
| ૧૬ | | ૧૭ | | ૧૮ | | | ૧૯ | | ૨૦ |
| | | ૨૧ | ૨૨ | | | | ૨૩ | | |
| ૨૪ | | | | | ૨૫ | | | | |
| | | ૨૬ | | | | | | | |
| ૨૭ | ૨૮ | | | | ૨૯ | | | ૩૦ | |
| ૩૧ | | | | | | | ૩૨ | | |

**આડી ચાવી**

૧. પ્રેક્ષણીય (૫)
૪. એકાએક, ઓચિંતું, અણધાર્યું (૪)
૭. ભીમનું શસ્ત્ર (૨)
૮. નાનું, લઘુ, (૩)
૯. વર્ષની ગણત્રી માટે વિક્રમ --- (૩)
૧૧. રામ-લક્ષ્મણને કેદ કરનાર --- રાવણ (૨)
૧૨. નવાઇ ઉપજાવે એવું (૩)
૧૪. વધારેલા દહીંનું ઘોળવું, ગરબડ (૨)
૧૫. ઝુંબેશ (૪)
૧૬. ગણતરી, પ્રતિષ્ઠા (૩)
૧૮. અભિપ્રાય (૨)
૨૧. ધિક્કાર (૩)
૨૩. અવાવરું (૩)
૨૪. મદદનીશ (૪)
૨૫. નશીલી (૩)
૨૬. સિંધમાં થતી દ્રાક્ષ (૪)
૨૭. કાર્યો (૨)
૨૯. તળિયું (૨)
૩૦. બે ખેતર વચ્ચે હોય (૨)
૩૧. પદ્ધતિ પ્રમાણે (૪)
૩૨. ઊંડું ધ્યાન (૩) (જો. છૂ.)

**ઊભી ચાવી**

૧. હરકિસન મહેતાની જાણીતી નવલકથા (૫)
૨. ટેક્ષ, દાણ, જકાત (૩)
૩. જયારે (૨)
૪. અમારું, અમે, અમારાથી (૨)
૫. ઉત્સાહ, કાળજી, ચેતવણી (૩)
૬. કવાલી ગાનાર (૩)
૮. નકામું, બોગસ (૪)
૧૦. વર્તનનો ઝોક (૩)
૧૧. પ્રિય, સંમત, માન્ય (૪)
૧૩. હાર (૨)
૧૭. જે લાયક નથી તે (૪)
૧૯. ઉંબરો (૪)
૨૦. અધૂરી (૬)
૨૨. નકલ કરનાર (૫)
૨૪. સરકારનું (૪)
૨૫. નિશાળ (૪)
૨૮. મૃત્યુ (૨)
૩૦. સ્ત્રી (૨)

### ગુજરાત મોરી મોરી રે

દેશસેવા, પ્રભુસેવામાં જીવન અર્પણ કરનારા તેમજ યુવાનોના જીવન ઉન્નત બનાવવાની કોશિશ કરનારા શ્રી મોટાનું અસલી નામ શું હતું ?

અ) ચુનીલાલ ભાવસાર બ) દુલેરાય કરાણી
ક) હિંમતલાલ દવે ડ) છોટાલાલ પરીખ

### માતૃભાષાની મહેક

નિરંજન એટલે પરમાત્મા. ત્રિગુણાતીત એટલે સત્ત્વ, રજસ અને તમસ એ ત્રિગુણી માયાના ત્રણે ગુણોથી પર તે નિરંજન કહેવાય. માયાનું અંજન પરમાત્માને લાગતું નથી, તેથી તે નિરંજન કહેવાય છે. નિરંજન શબ્દ નિર (વગરનું) + અંજન (અંધકાર)ના સંયોજનથી બન્યો છે.

### સુડોકુ-૯૦૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૨ | | ૬ | ૮ | | ૯ | |
| ૧ | | | ૨ | | ૯ | | | |
| | | | ૩ | | | | | ૬ |
| ૬ | | ૮ | | | | | ૭ | ૧ |
| | | ૧ | | | | ૯ | | |
| ૫ | ૪ | | | | | ૬ | | ૨ |
| ૮ | | | | | ૩ | | | |
| | | | ૭ | | ૧ | | | ૫ |
| | ૬ | | ૮ | ૪ | | ૭ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૧ | ૬ | ૯ | ૨ | ૫ | ૮ | ૪ |
| ૨ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ | ૧ | ૬ | ૯ |
| ૪ | ૯ | ૬ | ૫ | ૧ | ૮ | ૭ | ૩ | ૨ |
| ૫ | ૭ | ૪ | ૯ | ૩ | ૧ | ૮ | ૨ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૪ | ૮ | ૭ | ૩ | ૫ | ૧ |
| ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ | ૪ | ૭ |
| ૩ | ૪ | ૫ | ૧ | ૬ | ૯ | ૨ | ૭ | ૮ |
| ૬ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ | ૪ | ૧ | ૫ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૬ | ૯ | ૩ |

### ઈર્શાદ

તું એ વર્ષા છે કે એકાએક જે વરસી પડે છે,
મુજ તૃષા એવી જે બારે માસ ચાતક હોય છે.

– ગની દહીંવાળા

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'સાગર અને શશી કાવ્યનો રસાસ્વાદ માણવા જેવો છે' પંક્તિમાં શશી શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) વમળ બ) વિશાળ ક) ચંદ્ર ડ) શરદ

### માઈન્ડ ગેમ

જનક રાજાના અનુજ કુશધ્વજની પત્ની તેમજ ભરતની પત્ની માંડવી અને શત્રુઘ્નની પત્ની શ્રુતકીર્તિનાં માતુશ્રીનું નામ જણાવો.

અ) હેમા બ) ધન્યમાલિની
ક) ચંદ્રભાગા ડ) સુકેશી

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હેડકી | HICCUP |
| ભક્તિ | DEVOTION |
| સમર્પણ | DEDICATION |
| મંત્રોચ્ચાર | INCANTATION |
| ધ્યાન | MEDITATION |
| પૂજ્યભાવ | REVERENCE |

ઓળખાણ પડી?
પટવોં કી હવેલી

માઈન્ડ ગેમ
ઈલા વેંધર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
નજીક

ગુજરાત મોરી મોરી રે
ભાઈશ્રી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) લજીતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) નૂતન લિપીન શાહ (૧૧) જ્યોતી ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) ભાવના કર્વે (૧૫) જયંતી પદમશી ચીખલ (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) પ્રવીણ વોરા (૧૯) વીણા સંપટ (૨૦) દેવેન્દ્ર સંપટ (૨૧) અંબરીષ ઓઝા (૨૨) અંજુ ટોલીયા (૨૩) મહેશ દોશી (૨૪) અલકા વાણી સિડની (૨૫) કિશોર બી. સંઘરાજકા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ડાયના સંતોક (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) પુષ્પા ખોના (૩૦) નિતીન જયંતીલાલ બજેરીયા (૩૧) શિરીષ ઉદ્દેશી (૩૨) અરવિંદ કામદાર (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હીના દલાલ (૩૮) રમેશ દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) ગીતા ઉદ્દેશી (૪૨) પ્રતિમા પમાણી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ

# શિવસેના-યુબીટીના અનેક સાંસદો અને વિધાનસભ્યો મારા સંપર્કમાં: ગિરીશ મહાજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાજપના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને રવિવારે એવો દાવો કર્યો હતો કે શિવસેના (યુબીટી)ના અનેક સાંસદો અને વિધાનસભ્યો તેમના સંપર્કમાં છે, કેમ કે લોકોને ઉદ્ધવ ઠાકરેના નેતૃત્ત્વ પર વિશ્વાસ નથી.

રાજ્યમાં ત્રિભાષા નીતિના અમલ અંગેના વિવાદ વચ્ચે મહાજને આરોપ લગાવ્યો હતો કે ઉદ્ધવ ઠાકરે નપલટીબહાદુરથ (યુ-ટર્ન લેનાર) છે અને તેમનું વર્તન અપરિપક્વ હોવાનું જોવા મળ્યું હતું.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરે (૨૦૧૯માં) મુખ્ય પ્રધાન બનવાની ઘેલછામાં તેમના પિતા (શિવસેનાના સ્થાપક) બાળ ઠાકરેની વિચારધારાથી વિમુખ થઈ ગયા હતા અને તેમનું રાજકીય ભવિષ્ય બરબાદ કરી નાખ્યું હતું.

ભાજપના નેતાની આ ટિપ્પણીઓ ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેના બે દાયકામાં પહેલી વાર મુંબઈમાં એક રેલીમાં મંચ શેર કર્યાના એક દિવસ પછી આવી છે.

નઆજે પણ, ઉદ્ધવ ઠાકરે જૂથના ઘણા વિધાનસભ્ય અને સાંસદો મારા સંપર્કમાં છે,થ એમ મહાજને રવિવારે સોલાપુરમાં પત્રકારોને જણાવ્યું હતું. નજો તમને મારા પર વિશ્વાસ ન હોય, તો થોડી રાહ જુઓ તમે જાતે જોશો.

(જુઓ પાનું ૪) ▶▶

ટ્રાન્સપોર્ટરોની નારાજગી છતાં

# ઈ-ચલાન સમગ્ર મહારાષ્ટ્રમાં અમલમાં આવશે

મુંબઈ: ઈ-ચલાન અંગે ટ્રાન્સપોર્ટરોએ નારાજગી વ્યક્ત કરી હોવા છતાં મહારાષ્ટ્ર સરકાર અંદાજે બે હજાર કિલોમીટર રસ્તાઓને ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (આઇટીએમએસ) હેઠળ લાવવાની તૈયારીમાં છે. આ વ્યવસ્થા ટ્રાન્સપોર્ટરોને ટ્રાફિક નિયમોના ભંગ બદલ ચલાન જારી કરે છે.

હાલમાં મુંબઈ - પુણે એક્સપ્રેસવે પર અમલમાં રહેલી આઇટીએમએસ હવે આગામી ૧૫ મહિનામાં મુંબઈ ઉપરાંત પુણે, નાગપુર, મરાઠવાડા અને કોંકણ-પશ્ચિમ મહારાષ્ટ્ર વિસ્તાર સુધી વિસ્તૃત કરવામાં આવશે. અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર તેમાં થાણે - આચડ, મુંબઈ - કાગલ, નાસિક-ધૂળે, પુણે-સોલાપુર, પુણે-નાશિક, પુણે-છત્રપતિ સંભાજી નગર, નાગપુર-અકોલા, નાગપુર-ચંદ્રપુર તેમજ નાગપુર-દેવરી, એમ નવ મુખ્ય હાઈવે વિસ્તાર આવરી લેવામાં આવશે.

નવ રાજમાર્ગો પર અને બે સર્કલમાં બ્લેક્સ સ્પોટ્સ પર આઇટીએમએસ લાગુ કરવા માટેનો રૂ.૧૩૮૭ કરોડનો પ્રોજેક્ટ ઇન્ફ્રા

(જુઓ પાનું ૪) ▶▶

# બે દિવસમાં જ જળાશયોમાં ૧૦ ટકાથી વધુ પાણી જમા

## માત્ર ૪૮ કલાકમાં ૩૨ દિવસનું પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે અને પાલઘર જિલ્લામાં સતત પડી રહેલા વરસાદને કારણે મુંબઈને પાણી પુરવઠો કરનારા જળાશયોના કેચમેન્ટ એરિયામાં પાણીની સારી એવી આવક થઈ છે. માત્ર બે દિવસમાં જળાશયોમાં ૧૦ ટકાથી વધુ પાણી જમા થઈ ગયું છે. શુક્રવારે જળાશયોમાં ૫૦ ટકા પાણીનો જથ્થો હતો તે ૪૮ કલાકની અંદર જ ૬૦ ટકા સુધી પહોંચી ગયો હતો. માત્ર બે દિવસમાં ૧૦ ટકાથી વધુ પાણી જમા થઈ ગયું છે, જે ૩૨ દિવસ ચાલે એટલું છે. મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું છે, તેમાં પણ થાણે અને પાલઘર જિલ્લામાં ત્રણ-ચાર દિવસથી વરસાદ ચાલુ જ રહ્યો છે ત્યારે

(જુઓ પાનું ૪) ▶▶

| જળાશય | વર્તમાન સપાટી | છલકાવવાની સપાટી |
|---|---|---|
| અપર વૈતરણા | ૬૦૧.૫૦ | ૬૦૩.૫૧ |
| મોડક સાગર | ૧૫૯.૨૪ | ૧૬૩.૧૫ |
| તાનસા | ૧૨૫.૪૨ | ૧૨૮.૬૩ |
| મિડલ વૈતરણા | ૨૭૫.૫૦ | ૨૮૫.૦૦ |
| ભાતસા | ૧૨૭.૨૦ | ૧૪૨.૦૭ |
| વિહાર | ૭૭.૦૮ | ૮૦.૧૨ |
| તુલસી | ૧૩૫.૩૮ | ૧૩૯.૧૭ |

(તમામ આંકડા મીટરમાં)

### બેથી ત્રણ દિવસ વરસાદનું જોર રહેશે

મુંબઈમાં વહેલી સવારના વરસાદનું થોડું જોર રહ્યા બાદ આખો દિવસ છૂટોછવાયો વરસાદ રહ્યો હતો હવામાન વિભાગે સોમવાર માટે મુંબઈ અને થાણે અને પાલઘર માટે યલો અલર્ટની ચેતવણી આપી છે. મુંબઈ શહેરમાં સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં ૩.૦૮ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૧૯.૨૬ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૮.૨૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ બંગાળના ઉત્તરીય ભાગો અને આસપાસના વિસ્તારમાં દરિયાની સપાટીથી સરેરાશ ૫.૮ કિલોમીટર ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયુ છે. ઉત્તર ગુજરાતથી પશ્ચિમ બંગાળના ઉત્તરીય ભાગો અને મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ એક ટ્રફ છે.

# રાજ-ઉદ્ધવ સાથે આવ્યા બાદ ઊભા થયા પાંચ સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સમગ્ર મહારાષ્ટ્રનું ધ્યાન ખેંચનાર રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની સંયુક્ત સભા શનિવારે યોજાઈ ગઈ, ૨૦ વર્ષ પછી ઠાકરે ભાઈઓ ભેગા થયા હતા. તેથી, આ બેઠકે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. આ બેઠક પૂરી થઈ ગયા બાદ હવે રાજ્યના રાજકારણ સંબંધે કેટલાક સવાલો ઉપસ્થિત થઈ રહ્યા છે અને આગામી દિવસોમાં તેમના જવાબ મળશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. ખાસ કરીને આ બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ ભલે ગળું ખોંખારીને કહ્યું હોય કે બંને ભાઈઓ સાથે આવી ગયા છે, પરંતુ રાજ ઠાકરે હજી પણ ઘણા અવઢવમાં

(જુઓ પાનું ૪) ▶▶

# દહિસર ટોલનાકા પાસે વિચિત્ર અકસ્માતમાં ટોલ બૂથના કર્મચારીએ જીવ ગુમાવ્યો

## ટ્રેલરની બહારની તરફ રખાયેલા સામાન અને ટોલ બૂથ વચ્ચે કર્મચારી દબાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસર ટોલનાકા પરથી પસાર થનારા ટ્રેલરને કારણે થયેલા વિચિત્ર અકસ્માતમાં ટોલ બૂથ પરના કર્મચારીએ જીવ ગુમાવ્યો હતો. ટ્રેલરની બહારની તરફ જોખમી હાલતમાં રખાયેલા સામાનને કારણે ટૉલ બૂથ ઊંધું વળતાં રહી ગયું તો બૂથ અને સામાન વચ્ચે કર્મચારી દબાઈ ગયો હતો. દહિસર પોલીસના જણાવ્યા મુજબ શનિવારની વહેલી સવારે સાડાપાંચ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા કર્મચારીની ઓળખ નાગેશ નરસપ્પા ઉસીરલા (૩૮) તરીકે થઈ હતી. ઘટના બાદ ટ્રેલર સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હોઈ પોલીસે તેની શોધ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર નાગેશ તેના

(જુઓ પાનું ૪) ▶▶

# ૧૯૯૩નાં રમખાણોના કેસનો ફરાર આરોપી ૩૨ વર્ષે પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ૧૯૯૩માં થયેલાં કોમી રમખાણોના કેસમાં ૩૨ વર્ષથી ફરાર આરોપીને પોલીસે આખરે વડાલા પરિસરમાંથી પકડી પાડ્યો હતો.

વડાલા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ આરીફ અલી હશમુલ્લા ખાન (૫૪) તરીકે થઈ હતી. શનિવારે પકડાયેલા આરોપી ખાનને કોર્ટે અદાલતી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. ૧૯૯૩નાં કોમી રમખાણો બાદ ખાન વિરુદ્ધ વડાલા પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસની ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનો નોંધાયા બાદ આરોપી ખાનને કોર્ટમાં હાજર રહેવાની નોટિસ બજાવાઈ હતી. જોકે ખાન સુનાવણી દરમિયાન હાજર થતો નહોતો. પરિણામે કોર્ટે તેને ફરાર જાહેર કર્યો હતો. છેલ્લાં ૩૨ વર્ષથી ખાન સંતાતો ફરતો હતો. તાજેતરમાં

(જુઓ પાનું ૪) ▶▶

# સીએની પરીક્ષાનું પરિણામ જાહેર: મુંબઈનો રાજન કાબરા ટોપ પર

મુંબઈ: મે મહિનાની સીએ ફાઉન્ડેશન, ઇન્ટરમીડિયેટ અને ફાઇનલ પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની રાહનો અંત આવ્યો છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા એટલે કે આઈસીએઆઈએ ત્રણેય પરીક્ષાઓના પરિણામો એકસાથે જાહેર કર્યા અને ટોપર્સની યાદી પણ જાહેર કરી. અગાઉ, આઈસીએઆઈએ જાહેરાત કરી હતી કે ઇન્ટરમીડિયેટ અને ફાઇનલનું પરિણામ ૬ જુલાઈના રોજ બપોરે બે વાગ્યે અને ફાઉન્ડેશનનું પરિણામ સાંજે પાંચ વાગ્યે જાહેર કરવામાં આવશે, પરંતુ પરિણામો વહેલા જાહેર કરવામાં આવ્યા હતા.

વૃંદા અગ્રવાલ મે, ૨૦૨૫માં સીએ ફાઉન્ડેશનની ટોપર બની છે. તેણે ૪૦૦માંથી ૩૬૨ માર્ક મેળવ્યા છે. દિશા અનીશ (જુઓ પાનું ૪) ▶▶

# ચુનાભટ્ટીમાં રેલવે ક્રોસિંગ બંધ કરીને નવો રેલ ઓવર બ્રિજ બાંધવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બહુપ્રતિક્ષિત વિક્રોલી રેલ ઓવર બ્રિજનું કામ પૂરું કર્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાએ ચુનાભટ્ટી નવો રેલ ઓવર બ્રિજ બાંધવાની તૈયારી કરી છે. આગામી અઢી વર્ષમાં આ બ્રિજનું કામ પૂરું કરીને તેને વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. તમામ કરવેરા સાથે આ બ્રિજના બાંધકામ પાછળ લગભગ ૫૨.૫૩ કરોડ રૂપિયાનો ખર્ચો અપેક્ષિત છે.

હાર્બર લાઈનમાં ચુનાભટ્ટી રેલવે સ્ટેશન પાસેના ક્રોસિંગને બંધ કરીને ત્યાં રેલવે ઓવર બ્રિજ બાંધવાનું છેલ્લા અનેક વર્ષોથી પલિકા યોજના બનાવી રહી હતી. ચુનાભટ્ટી (જુઓ પાનું ૪) ▶▶

# બાળ યૌન શોષણના પીડિતો માટે 'મદદનીશ'ની નિમણૂક કરાશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બાળ યૌન શોષણનો ભોગ બનેલા લોકોને ભાવનાત્મક, માનસિક અને કાનૂની સહાય પૂરી પાડવા માટે 'મદદનીશ વ્યક્તિ'ની નિમણૂક કરીને તેમને સહાય પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે. મદદકર્તા વ્યક્તિઓ પીડિતોનું રક્ષણ કરશે અને તેમના માનસિક આઘાતને દૂર કરવા માટે તેમને તબીબી સહાય, સારવાર અને પરામર્શની સુવિધા આપશે. શુક્રવારે રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આ અંગેનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. ■

ડિજિટલ છેતરપિંડીમાં મુંબઈ પોલીસની પ્રશંસનીય કામગીરી

# ગોલ્ડન અવરને કારણે ત્રણ વર્ષમાં ૨૮૦ કરોડ રૂપિયા બચાવી લેવાયા

મુંબઈ: અત્યાધુનિક ઓનલાઈન છેતરપિંડી સામે વધતી જતી લડતમાં મુંબઈ પોલીસે નાગરિકોને 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડોથી બચાવવાના હેતુથી મોટા પાયે જાગૃતિ કાર્યક્રમ શરૂ કરી આવા અનેક પ્રયાસો નિષ્ફળ બનાવ્યા છે. આ પ્રયાસને કારણે કરોડો રૂપિયા છેતરપિંડી કરનારાઓના હાથમાં જતા અટકી ગયા છે. શહેર પોલીસે 'ડિજિટલ એરેસ્ટ'ના કેસો માટે એક ખાસ હેલ્પલાઇન નંબર બનાવ્યો ત્યારથી છ વરિષ્ઠ નાગરિકો એ પ્રકારની છેતરપિંડીથી બચી ગયા છે. મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીએ તાજેતરમાં જ કાર્યરત કરેલા પાંચ સાયબર પોલીસ સ્ટેશનોને આપેલા સ્પષ્ટ નિર્દેશ સાથે આ સક્રિય પગલું લેવામાં આવ્યું છે. એ અનુસાર અત્યંત મહત્ત્વના 'અમૂલ્ય કલાક' (ગોલ્ડન અવર)ની અંદર નાણાંની કોઈ પણ પ્રકારની હેરફેર અટકાવવા ડિસ્ટ્રેસ કોલ (આપત્તિમાં મદદ માટે કરવામાં આવેલ ફોન કોલ) પર તાત્કાલિક કાર્યવાહી કરો.

'ગોલ્ડન અવર' એ કટોકટીનો સમયગાળો છે જેમાં કાયદાના અમલીકરણ, બેંકો અને ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ વચ્ચેના સંકલિત પ્રયાસો કપટથી થતા નાણાકીય વ્યવહારોને સ્થગિત કરી શકે છે અથવા ગેરકાયદેસર ખાતાઓને અસરકારક રીતે અવરોધિત કરી શકે છે અથવા ગેરકાયદે એકાઉન્ટ્સ બિન અસરકારક બનાવી શકે છે.

પહેલી મેએ પોલીસ કમિશનરનો હોદ્દો સંભાળનાર દેવેન ભારતીએ તાજેતરમાં જણાવ્યું હતું કે 'અમે જૂન ૨૦૨૨થી અત્યાર સુધીમાં લોકોના ૨૮૦ કરોડ રૂપિયા બચાવવામાં સફળ રહ્યા છીએ. ગોલ્ડન અવર ચૂકી ન જવા પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાથી મુંબઈ પોલીસે વિવિધ બેન્કોમાં ૮૭.૯૯ કરોડ રૂપિયાની ટ્રાન્સફર અટકાવી રાખી અને પરિણામે એ સ્કેમ કરનારા લોકો પાસે પહોંચી નહીં.'

પોલીસ કમિશનરે ભારપૂર્વક જણાવ્યું હતું કે છેતરપિંડીનો ભોગ બનેલા તાત્કાલિક માહિતી આપે એ જરૂરી જો બળજબરી, ધાકધમકી કે દર બતાવી કરવામાં આવેલા ટ્રાન્ઝેક્શનના એક કલાકની અંદર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર એની જાણ કરવામાં આવે છે, તો રિકવરીની સંભાવના ખાસ્સી વધી જાય છે. (પીટીઆઈ)■



**જય હરિ વિઠ્ઠલ:** વડાલાના પ્રખ્યાત પ્રતિ પંઢરપુર મંદિરમાં રવિવારે અષાઢી એકાદશી નિમિત્તે વિઠ્ઠલ ભગવાનના દર્શન માટે ભક્તોની ભીડ જામી હતી. બાળકો 'વારકરી'ના વેશમાં દિંડીમાં જોડાયા હતા. (અમય ખરાડે)

# નિર્માણાધીન ફ્લેટ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ સહિયારુ ઘર ન કહેવાય: હાઈ કોર્ટ

મુંબઈ: ડોમેસ્ટિક વાયોલન્સ (ડીવી) એક્ટના અર્થઘટન પર એક મહત્ત્વના ચુકાદામાં બોમ્બે હાઈકોર્ટે ઠરાવ્યું છે કે કાયદા હેઠળ અંડર-કન્સ્ટ્રક્શન ફ્લેટને 'શેર્ડ હાઉસહોલ્ડ' (સહિયારું ઘર) ગણી શકાય નહીં અને એટલે કોઈ પણ પુરુષને અલગ રહેતી પત્નીના રહેઠાણના અધિકારને સુરક્ષિત રાખવા ઘર ખરીદીની બાકીની કિંમત ચૂકવવાની ફરજ ન પાડી શકાય.

ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેએ ગોરેગાંવની ૪૫ વર્ષની મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા શુક્રવારે આ આદેશ આપ્યો હતો. મહિલાએ અમેરિકામાં કામ કરતા ૫૫ વર્ષના સોફ્ટવેર એન્જિનિયર અને અલગ રહેતા પતિને મલાડ વેસ્ટના સંયુક્ત નામે બુક કરવામાં આવેલા ₹૩.૫૨ કરોડના ફ્લેટના બાકીના હપ્તાની ચુકવણી માટે નિર્દેશો માંગ્યા હતા. અદાલતે નોંધ્યું હતું કે ફ્લેટનો કબજો સોંપવામાં આવ્યો ન હોવાથી અને ચુકવણી બાકી હોવાથી ઘરેલુ હિંસા કાયદા, ૨૦૦૫ હેઠળ મહિલા સંરક્ષણ અધિનિયમની કલમ ૨ (એસ) ના અર્થમાં પ્રોપર્ટી સહિયારું ઘર (શેર્ડ હાઉસહોલ્ડ) ગણી શકાય નહીં.

આ દંપતીએ મે ૨૦૧૩માં લગ્ન કર્યા હતા અને શરૂઆતમાં થાણામાં ભાડાના ફ્લેટમાં રહેતા હતા. ■

# ઘાટકોપરમાં રમાબાઈ આંબેડકર નગર રિડેવલપમેન્ટ માટે ૮૪,૦૦૦ ચો. મીટર જમીન હસ્તગત

મુંબઈ: માતા રમાબાઈ આંબેડકર નગર પુનર્વિકાસ યોજના માટે ઘાટકોપરમાં ૮૪,૬૩૮.૭૨ ચોરસ મીટર જમીનનો કબજો મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ને મળી ગયો છે. બીજી ૭૧,૭૩૮.૭૩ ચોરસ મીટર જમીન ટૂંક સમયમાં એમએમઆરડીએના કબજામાં આવી જશે. આને પગલે રમાબાઈ આંબેડકર નગર પુનર્વિકાસ પ્રોજેક્ટ વેગ પકડશે.

ઘાટકોપરથી થાણા સુધીના ફ્રીવેના વિસ્તરણથી રમાબાઈ આંબેડકર નગરમાં ઝૂંપડાઓને અસર થશે. એમએમઆરડીએએ અસરગ્રસ્ત ઝૂંપડાઓ સહિત સમગ્ર રમાબાઈ આંબેડકર નગરનો પુનર્વિકાસ કરવાનો નિર્ણય લીધો છે. એ અનુસાર એમઆરએ ઓથોરિટી અને એમએમઆરડીએ દ્વારા સંયુક્ત ભાગીદારીના ધોરણે પણ આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ માટે બંને સરકારી એજન્સીઓ વચ્ચે સંયુક્ત કરાર પણ કરવામાં આવ્યા છે. એમઆરએ ઓથોરિટીની જવાબદારી પરિશિષ્ટ-૨ તૈયાર કરવાની, ઝૂંપડાં તોડી પાડવાની અને પ્લોટ ખાલી કરીને એમએમઆરડીએને સોંપવાની છે.■

એમએમઆરડીએ ૧૪ હજાર ઝૂંપડપટ્ટીવાસીઓના પુનર્વસન માટે જવાબદાર છે. એમઆરએ ઓથોરિટીએ લાયકાતના માપદંડ નક્કી કરીને મોટી સંખ્યામાં ઝૂંપડા તોડી પાડવાની કામગીરી પૂર્ણ કરી છે.

૧ હજાર ૪૫૦ કરોડના ખર્ચે ૨૨ માળની છ પુનર્વસન ઇમારતોનું નિર્માણ કરવામાં આવશે અને તેમાં ૪ હજાર ૫૩ ઘરનો સમાવેશ કરવામાં આવશે. આમ આ યોજના માટે ૮૪,૬૩૮.૭૨ ચોરસ મીટર જમીન પર કબજો કરી લેવામાં આવ્યો છે અને બીજી ૭૧,૭૩૮.૭૩ ચોરસ મીટર જમીન પર કબજો લેવામાં આવશે.

# અમદાવાદના રહેવાસી પાસેથી ૯.૬૬ કરોડનો ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર બૅન્ગકોકથી આવેલા અમદાવાદના રહેવાસીની ધરપકડ કરી તેની પાસેથી અંદાજે ૯.૬૬ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

કસ્ટમ્સ વિભાગના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) પકડી પાડેલા પ્રવાસીની ઓળખ મોહમ્મદ રુહાન શેખ (૩૧) તરીકે થઈ હતી. અમદાવાદના શાહપુર ખાતેના પિકોક એપાર્ટમેન્ટમાં રહેતો શેખ ઝટપટ નાણાં કમાવાની લાલચે ગાંજાની તસ્કરીમાં સંડોવાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ઈન્ડિગો ઍરલાઈન્સની ફ્લાઈટમાં બૅન્ગકોકથી આવનારા શેખ પાસે પ્રતિબંધિત ડ્રગ્સ હોવાની માહિતી એઆઈયુના અધિકારીને મળી હતી. માહિતીને આધારે શનિવારની રાતે મુંબઈના ઍરપોર્ટ પર પહોંચેલા શેખને આંતરવામાં આવ્યો હતો.

શેખ પાસેની કાળા રંગની ટ્રોલી બૅગની તપાસ કરવામાં આવી હતી. બૅગમાંથી પ્લાસ્ટિકની થેલીનાં ૨૦ પૅકેટ્સ મળી આવ્યાં હતાં. અધિકારીઓએ ફીલ્ડ ટેસ્ટિંગ કિટથી તપાસ કરતાં પૅકેટ્સમાં હાઈડ્રોપોનિક ગાંજો હોવાની ખાતરી થઈ હતી. ■



**સુરક્ષાર્થ:** પ્રવાસીઓની સુરક્ષા માટે રેલવે દ્વારા સમયાંતરે વિવિધ સમારકામ કરવા બ્લોક હાથ ધરવામાં આવતો હોય છે. રવિવારે માટુંગા અને મુલુંડ વચ્ચે બ્લોક લેવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# મલાડ-ખારમાંથી બે કરોડથી વધુનું કોકેન જપ્ત: બે નાઈજીરિયન પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ક્રાઈમ બ્રાન્ચની એન્ટી નાર્કોટિક્સ સેલ (એએનસી) અને ખાર પોલીસે શનિવારે કરેલી કાર્યવાહીમાં બે નાઈજીરિયન નાગરિકની ધરપકડ કરી બે કરોડથી વધુનું કોકેન જપ્ત કરાયું હતું.

એએનસીના વરલી યુનિટના અધિકારીઓ પેટ્રોલિંગ પર હતા ત્યારે મલાડ પશ્ચિમમાં માર્વે રોડ પરની જે. પી. કોલોની નજીક શનિવારની સાંજે સાડાસાત વાગ્યાની આસપાસ નાઈજીરિયન નાગરિક શંકાસ્પદ રીતે ફરતો નજરે પડ્યો હતો. શંકાને આધારે પોલીસે તાબામાં લઈ તેની પાસેની બૅગની તપાસ કરી હતી. બૅગમાંથી અંદાજે બે કરોડ રૂપિયાનું કોકેન ડ્રગ મળી આવ્યું હતું.

પકડાયેલા આરોપીની ઓળખ ફ્રેન્ક ચિબુજોર નનાદી (૪૩) તરીકે થઈ હતી. આરોપી હાલમાં મલાડના માર્વે રોડ પરની જ એક સોસાયટીના ફ્લૅટમાં ભાડેથી રહેતો હતો. આરોપી પાસેથી ભારતમાં વસવાટ સંબંધી કોઈ કાયદેસરના દસ્તાવેજો મળ્યા નહોતા. આરોપીની કાર અને ત્રણ મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

દરમિયાન ખાર પોલીસની ટીમે ખાર પશ્ચિમમાં રેલવે ફાટક નજીકથી રુબેન અજહ ઓકારો (૩૨)ની ધરપકડ કરી હતી. નાઈજીરિયન નાગરિક ઓકારો હાલમાં નાલાસોપારાના અગરવાલ રોડ ખાતે રહેતો હતો. તેની પાસેથી ૪.૫૮ લાખ રૂપિયાનું કોકેન મળી આવ્યું હતું. આરોપી કોકેન વેચવા ખાર આવ્યો હોવાનું તપાસમાં જણાયું હતું.■

# ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર મૂલ્યાંકન સમિતિની રચના

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૦ હેઠળ આવરી લેવામાં આવતી સેવાઓ માટે ટેન્ડર મૂલ્યાંકન સમિતિ બનાવી છે. ચોથી જુલાઈએ જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) મુજબ મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય હેઠળ આવરી લેવાતી સેવાઓ માટેની બોલીના મૂલ્યાંકનમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા જળવાઈ રહે એ માટે પેનલની રચના કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યા અનુસાર આ નિર્ણય ૧૭ જૂને જીઆર દ્વારા ઔપચારિક રીતે લેવામાં આવ્યો હતો, તે કાયદા હેઠળ ફરજિયાત વહીવટી પ્રક્રિયાઓ સાથે સુસંગત છે અને તેનો હેતુ ચૂંટણી પ્રક્રિયાઓ સાથે સંકળાયેલા કરારો માટે ટેક્નિકલ ચકાસણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે. રાજ્ય સરકારના સત્તાવાર પોર્ટલ પર પ્રકાશિત થયેલા આ જીઆરમાં બિડિંગ પ્રક્રિયામાં ભાગ લેનારા વિવિધ સર્વિસ પ્રોવાઇડર્સની લાયકાત અને પાલનનું મૂલ્યાંકન કરવા માટે સમિતિના આદેશની રૂપરેખા આપવામાં આવી છે. (પીટીઆઈ)■



રાજકોટમાં રવિવારે સાંજે જોરદાર વરસાદ પડતા શહેરના માર્ગો જળબંબાકાર થયા હતા...
(તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભચાઉમાં નંદીએ વૃદ્ધ વેપારીને શિંગડે ભરાવીને જમીન પર પટક્યા, ગંભીર રીતે ઘાયલ વેપારી સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરી વિસ્તારોમાં રખડતાં ઢોર અને તેનાથી થતાં માનવમૃત્યુ અને આર્થિક નુકશાન માટે ગુજરાત હાઈ કોર્ટે રાજ્ય સરકારને ફટકાર લગાવી હોવા છતાં નગરપાલિકાઓ અને મહા નગરપાલિકાઓ રખડતાં ઢોરની સમસ્યા કાબૂમાં લાવવામાં સદંતર નિષ્ફળ રહી છે તેના પુરાવા સમાન વધુ ઘટના કચ્છના ભચાઉ શહેર મધ્યે બનવા પામી હતી જેમાં લોકોની ભીડભાડથી સતત ગાજતા રહેતા રામવાડી વિસ્તારમાં ભૂરાંટા થયેલા કદાવર આખલાએ નજીકથી પસાર થઇ રહેલા ૬૪ વર્ષના વેપારી કીર્તિભાઈ મોહનલાલ ઠક્કરને શિંગડામાં ઉછાળી જમીન પર પટકી દેતાં તેમને માથા, હાથ અને પગમાં ગંભીર ઇજાઓ પહોંચી હતી.

અન્ય આખલાને કારણે માંડ બચેલા આ ઘાયલને તાત્કાલિક વાગડ વેલ્ફેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીધામની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ બનાવ ગત શનિવારે સવારના સાડા અગિયાર વાગ્યે બની હતી જેમાં કીર્તિભાઈ રામવાડી વિસ્તારમાંથી પગપાળા પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક એક આખલાએ તેમને શિંગડામાં લઈ ફૂટબોલની જેમ ઉછાળી, તેમને જમીન પર પટકતાં તેઓ બેશુદ્ધ જેવા થઇ ગયા હતા. તેઓ જમીન પર પડ્યા હતા ત્યારે અન્ય આખલો આવી ચડ્યો હતો અને આ બે આખલા યુદ્ધે ચડ્યા હતા. સદ્‌ભાગ્યે જંગે ચઢેલા નંદીઓ આગળ ચાલ્યા જતાં અન્ય લોકો હિંમત એકઠી કરીને પીડાથી કણસતા વેપારી પાસે દોડી આવ્યા હતા અને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ■

# દેવભૂમિ દ્વારકામાં સાની નદીના પૂરથી હાઈવે બંધ, બાદમાં રાબેતા મુજબ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં આવેલા ભાટિયાથી રાવલ હાઈવે પર બપોરના સમયે ભારે વરસાદના કારણે સાની નદીમાં પૂર આવ્યું હતું.

સૂર્યાવદરના પાટિયાથી રાવલ સુધીના કોઝવે પર પાણીનો પ્રવાહ ખૂબ જ વધી જતાં સલામતીના ભાગરૂપે આશરે બે કલાક સુધી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો.

સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરીને વાહનવ્યવહાર અટકાવવામાં આવ્યો હતો.

જોકે, પાણીનો પ્રવાહ ઓછો થતાં અને પૂરની સ્થિતિ હળવી બનતા બપોર બાદ આ રસ્તો ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

હાલમાં ભાટિયાથી રાવલ હાઈવે પર વાહનવ્યવહાર રાબેતા મુજબ ચાલુ કરી દેવામાં આવ્યો હતો. ■

# ભાવનગર જિલ્લામાં અડધાથી ચાર ઇંચ વરસાદ,વલભીપુરમાં ચાર ઇંચ ભાવનગર શહેરમાં ત્રણ ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં રવિવારે સાંજ સુધીમાં જ અડધાથી ચાર ઇંચ વરસાદ પડ્યો હતો. વલભીપુરમાં ચાર ઇંચ, ભાવનગર શહેરમાં ત્રણ ઇંચ,શિહોરમાં અઢી ઇંચ, પાલીતાણામાં એક ઇંચ અને જેસરમાં અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. ગોહિલવાડ પંથકમાં રવિવારે સવારથી જ વરસાદ શરૂ થયો હતો. બપોરે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સમગ્ર જિલ્લામાં અડધા ઇંચ થી ચાર ઇંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના વલભીપુરમાં અને ભાવનગર શહેરમાં બપોરે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો અને રસ્તા ઉપર પાણી ભરાઈ ગયા હતા. ભાવનગર શહેરમાં આતાભાઇ ચોકમાં અને ગઢેચી વડા ડીઆરએમ કચેરી પાસે વૃક્ષ ધરાશાયી થયું હતું



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

રવિવારે સાંજના ૬ વાગ્યા સુધીમાં ભાવનગર જિલ્લાના વલભીપુરમાં ૧૦૦, ઉમરાળા ૫૦, ભાવનગર શહેર ૭૩, ઘોઘા ૫૯ સિહોર ૬૫ ,ગારિયાધાર ૫, પાલિતાણા ૨૧, તળાજા ૬ અને જેસરમાં ૧૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ભાવનગર શહેરમાં મહત્તમ તાપમાન ૨૭.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી રહેવા રહેવા પામ્યું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૮ ટકા રહેવા પામ્યું હતું. ૧૨ કિ.મી. પ્રતિ કલાકની હતી. ■

# કચ્છમાં વરસાદી ઝાપટાં યથાવત્, માતાના મઢ અને ઘડુલીમાં બે ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: બંગાળની ખાડી પર સર્જાયેલાં હવાના હળવા દબાણની અસર હેઠળ દક્ષિણ ગુજરાતના અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં પલટાયેલા હવામાનની સંગાથે મેઘતૃષ્ણાનાં મુલક સમા કચ્છના પૂર્વ તરફના મથકોમાં વાદળ, વંટોળ, વીજ ચમકારા અને મેઘગર્જના સાથે આવેલા વરસાદના ઝાપટાઓએ દબદબો યથાવત્ રાખ્યો છે. વરસાદી વાદળો પૂર્વ દિશાએથી આવ્યાં હતાં પણ તે પશ્ચિમ દિશા તરફથી અચાનક આવી ચડ્યાં હતાં.

નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં ગૌધુલીક સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને અંદાજે બે ઇંચ જેટલા વરસાદની ધોધમાર ઝડી વરસતાં રસ્તાઓ-પગદંડીઓ પરથી જોશભેર પાણી વહી નીકળ્યાં હતાં. આ ઉપરાંત લખપતના દયાપર સહિત આ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હોરર ફિલ્મની યાદ અપાવે તેવી વીજળીના ચમકારા અને મેઘગર્જનાને લઇને લોકોમાં ગભરાટ



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભૂજ)

પણ ફેલાયો હતો. કચ્છના કુળદેવીમાં આશાપુરાના સ્થાનક માતાના મઢ તેમજ રાપરના ઘડુલીમાં બેથી અઢી ઇંચ જેટલો વરસાદ ખાબકતાં મુખ્ય બજાર અને નિંચાણવાળા વિસ્તારો જળમગ્ન થયા હતા. આ ઉપરાંત નારાયણ સરોવર, કોટેશ્વર, લકી, પીપર સહિતના કાંઠાળ વિસ્તારોમાં દિવસભર ઝાપટાઓનો દૌર યથાવત રહ્યો હતો. બીજી તરફ, પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા, કોઠારા અને તેની આસપાસના મથકોમાં નોંધપાત્ર મેઘ મહેર થતાં ગ્રામીણોમાં ખુશીની લાગણી છવાઇ હતી. બાકી ભુજ, અંજાર, ભચાઉ, માંડવીમાં ઝરમર કે ઝાપટાં રૂપે મેઘરાજાની હાજરી જોવા મળતાં સચરાચર વરસાદની આશા સેવી રહેલા લોકો થોડા નિરાશ થયા હતા. ■

# સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ બીજી વખત છલકાયો: ૫૯ દરવાજા ખોલાયા, ૧૭ ગામોને એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ તારીખ ૬ જુલાઇ રવિવારના રોજ સાંજે પાંચ કલાકે ૧૦૦ ટકા ભરાઈ ગયો હતો. શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાતા પાલિતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા હતા. છેલ્લા થોડા દિવસથી ભાવનગર જિલ્લામાં તેમજ પાલિતાણા અને તળાજા તાલુકાના ગામડાઓમાં વરસાદ પડી રહ્યો હોય, શેત્રુંજી ડેમમાં પાણીની સારી આવક થતા તારીખ ૬ જુલાઇના સાંજે પાંચ કલાકે શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો હતો.



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે આવેલો સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ ફરી એકવાર ૧૦૦ ટકા ભરાઈને છલકાઈ ગયો હતો. આ ચોમાસાની સિઝનમાં ડેમ બીજી વખત ઓવરફ્લો થયો હતો, જે સારા વરસાદનો સંકેત છે. ડેમ ભરાઈ જતાં, પાણીના નિયમન માટે તેના ૫૯ દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. શેત્રુંજી ડેમમાં હાલ પણ ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ૧૮૦૦ ક્યુસેક પાણીની સતત આવક ચાલુ છે.

ડેમના દરવાજા ખોલવામાં આવતા, નીચાણવાળા વિસ્તારોમાં આવેલા પાલિતાણા અને તળાજા તાલુકાના ૧૭ ગામને તંત્ર દ્વારા એલર્ટ કરવામાં આવ્યા હતા. નદી કિનારે રહેતા લોકોને અને માછીમારોને સાવચેત રહેવા તથા નદીમાં ન જવા સૂચના આપવામાં આવી હતી. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ■

# દ્વારકામાં મેઘતાંડવ: બે કલાકમાં સાડા ત્રણ ઇંચ વરસાદથી રાજમાર્ગો પર નદીઓ વહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: યાત્રાધામ દ્વારકામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. સવારના આઠ વાગ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થયો હતો, જેમાં માત્ર બે કલાકમાં સાડા ત્રણ ઇંચ અને બપોર સુધીમાં કુલ સાડા ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો, જેના કારણે શહેરના મુખ્ય માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતા અને નીચાણવાળા વિસ્તારો સંપૂર્ણપણે જળમગ્ન બની ગયા હતા.

તોતાદ્રી મઠ, ગુરુદ્વારા, ઇસ્કોન ગેટ અને ભદ્રકાળી ચોક જેવા નીચાણવાળા વિસ્તારોમાં એક તબક્કે ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું હતું.

સવારથી શરૂ થયેલા આ મુશળધાર વરસાદને કારણે યાત્રિકો તેમ જ સ્થાનિક લોકોમાં ક્ષણિક ભયનો માહોલ જોવા મળ્યો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ મેઘરાજાની મહેર યથાવત રહી હતી. ખાસ કરીને કલ્યાણપુર તાલુકામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. વરસાદની તોફાની બેટિંગ વચ્ચે દ્વારકા-સોમનાથ હાઈવે પર નાવદ્રાના પાટિયા પાસેથી પસાર થઈ રહેલી એક કાર પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ હતી. સદનસીબે, કારચાલક સમયસર બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

ઉલ્લેખનીય છે કે, કલ્યાણપુરમાં છેલ્લા બે દિવસમાં સાડા સાત ઇંચ જેટલો ધીંગો વરસાદ વરસી ચૂક્યો છે. ગ્રામ્ય પંથકમાં પણ અવિરત વરસાદના કારણે ચેકડેમો, તળાવો, નદી-નાળા છલોછલ ભરાઈ ગયા છે અને કેટલાક માર્ગો પર પણ પાણી ફરી વળ્યા છે. ■

# વિદેશમાં નોકરી અપાવી દેવાના નામે લોકો પાસેથી ૬૫ લાખથી વધારે રકમ પડાવનારી ત્રિપુટી ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાંથી સિસલ્સ,ઇથોપિયા, ન્યૂઝીલેન્ડ, લંડન જેવા દેશોમાં નોકરી અપાવી દેવાના નામે માધાપરમાં ગ્રીન વર્લ્ડ ટૂર એન્ડ ટ્રાવેલ્સ નામની બોગસ પેઢી ખોલીને ભોળા લોકો પાસેથી નાણાં ખંખેરી લેતા માનકુવાના આનંદ ઉર્ફે લાલો હસમુખ કોટક, ગાંધીધામના ડાયા ગાભા રાજપૂત અને ભારાસરના અકબરઅલી મામદ આમદ બાફણને સ્થાનિક પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બે જણને અમદાવાદ અને એકને ક્રાફ્ટ વિલેજ તરીકે ઓળખાતા ભુજોડીથી ઝડપી લીધો હતો, એક હજુ પણ ફરાર છે.

ગત ૨૨મી મેના રોજ હસમુખ હરજી સુથારે માધાપર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, વિવિધ દેશોમાં કામ અપાવી દેવાની સ્થાનિક અખબારમાં જાહેરાત જોઈને ગ્રીન વર્લ્ડ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના આરોપીઓનો તેમણે સંપર્ક કર્યો હતો. તેમની વાતોમાં આવી જઈને ૨.૪૯ લાખ રૂપિયા આપ્યા હતા. થોડા દિવસો બાદ આ ઓફિસને તાળાં લાગી ગયાં હતાં. આ ગુનો નોંધાયા બાદ અન્ય લોકો પણ સામે આવ્યા હતા અને ઠગાઈનો આંકડો ૧૫.૩૦ લાખથી વધારે થયો હતો. પોલીસે તપાસ કરતા આરોપી આનંદ અમદાવાદની ભાગ્યોદય હોટલમાં હોવાનું જાણવા મળ્યા બાદ તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. પૂછપરછ કરતા માનકુવાના દિનેશ દેવજી ભદ્રા સહીત ચારેય આરોપીઓએ મળીને વિદેશમાં નોકરી આપવાની લાલચે લોકો પાસેથી કુલ રૂપિયા ૬૫ લાખ પડાવ્યા હોવાની કેફિયત આપી હતી. પોલીસે ડાયાને પણ અમદાવાદ ખાતેથી ઝડપી લીધો હતો જ્યારે અકબરઅલી ભાગવાની ફિરાકમાં હતો ત્યારે ભુજોડી પાસેથી ખાસ ઓપરેશન હાથ ધરીને પકડી હતો, દિનેશને ઝડપી લેવા તપાસ ચાલુમાં હોવાનું જાણવા મળ્યું હતું. ■

# કચ્છની આડેસર ચેકપોસ્ટ પાસેથી ૧૯.૧૧ લાખનો અંગ્રેજી શરાબ જપ્ત

## ડુમરા- કોટાયા માર્ગ પર કારમાંથી ૯૯ હજારનો દારૂ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છ નશાખોરીનું જાણે હબ બની રહ્યું હોય તેમ લગભગ દરરોજ ડ્રગ્સ, શરાબ જેવા માદક પદાર્થો ઝડપાતા રહે છે તેવામાં વાગડ પંથકની આડેસર ચેકપોસ્ટ ખાતેથી પસાર થયેલી ટ્રકમાંથી મગફળીના કોથળાઓમાં છપાવાયેલો રૂ.૧૯,૧૧,૩૬૦ લાખના મૂલ્યનો શરાબનો જથ્થો સ્થાનિક પોલીસે ઝડપી પાડીને ટ્રક ચાલકની ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી અંગે આડેસર વિસ્તારના પોલીસ ઇન્સ્પેક્ટર જે.એમ. વાળાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, સાંતલપુરથી આડેસર તરફ આવતી ટ્રકમાં અંગ્રેજી દારૂનો જથ્થો હોવાની તેમને મળેલી પૂર્વ બાતમીના આધારે આડેસર પોલીસે આડેસર ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન બાતમી મુજબની પસાર થયેલી ટ્રકને રોકાવીને હાથ ધરેલી તપાસમાં બીયરના ૫૦૦ એમએલના ૭૬૮ ટીન કિં. રૂ.૧,૬૮,૯૬૦, વ્હીસ્કીની ૭૫૦ એમએલની ૨૪૦ બોટલ કિં. રૂ.૨,૬૪,૦૦૦, વાઈટસેસ વોડકા ઓરેન્જ ફ્લેવર ૭૫૦ એમએલની બોટલ નંગ ૫૮૮ કિં. રૂ.૬,૪૬,૮૦૦ તથા સ્પેશિયલ વ્હીસ્કીની ૭૫૬ બોટલ કિં. રૂ.૮,૩૧,૬૦૦નો મુદ્દામાલ હસ્તગત કરાયો હતો.

આ કાર્યવાહીમાં વાહનચાલક જાનુખાન અલીખાન મથુજા મહેર પઠાણની ધરપકડ સાથે ટ્રક કિં. રૂ.૧૫ લાખ, મગફળીના કોથળા નંગ. ૨૩૨ કિં. રૂ.૫.૮૦ લાખ, પાંચ હજારનો મોબાઈલ ફોન, સહિત કુલ રૂ.૩૯,૬૯,૩૯૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. દારૂનો જથ્થો મોકલનારા બાલોત્રા જિલ્લાના આરોપી સુનીલ ચૌધરી તથા અંગ્રેજી દારૂ મંગવનારા આરોપીને પકડી પાડવા માટે કવાયત હાથ ધરાઈ છે.

બીજી તરફ, પશ્ચિમ કચ્છ સ્થાનિક ગુન્હાષિધક શાખાએ ડુમરા ગામથી કોટાયા વચ્ચેના ધોરીમાર્ગ પરથી કારમાં સંતાડવામાં આવેલો રૂ.૯૯,૧૬૦નો અંગ્રેજી શરાબના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. ડુમરાથી કોટાયા વચ્ચે આવેલા એક પેટ્રોલ પંપની પાછળ નિર્જન જગ્યાએ વેગન આર કારમા રાખવામાં આવતા શરાબનું છૂટક વેચાણ થતું હોવાની પૂર્વ બાતમીના આધારે એલસીબીએ દરોડો પાડ્યો હતો જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૭૮ બોટલ કિં. રૂ.૮૮૬૦૦ તથા બીયર ટીન નંગ. ૪૬ કિં.રૂ.૧૦૫૬૦ મળી આવ્યો હતો. ■

# ભુજમાં સ્નેક રેસ્ક્યૂઅરને કોબ્રાએ ડંખ માર્યો

## સમયસર સારવાર મળી જતાં યુવકનો જીવ બચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વરસાદની પધરામણી સાથે વીંછી તેમજ સર્પદંશના બનાવો વધ્યા છે. ભુજના સાપ પકડવા માટે જાણીતા એવા ૩૨ વર્ષીય રિઝવાન મેમણને રેસ્ક્યુ ઓપરેશન દરમ્યાન અત્યંત ઝેરીલા કોબ્રા સર્પે હાથ પર ડંખ મારી દીધો હતો, જો કે સમયસરની સારવાર મળી જતાં આ યુવકનો જીવ બચી જવા પામ્યો હતો.

આ ઘટના અંગે હોસ્પિટલના બિછાને સારવાર મેળવી રહેલા રિઝવાને જણાવ્યું હતું કે, ભુજ-માધાપર માર્ગ પર આવેલી ડોલર હોટલ પાછળ સ્કોર્પિઓ જીપકારની ચેસિસમાં ફસાયેલા ઝેરી કોબ્રાને બચાવવા માટે તેને બોલાવાયો હતો. એક-દોઢ કલાકની ભારે જહેમત બાદ કોબ્રાને ગાડીની નીચેથી બહાર કાઢી લેવાયો હતો, જો કે તેને ડબ્બામાં મૂકતી વખતે ગભરાયેલા કોબ્રાએ તેના હાથ પર ડંખ મારી દેતાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

રિઝવાનને તાત્કાલિક ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અહીં તેને ઝેર ઉતારવાનું ઇન્જેક્શન એન્ટી વેનમ અપાયું હતું. હાલ તેની સારવાર ચાલી રહી છે અને તબિયત સ્થિર છે. રિઝવાને ઉમેર્યું હતું કે, અંદાજે ૧૨ વર્ષના આ કાર્ય દરમિયાન ૭૦૦૦થી પણ વધારે સર્પોને બચાવ્યા છે જેમાં આ પ્રથમ વખત કોઈ સાપે અને તે પણ અત્યંત ઝેરીલા કોબ્રાએ તેને ડંખ માર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિઝવાન ઝેરી અને બિનઝેરી સાપ ઓળખવામાં પારંગત છે. તેઓ કોલ પર તરત જ પહોંચી જાય છે અને સર્પને પકડીને સુરક્ષિત રીતે છોડી આવે છે. ■

# રાજકોટની ખાનગી હૅસ્પિટલમાં બાયપાસ સર્જરી બાદ દર્દીનું મોત

## પરિવારજનો દ્વારા બેદરકારીના આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના માધાપર ચોકડી પાસે આવેલી યુનિકેર હૉસ્પિટલ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. વાંકાનેરના ૪૪ વર્ષીય રાજેશ ગોસ્વામી નામના દર્દીનું બાયપાસ સર્જરી દરમિયાન મૃત્યુ થતાં તેમના પરિવારજનોએ હૉસ્પિટલ અને ડૉક્ટર પર ગંભીર બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. પરિવારજનોએ જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. મૃતકના ભાઈએ કહ્યું હતું કે, તેમના ભાઈને હૃદયની નળીમાં સારવાર માટે યુનિકેર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમની બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે સર્જરીમાં ૧૨ કલાકથી વધુ સમય લાગ્યો હતો અને ડૉક્ટરની બેદરકારીને કારણે તેમના ભાઈનું મૃત્યુ થયું છે. તેમણે એમ પણ જણાવ્યું કે હૉસ્પિટલ દ્વારા સારવારમાં કેટલો સમય લાગશે તે અંગે કોઈ જાણ કરવામાં આવી ન હતી અને બ્લડ ચડાવવા માટે છેલ્લી ઘડીએ પેમેન્ટ માગવામાં આવ્યું હતું. પરિવારની માગણી છે કે મૃતદેહનું પેનલ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવે અને રાજ્ય સરકાર દ્વારા સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવે. ■